CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૯૯
તા.૦૭-૧૧-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૪ કારતક વદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૬ સૂર્યાસ્ત : ૦૬:૦૬

તાપમાન: ડીસા ૩૪.૨, અમદાવાદ ૩૨.૮, ગાંધીનગર ૩૪.૦, વડોદરા ૩૪.૦, સુરત ૩૩.૪, નલિયા ૩૫.૮

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# પનામા બાદ હવે ફુટયો 'પેરેડાઇઝ બૉંબ' : ૭૧૪ ભારતીયોના નામ



નવીદિલ્હી

પનામા પેપર્સ પર રચવામાં આવેલી મલ્ટિ એજન્સી દ્વારા પેરાડાઇઝ પેપર્સમાં તપાસ કરવામાં આવશે. આ મામલામાં પણ તેને જ તપાસની જવાબદારી સોંપવામાં આવી છે. સત્તાવાર સૂત્રો તરફથી આજે આ અંગેની માહિતી આપવામાં આવી હતી. ઈન્ટરનેશનલ કન્સોર્ટિયમ ઓફ ઈન્વેસ્ટી ગેટિવ જર્નાલિસ્ટ તરફથી લીક કરવામાં આવેલા પેરાડાઇઝ પેપરમાં ૭૧૪ ભારતીય લોકોના નામનો ઉલ્લેખ કરાયો છે. પનામા પર રચવામાં આવેલી મલ્ટિ એજન્સી સંસ્થા દ્વારા હવે આ મામલામાં પણ તપાસ કરવામાં આવનાર છે. સુત્રોનું કહેવું છે કે, છેલ્લા વર્ષે એપ્રિલ મહિનામાં જ કેટલાક ભારતીયો દ્વારા વિદેશમાં નાણા જમા કરવા સાથે સંબંધિત પનામા પેપર્સની તપાસ માટે મલ્ટિ એજન્સી ગ્રુપની રચના કરવામાં આવી હતી.

હવે પેરાડાઇઝ પેપર્સની તપાસની જવાબદારી પણ આ ગ્રુપને સોંપવામાં આવી છે. મલ્ટી એજન્સી ગ્રુપમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી) ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ફાઈનાન્સિયલ ઈન્ટેલીજન્સ યુનિટ અને આરબીઆઈ ઉપરાંત અન્ય કેટલીક સંસ્થાઓના અધિકારી પણ આમા સામેલ છે. આ પેનલ એવા ૭૧૪ લોકોના અને કંપનીઓના ઈન્કમટેક્સ રિટર્નમાં તપાસ કરશે.

અનુસંધાન પાના નં.૬

## આજથી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન શરૂ : સુશાસનની સિદ્ધિ રજૂ કરાશે

અમદાવાદ

છેલ્લા બે દિવસથી ગુજરાતમાં ઝંઝાવતી પ્રચાર કરી રહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ એક દિવસના વિરામ બાદ આવતીકાલે મંગળવારે ફરીથી પ્રદેશના ત્રણ દિવસના પ્રવાસ પર છે. આવતીકાલથી અમિત શાહ ફરી ઝંઝાવતી પ્રચાર કરીને પાર્ટીના કાર્યકરો અને હોદ્દેદારોને જરૂરી માર્ગદર્શન આપનાર છે. ગુજરાતમાં ૧૫૦થી વધુ બેઠકો જીતવાના મક્કમ ઈરાદા સાથે ભાજપ પ્રમુખ અમિત શાહ આવતીકાલે સવારે નવ વાગે અમદાવાદના નારણપુરાથી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો શુભારંભ કરાવશે. આવતીકાલથી ૧૨મી નવેમ્બર સુધી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન ચાલનાર છે જેમાં વડાપ્રધાનના સંદેશને જનજન સુધી પહોંચાડશે. રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશના નેતાઓ ઘરે ઘરે જઇને સંપર્ક કરશે. ભાજપના સુશાસનની સિદ્ધિઓ પ્રજા વચ્ચે લઇ જવાશે. આ અંગે ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ આજે જણાવ્યું હતું કે, ભાજપ ૨૦૧૭ની ચૂંટણીમાં જન જન સુધી શાસનની સિદ્ધિઓ પહોંચાડવા ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન યોજશે. મહાસંપર્ક અભિયાન દરમિયાન ગુજરાતના ગૌરવ, ગુજરાત અને દેશનું નામ, સમગ્ર વિશ્વમાં ભારતની બોલબાલા સહિત મોદીના સંદેશા લોકો સુધી પહોંચાડવામાં આવશે. મોદીનો જનતા જનાર્દનને ઉદેશીને કરાયેલો સંદેશો પહોંચાડવામાં આવશે. જાડેજાએ અભિયાનની વિગત આપતા કહ્યું હતું કે, ઘર ઘર ચલો અભિયાનના રાજયવ્યાપી કાર્યક્રમમાં રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશના નેતાઓ સમગ્ર રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં જોડાશે. જનતાનું અભિવાદન કરી વિજય ભવના આશીર્વાદ મેળવશે. પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ અમદાવાદમાં, મુખ્યમંત્રી રૂપાણી આવતીકાલે રાજકોટમાં રહેશે. અમિત શાહે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રસંગે સંગઠનની ચૂટણી તૈયારી ચુસ્ત કરવાના હેતુસર શનિવારના દિવસે ગાંધીધામ, કચ્છ, મોરબી, સુરેન્દ્ર નગર, બાવનગર શહેર, જિલ્લા, બોટાદ, અમરેલી અને અમદાવાદમાં પાર્ટીના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ રવિવારના દિવસે વલસાડ, નવસારી, ડાંગ, પંચમહાલ, દાહોદ, સાંબરકાઠા, અને અરવલ્લીમાં કાર્યકરો, હોદ્દેદારોને પ્રચંડ જીત અપાવવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ.

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### સૂકી જીવનલીલા

એક અપૂજ શિવાલય.

એ શિવાલયમાં જલાધારી ખરી પણ એમાં પાણી જ નહી.

શિવાલયની દીવાલોમાં તિરાડ અને તિરાડમાં સૂકું ઘાસ.

ઘુમ્મટ પરના નકશીકામમાં એકઠી થયેલી કબૂતરોની વિષ્ટા વરસાદ પડે ત્યારે ધોવાતી રહે છે. શિવાલયમાં ઘંટ ખરો પણ આસપાસના સૂનકાર આગળ ઘંટ પણ લાચાર. નંદિ પર ચકલી બેસે તોય નંદિ તો નહીં હાલે કે નહીં ચાલે.

જડ અને ચેતનની ભાઈબંધી.

મૌન અને શબ્દની જુગલજોડી.

ઘંટની ઝાલર પર કાબર બેસે છે પણ ઘંટનું મૌન તૂટતું નથી અને શિવનું મૌન છૂટતું નથી. શિવાલયમાં આવ- જા કરતા વાયરાને રવાડે ઘઢી ગયેલો ઘંટ ક્યારેક રણકી ઊઠે છે.

એક દિવસ વહેલી સવારે કોઈ રડ્યોખડ્યો ભકત બીલીપત્ર લઈને આવી પહોંચે છે અને જલધારીમાંથી ભીનાશ ટપકતી રહે છે. થોડીક અભિષિકત પળો માટે શિવાલયમાં અડ્ડો જમાવીને પડેલો સૂનકાર ભીનો ભીનો બની રહે છે.

ગુણવંત શાહ

## સાર સમાચાર...

### ભારત-ન્યુઝીલેન્ડની વચ્ચે આજે અંતિમ ટ્વેન્ટી જંગ

થિરુવંતનપુરમ

થિરુવંત નપુરમના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ મેદાન ખાતે આવતીકાલે ત્રીજી અને અંતિમ ટ્વેન્ટી મેચ રમાનાર છે. બંને ટીમો એક એક મેચ જીતી હોવાથી નિર્ણાયક ટ્વેન્ટી મેચ રોમાંચક બની રહે તેવી શક્યતા છે. બીજી ટ્વેન્ટી મેચમાં ન્યુઝીલેન્ડે ભારત ઉપર સરળરીતે જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે ૨૦ ઓવરમાં ૧૯૬ રન બનાવ્યા હતા. જેમાં કોલિન મુનરોએ ઝંઝાવાતી સદી ફટકારી હતી. આ અગાઉ પ્રથમ ટ્વેન્ટી મેચમાં ભારતે જીત મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રથમ ટ્વેન્ટી મેચમાં ભારતે શાનદાર દેખાવ કરીને ન્યુઝીલેન્ડ ઉપર જીત મેળવી હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ આ મેચને લઈને પણ ખુબ આશાવાદી છે. પ્રથમ મેચમાં ભારત તરફથી શિખર ધવન અને રોહિત શર્માએ ધરખમ બેટિંગ કરી હતી. આવતીકાલની મેચમાં પણ સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

અમદાવાદ સ્થિત કોંગ્રેસ ઓફિસ પર પત્રકાર પરિષદ યોજશે

## ગુજરાત ચૂંટણી : મનમોહનસિંહ આજે જીએસટી મુદ્દે પ્રહાર કરશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર જારી છે ત્યારે ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ આવતીકાલે અમદાવાદ પહોંચી રહ્યા છે. અમદાવાદમાં મનમોહનસિંહ અર્થતંત્ર અંગે વિસ્તારપૂર્વક વાત કરીને જીએસટી તેમજ નોટબંધી મુદ્દે સરકાર પર પ્રહારો કરનાર છે. સિંહ નોટંધી અને જીએસટી મુદ્દે જ મોટા ભાગે વાતચીત દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરનાર છે. સિંહ પત્રકાર પરિષદ અને જાહેર કાર્યક્રમ પણ કરનાર છે. રાજકોટ, સુરત અને અમદાવાદ સહિત ગુજરાતમાં ૨૫ સ્થળો પર વેપારીઓ સાથે કોંગ્રેસ પાર્ટીએ બેઠકો કરી છે. કોંગ્રેસના નેતાઓનુ કહેવુ છે કે મનમોહનસિંહને બોલાવવા માટેની વિનંતિ પણ કરવામાં આવી હતી. વેપારીઓ તરફથી રજૂઆત કરવામાં આવ્યા બાદ રાહુલ ગાંધીએ મનમોહનસિંહ સાથે વાતચીત કરી હતી. આખરે મનમોહનસિંહ રાહુલની વાત માની ગયા છે અને પ્રચાર કરવા માટે તૈયાર થયા છે. અર્થશાસ્ત્રી તરીકે મનમોહનસિંહની વિશ્વમાં પ્રતિષ્ઠા છે. આવી સ્થિતીમાં તેમના નિવેદન પર તમામની નજર રહેશે. કોંગ્રેસ પાર્ટી ચૂંટણી પ્રચાર દરમિયાન જીએસટી અને નોટબંધીને જોરદાર રીતે ચગાવવા માટે કમરકસી ચુકી છે. આવી સ્થિતિમાં મનમોહનસિંહ અર્થશાસ્ત્રી હોવાના લીધે આ મુદ્દે ખુબ જ તર્કદાર નિવેદન કરી શકે છે. કોંગ્રેસ પાર્ટી પહેલાથી જ કહી ચુકી છે કે, જીએસટીના પરિણામ સ્વરુપે ગુજરાતના વેપારીઓને મોટાપાયે નુકસાન થયું છે. આ સંબંધમાં રાહુલ ગાંધી બુધવારના દિવસે સુરત પહોંચી રહ્યા છે. સુરતમાં રાહુલ ત્રીજી નવેમ્બરના દિવસે પણ રેલી કરી ચુક્યા છે. કોંગ્રેસની સતત રેલી દર્શાવે છે કે, આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી જીએસટી અને નોટબંધીને લઈને લાભ ઉઠાવવાના પ્રયાસમાં છે. સંસદમાં મનમોહસિંહ પહેલાથી જ નોટબંધીને લઈને કઠોર ટિપ્પણી કરી ચુક્યા છે. નોટબંધીને સંગઠિતરીતે લૂંટનો દરજ્જો આપીને મનમોહનસિંહે

અનુસંધાન પાના નં.૬

ભાજપના ગઢમાં જનવિકલ્પને અભૂતપૂર્વ જન સમર્થન

## ચેતજો કોંગ્રેસ-ભાજપ મેચફિક્સિંગ કરી જનતાને બેવકૂફ બનાવે છે : બાપુ

**જનવિકલ્પની સરકાર એક જ વર્ષમાં ૧૦ લાખને રોજગારી આપશે**

(જી.એન.એસ) ગાંધીનગર

જનવિકલ્પ પાર્ટીના કેપ્ટન અને રાજ્ય સરકારના મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના નેતૃત્ત્વમાં દેવદિવાળીના દિવસે પૂર્વ અમદાવાદમાં ભાજપના ગઢ સમાન બાપુનગરમાં વિરાટ જાહેરસભા યોજાઈ હતી. આ જાહેર સભાને સંબોધતા શંકરસિંહ બાપૂએ ગુજરાત, ગુજરાતી ભાષા અને દેશ દેશાવટમાં વટથી વેપાર ધંધા કરતા ગુજરાતીઓની ભારોભાર પ્રશંસાસ કરીને કહ્યું હતું કે ભાજપ-કોંગ્રેસ પક્ષોમાં પ્રજા વિરોધી કાવતરાં, આંતરિક જૂથબંધી, અંદરો અંદર એકબીજાને હરાવવાના રાજકીય પેંતરાબાજી તથા પક્ષોના કહેવાતા હાઈકમાન્ડની દાદાગીરીથી કંટાળીને તેઓ છેવટે કોંગ્રેસ છોડીને પ્રજા મારી હાઈકમાન્ડ અને પ્રજા કહે એવી સરકાર રચવા માટે મતદારોની વચ્ચે આવ્યો છું. ચૂંટણીઓમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે મેચ ફિક્સિંગ કરીને પ્રજાને રીતસર બેવકૂફ બનાવાય છે. આ પક્ષોમાં મેરિટવાળા-લાયકાત વાળાનું કોઈ સ્થાન નથી. થર્ડ ક્લાસવાળો હોય અને ચમચાગીરી સારી આવડતી હોય તો તેનો ટિકિટ મળી જાય છે. ટિકિટ માટે યોગ્ય લાયકાત ધરાવનાર રહી જાય છે. રાજ-કારણમાં લાયકાતને કોઈ મહત્ત્વ નથી પૈસાનું મહત્ત્વ છે. તેઓએ કહ્યું કે આપણે ત્યાં હજુ પ્રજાના પ્રતિનિધિને બરાબર કામ ના કરે તો તેને પાછો બોલાવવાની કોઈ કાયદાકીય વ્યવસ્થા નથી તેથી ભાજપ-કોંગ્રેસથી કંટાળ્યા હોય તેનો વિકલ્પ અમારી પાર્ટી જનવિકલ્પ પાર્ટી છે. પ્રજાને પસંદગીની તકો માટે જનવિકલ્પ પાર્ટીની રચના

અનુસંધાન પાના નં.૬

રાજકીય ખીચડી પકવવા સામે ચેતવણી અપાઈ

## કડવા પાટીદાર ટ્રસ્ટે હાર્દિકને સમર્થન આપ્યું

**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, યુવા પાટીદાર બ્રિગેડ સંસ્થાઓ તરફથી હાર્દિકના થયેલા વિરોધ સામે નારાજગી દર્શાવાઈ**

અમદાવાદ

તાજેતરમાં જ પાટીદાર સમાજની છ વિવિધ સંસ્થાઓના વડીલ આગેવાનો અને ખુદ યુવા પાટીદાર બ્રિગેડના યુવાઓએ એક મંચ પર જાહેરમાં આવી પાસના નેતા હાર્દિક પટેલ આણિમંડળીનો ખુલ્લો વિરોધ કર્યો હતો અને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન હવે પ્રાઈવેટ અનામત આંદોલન બની ગયું છે ત્યારે હવે પાટીદાર સમાજની કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટ સંસ્થા હાર્દિક પટેલ અને લાલજી પટેલના સમર્થનમાં આવી છે અને આ બંને નેતાઓ દ્વારા ચલાવાઈ રહેલા અનામત આંદોલનને વાજબી અને યથાર્થ ગણાવ્યું હતું. કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટના પ્રમુખ ભીખુભાઈ પટેલ અને પાટીદાર યુથ ફાઉન્ડેશનના પ્રમુખ જગદીશભાઈ પટેલ સહિતના આગેવાનોએ ચૂંટણી ટાણે અંગત રાજકીય ખીચડી પકવવા

અનુસંધાન પાના નં.૬

## વડાપ્રધાન મોદીનો વિચાર છે કે ફળ તમામ ખાવો અને કામની ચિંતા ન કરો : રાહુલ

શિમલા

હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચુંટણી માટે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ પ્રચાર કર્યો હતો અને રેલીઓને સંબોધન કરી હતી. આ રેલીઓમાં રાહુલ ગાંધી એકવાર ફરી વડાપ્રધાન મોદી પર ભારે પ્રહારો કર્યા હતાં રાહુલે કહ્યું કે ગીતામાં લખ્યું છે કે કર્મ કરો ફળની ચિંતા ના કરો,પરંતુ તેમનો વિચાર છે કે ફળ તમામ ખાઈ જાય અને કામની ચિંતા કરો નહીં.

રાહુલે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાળા નાણાંને સફેદ કરવામાં લાગ્યા છે. ભાજપ કોંગ્રેસ પર ભ્રષ્ટાચારના આરોપો લગાવે છે પરંતુ તે સૌથી ભ્રષ્ટ પાર્ટી છે. રાહુલે હિમાચલ સરકારના પાંચ વર્ષના વિકાસ કાર્યોને જનતાની સમક્ષ રાખ્યા હતાં. રાહુલે કહ્યું હતું કે નોટબંધી અને જીએસટીથી મહિલાઓ સૌથી વધુ પરેશાન થઇ રહી છે. વડાપ્રધાન અને ગુજરાતના પાંચ ઉદ્યોગપતિઓને જીએસટી અને નોટબંધીથી કોઈ નુકસાન થયુ નથી જીએસટી અને નોટબંધીથી દેશની ગરીબ જનતાને પરેશાની સહન કરવી પડી રહી છે. હિન્દુસ્તાનની સામે એક પડકાર છે તે છે મોંઘવારી.

રાહુલે આ પહેલા પાંવટા સાહિબ ગુરૂદ્વારરામાં માથુ ટેકવ્યું હતું આ પ્રસંગે તેમની સાથે મુખ્યમંત્રી વીરભદ્રસિંહ અને સિરમૌરના પાંચ ઉમેદવારો પણ હાજર હતાં. રાહુલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિરૂધ્ધ બરોબર એવું જ આક્રમક વલણ અપનાવ્યું છે જેવું તેમણે ગુજરાતમાં અપનાવ્યું છે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે જે કામ ચીન બે દિવસમાં કરે છે તે કામ હિન્દુસ્તાનમાં એક વર્ષમાં થાય છે. વડાપ્રધાન વિકાસની મોટી મોટી વાતો કરે છે પરંતુ જમીન પર કાંઈ દેખાતુ નથી ભારત અને ચીનની વસ્તી લગભગ બરાબર છે આમ છતાં ચાઈનામાં રોજગાર છે અને હિન્દુસ્તાનમાં ભારે બેરોજગારી છે. દેશની જનતાને ખોટા આશ્વાસન, દેશના યુવાનોની સાથે છેંતરપીડી સરકાર જો કિસાનોની મદદ કરે તો આ દેશના કિસાન વિશ્વસનું ભાગ્ય બદલવામાં સક્ષમ છે. દેશની સામે સૌથી મોટો પડકાર રોજગારનો છે.

## ૨૧ દિવસના વેકેશન બાદ સ્કૂલ-કોલેજોમાં ધમધમાટ

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંબંધિત ૧૫૦૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કુલ તેમજ રાજયની ૩૨૦૦૦થી વધારે પ્રાથમિક સ્કૂલોમાં તથા ગુજરાત યુનિવર્સિટી સંબંધિત ૩૫૦થી વધુ કોલેજોમાં આજે ફરી એકવાર દિવાળી વેકેશન બાદ ધમધમાટ જોવા મળ્યો હતો. સ્કૂલ કોલેજોમાં બાળકો પહોંચ્યા હતા. ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ૨૧ દિવસના વેકેશનના ગાળા બાદ સ્કૂલ કોલેજો આજે ખુલી ગઈ હતી. સ્કૂલ કોલેજોના સંકુલ બાળકોથી ગુંજી ઉઠ્યા હતા.

## ગતકડું....

- દેવન વ્યાસ



તું ભાગ્યશાળી છો કે, તને ડીગ્રીધારી ભીખારી પતિ મળ્યો છે....!!!

## ગુજરાતમાં કોંગ્રેસ કમજોર છે, ભાજપે વાયદા પૂરા કર્યા નથી, તેથી અમે લડીશું : બસપા

(જી.એન.એસ) ઓલપાડ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ રાજકીય માહોલ ગરમાયો છે અને દરેક પક્ષ પોતાની સત્તા સ્થાપવા તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે આ ચૂંટણી જંગમા બહુજન સમાજ પાર્ટીએ પણ ઝંપલાવ્યું છે.

બહુજન સમાજ પાર્ટીના ગુજરાત પ્રદેશ મહાસચિવ આદીલ સિદ્દીકીએ ઓલપાડના સાયન ખાતે જાહેર સભા યોજી તમામ ૧૮૨ સીટ પર ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. સિદ્દીકીએ પ્રજા સમક્ષ શિક્ષણ, વિકાસ અને સમાજના તમામ લોકોને સાથે રાખી ચૂંટણી લડવાની વાત કરતા જણાવ્યું હતુ કે ગુજરાતમાં કોંગ્રેસ કમજોર છે અને ભાજપે ૨૨ વર્ષના શાસનમાં આપેલા વાયદા પુરા કર્યા નથી તેથી ગુજરાતની પ્રજા અમારી બહુજન સમાજ પાર્ટીને જંગી બહુમતીથી વિજયી બનાવશે. ઉપરાંત સિદ્દીકીએ જણાવ્યું હતું કે ડિસેમ્બર પહેલા બસપા અધ્યક્ષ માયાવતી રાજ-કોટમાં રોડ શો કરશે.

## ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પહેલી વખત મતદારોને નોટાનો વિકલ્પ મળશે

(જી.એન.એસ) વડોદરા

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં પ્રથમ વખત 'નોટા' (નન ઓફ ધ અબોવ)નો ઉપયોગ થશે. અગાઉ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી વખતે ગુજરાતમાં 'નોટા'નો સૌપ્રથમ વખત ઉપયોગ થયો હતો. જેમાં કુલ ૪.૪૦ લાખ મતદાતાએ તેમની સામેના તમામ ઉમેદવારના વિકલ્પને ફગાવીને 'નોટા'નું બટન દબાવ્યું હતું. ચૂંટણીમાં મતદાન દરમિયાન જે ઉમેદવારના વિકલ્પ સામે હોય તેમાંથી કોઈ પણ પસંદ આવે નહીં તો 'નોટા'ના બટનનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. ૨૦૧૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે તમામ ૨૬ બેઠક પર વિજય મેળવ્યો હતો. જેમાં કુલ ૪.૪૦ લાખ મતદાતાઓ દ્વારા 'નોટા'નો ઉપયોગ કર્યો હતો. આ પૈકી દાહોદમાંથી સૌથી વધુ ૩૨ હજાર, છોટા ઉદેપુરમાંથી ૨૮૮૦૦, વલસાડમાંથી ૨૯૫૦૦ મતદાતાએ 'નોટા'નું બટન દબાવ્યું હતું. આ ત્રણેય મતક્ષેત્રમાં એ જ ઉમેદવાર વચ્ચે ચૂંટણી થઈ હતી જેઓ ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં પણ ઊભા રહ્યા હતા.

ગુજરાતમાંથી નોટાનું પ્રમાણ ૧.૮ ટકા હતું. મજાની વાત એ છે કે આપ (૧.૨ ટકા), એનસીપી (૧ ટકો), બીએસપી (૦.૯ ટકા), જેડીયુ (૦.૪ ટકા) કરતા નોટાનું બટન ઈવીએમમાં વધારે દબાવવામાં આવ્યું હતું. વડોદરા કે જ્યાંથી નરેન્દ્ર મોદી ચૂંટણીમાં ઊભા રહ્યા હતા ત્યાં ૧૮ હજાર લોકોએ નોટાનો ઉપયોગ કર્યો હતો.

મનીષ દોશી દ્વારા સીબીઆઇ તપાસની માંગ

## જાહેર વિતરણ વ્યવસ્થામાં ૪૦ હજાર કરોડનું કૌભાંડ

અમદાવાદ

ભાજપ સરકારના શાસનમાં ગુજરાતમાં છેલ્લા પંદર વર્ષોમાં અન્ન અને નાગરિક પુરવઠા તેમ જ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આચરાયેલા રૂ.૪૦ હજાર કરોડના કથિત કૌભાંડમાં ગુ-જરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ સીબીઆઈ તપાસની ઉગ્ર માંગણી કરી છે. ડો.દોશીએ ભાજપ પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, ભાજપ સરકારમાં ગરીબ, સામાન્ય વર્ગના પરિવારનો હકકના ઘઉં, ચોખા, ખાંડ સહિતની ચીજવસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવાના બદલે આશરે ૪૦ ટકા જેટલો જથ્થો સરકારના મળતીયાઓ અને ભ્રષ્ટાચારીઓ દ્વારા સગેવગે કરી મોટું કૌભાંડ આચરાઇ રહ્યું છે. કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, સને ૨૦૧૩માં યુપીએ સરકાર દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે

અનુસંધાન પાના નં.૬

CMYK

**સૂર્યોદય - ૬.૪૬ સૂર્યાસ્ત - ૬.૦૩**

## તિથિદર્શન
કારતક વદ-૪ મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક વદ :ચોથ મંગળવાર નક્ષત્રઃ મૃગશીર્ષ સાંજે ૫.૩૧ પછી આદ્રા યોગ : શિવ કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) સવારે ૬.૪૨ પછી મીથુન (ક.છ.ઘ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**જલમગ્નિવિષં શસ્ત્ર ક્ષુદ્વ્યાધિઃ પતનં ગીરેઃ નિમિત્તં કિંચિદાસાધ દહીં પ્રામાન્વિમુંચતિ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે. જળ- અગ્નિ- વિષ-ઝેર, હથિયાર, ભૂખ- રોગ- બીમારી- વ્યાધિ, અથવા પર્વત પરથી કે ક્યાંકથી પણ પ્રયોજન- નિમિત્ત- કારણથી સૌ કોઈ માનવ- પ્રાણી- પશુ- પંખીઓ મૃત્યુ પામે છે, મૃત્યુ- મૃત્યુના દેવ યમરાજ કે ઈશ્વર પોતે મરણનું કારણ બનતા નથી. મૃત્યુનું નિમિત્ત ઉપર જણાવેલી ઘટનામાંથી જ કોઈ બને છે. વિધિ-વિધાતા પૂર્વજન્મનાં કર્મો પ્રમાણે નિશ્ચિત શ્વાસ લઈને (સંખ્યા) ભરીને આપણને મોકલ્યા છે. સંત- મહાત્માઓ આ 'શ્વાસ' ને ગણતરીપૂર્વક રોકીને ધ્યાન- સમાધિ દ્વારા ઓછા- સંયમથી વાપરે છે. અને વર્ષોથી, વર્ષો સુધી જીવી જાય છે. જ્યારે આપણે તેલથી તરબતર મસાલા ખાઈ દમ- શ્વાસ દ્વારા 'ધમણ' ચલાવી શ્વાસ પહેલા વાપરી નાખીએ. ભગવાન પોતે કોઈને લાકડી કે શસ્ત્ર લઈને 'મારતો' નથી.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)બિનજરૂરી નાણાં ખર્ચાય. પગમાં દુઃખાવો રહે.**

**વૃષભ : (બ.વ.ઉ.) નાણાંકીય સધ્ધરતાના પ્રયત્નો સફળ બને. વ્યર્થ વાદ-વિવાદ ટાળવો.**

**મિથુન : (ક.છ.ઘ.)વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.**

**કર્ક : (ડ.હ.) )તકનો લાભ લેજો. ભાગીદારી વર્ગથી સંઘર્ષ ટાળવો.**

**સિંહ : (મ.ટ.) મનની મુંઝવણ દૂર થાય. તમારી મહેનતનું ફળ મળે.**

**કન્યા : (પ.ઠ.ણ.) ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. લાભની તક મળે.**

**તુલા : (ર.ત.) આરોગ્ય બાબતે સાવધાની રાખવી. પ્રવાસનું આયોજન સફળ નીવડે.**

**વૃશ્ચિક :(ન.ય.) નાણાંકીય સમસ્યા રહે. વાણીસંયમ જાળવવો હિતાવહ.**

**ધન : (ભ.ફ.ધ.)વિઘ્નમાંથી માર્ગ મળે. પ્રિયજનથી સ્નેહ વધે.**

**મકર : (ખ.જ.)માનસિક તનાવ અનુભવાય. જવાબદારીમાં વધારો થાય.**

**કુંભ : (ગ.શ.સ.) મનની મુરાદ બર ન આવે. કાર્યબોજ હળવો બને.**

**મીન : (દ.ચ.જ.થ.)નવિન લાભની તક સાંપડે. નાણાંકીય ક્ષેત્રે સાનુકૂળતા સર્જાય.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

પ્રાચીન શિલાલેખો, તામ્રપત્રો, સિકકાઓ ઉપરની લિપિ ઉકેલવામાં સમગ્ર જીવન ખર્ચી નાખનાર ડો.પંડીત ભગવાનલાલ ઈન્દ્રજીની જન્મજયંતી છે.

એમનો જન્મ ૭-૧૧-૧૮૩૯ના રોજ જુનાગઢમા થયો હતો. તેમની સેવાઓની કદર કરીને ૧૮૭૭માં તેમને રોયલ એશિયાટિક સોસાયટીએ માનદ પદ આપી નવાજયા. તેમણે ગુજરાતનો ઈતિહાસ તૈયાર કર્યો હતો.

એમનું તા. ૧૬-૩-૧૮૮૮ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

## તા. ૦૭.૧૧.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**શેરબજારની અફડા – તફડી યથાવત ..!! નફો બુક કરો...!!!**

**તા. ૦૬.૧૧.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૭૭ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૬૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૦૩ પોઈન્ટ થી ૧૦૫૧૭ પોઈન્ટ, ૧૦૫૩૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

**તા. ૦૬.૧૧.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૫૮૭ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૨૫૧૫૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૬૩૩ પોઈન્ટ થી ૨૫૭૦૭ પોઈન્ટ, ૨૫૭૭૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

### હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૫૦) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૩૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૧૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૬૭ થી રૂ.૧૬૮૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૬૮૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**એશિયન પેઈન્ટ્સ (૧૧૬૭) :- ટેક્નીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૫૫ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૪૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૮૧ થી રૂ.૧૧૯૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**HDFC લિમિટેડ (૧૭૮૭) :- રૂ.૧૭૬૦ પ્રથમ તેમજ રૂ.૧૭૪૭ ના બીજા સપોર્ટથી ફાઈનાન્સ સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૮૦૩ થી રૂ.૧૮૧૮ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**ACC લિમિટેડ (૧૮૦૦) :- સિમેન્ટ સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૨૩ થી રૂ.૧૮૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૭૭૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**લ્યુપિન લિમિટેડ (૧૦૪૦) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૦૨૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૦૫૭ થી રૂ.૧૦૭૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

**હીરો મોટો કોર્પ (૩૭૦૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૩૭૩૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૬૮૦ થી રૂ.૩૬૬૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૩૭૪૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**ડીવીસ લેબ (૧૦૫૫) :- રૂ.૧૦૬૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૭૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૩૧ થી રૂ.૧૦૧૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૭૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**ઓરબિંદો ફાર્મા (૮૦૧) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૮૨૩ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૮૭ થી રૂ.૭૮૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**વિપ્રો લિમિટેડ (૩૦૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૩૧૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૮૭ થી રૂ.૨૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૩૨૧ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**લાર્સન લિમિટેડ (૧૨૨૭) :- રૂ.૧૨૪૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૫૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૨૦૩ થી રૂ.૧૧૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૫૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# ગાદલવાડા ગામે દારૂ બંધી નહિ થાયતો લોકો ચૂંટણી બહિષ્કાર કરશે

પાલનપુર

પાલનપુર તાલુકાના ગાદલવાડા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ગામના લોકોએ ગામમાં દારૂબંધી થાય તે માટે ગઢ પોલીસ મથકે મૌખિક તેમજ લેખિત જાણ કરવામા આવી છે. તેમજ આ સંદર્ભે કલેક્ટર બનાસકાંઠા તેમજ એસ.પી. પાલનપુરના ગ્રામજનો દ્વારા જણાવવામાં આવેલ છે.

૨૫૦૦ જેટલી વસતી ધરાવતા ગાદલવાડા ગામે ક્રિમિનલ સ્કોર શુન્ય છે પરંતુ દારૂની બદી એવી વકરી છે કે સ્કૂલની આસપાસ પણ દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. જેથી કરીને ગામના લોકોએ ગ્રામ સભા યોજી સંપૂર્ણ દારૂબંધી - કરવાનો નિર્ણય કરેલ છે. ગઢ પોલીસને જણાવ્યું હોવા છતાં તેની કોઈ અસર બુટલેગરો પર પડી નથી. દારૂનો ધંધો પુર બહારમાં ચાલે છે છતાં પોલીસને રેડ દરમિયાન દારૂ મળતો નથી. ગામમાં દારૂડીયા તત્વો છાકટા બનીને ફરે છે ગામ રોડપર આવેલું હોવાથી બાજુના ગામના લોકો અહીં દારૂપીવા આવે છે ક્યારેક કોઈ અનિચ્છનિય બનાવ બનશે તો જવાબદારી કોની ? જો સાત દિવસમાં દારૂ પૂર્ણ સ્વરૂપે બંધ નહિં થાય તો ગ્રામજનો ચૂંટણીનો બહિષ્કાર કરશે.

# ચૂંટણી પ્રચાર માટે ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરી શકાશે નહી

પાલનપુર

ભારતના ચૂંટણી આયોગ ધ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ની જાહેરાત થયેલ હોઇ આદર્શ આચારસંહિતા અમલી બની છે. તે મુજબ બનાસકાંઠા જિલ્લામાં આ ચૂંટણી માટે મતદાન તા. ૧૪/૧૨/ ૨૦૧૭ ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા. ૧૮/૧૨/ ૨૦૧૭ ના રોજ હાથ ધરાનાર છે. તેમજ આ ચુંટણીની તમામ પ્રક્રિયા તા.૨૦/૧૨/૨૦૧૭ ના રોજ પુરી થનાર છે. તે અનુસાર ભારતના ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાટન આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા મળેલ સુચનાઓ મુજબ ધાર્મિક સ્થતળોનો ચૂંટણી પ્રચારના ઉપયોગ પર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ધાર્મિક સ્થતળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી જાહેર જીવનને સમસ્યાવઓ ઉભી થવા સંભવ છે. ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચુંટણીતંત્ર પ્રયત્નવશીલ છે. જેથી ધાર્મિક સ્થતળોનો ચૂંટણીલક્ષી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે માટે નિયંત્રણો મુકવા જરૂરી છે.

આર.જે.માકડીયા (આઇ. એ.એસ.) જિલ્લાથ મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુરને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવે છે કે, બનાસકાંઠા જિલ્લામાં આવેલ કોઇપણ મંદિર, મસ્જિરદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇપણ ધાર્મિક પ્રાર્થના સ્થકળોનો ચૂંટણીલક્ષી ભાષણો કે ચૂંટણીના કોઇપણ પ્રકારના હેતુ માટે તા.૨૫/૧૦/૨૦૧૭ થી તા.૨૦/૧૨/૨૦૧૭ સુધીના સમયગાળા દરમિયાન ઉપયોગ કરી શકાશે નહિ. આ હુકમનો ભંગ અથવા ઉલ્લૂંઘન કરવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# ડીસામાં મારામારી મુદ્દે સામસામે ફરિયાદ નોંધાઈ

### અગાઉ 'અદાવતમાં મારામારી થઈ હતી

ડીસા

ડીસાના શિવનગર વિસ્તારમાં રિક્ષાની અદાવતમાં અગાઉ મારામારી સર્જાઈ હતી. ત્યારે આ મામલે શહેરના ઉત્તર પોલીસ મથકે સામસામે ફરિયાદ નોંધવા પામી હતી.

ડીસાના શિવનગર વિસ્તારમાં રિક્ષાની અદાવતમાં મામલો વણસતા મારામારી સર્જાઈ હતી.જોકે ત્રણ વર્ષ પૂર્વે પણ મામલો વણસ્યો હતો અને જૂની અદાવતમાં મારામારી સર્જાઈ હોવાનું બહાર આવ્યું હતું.ત્યારે આ મામલે બન્ને પક્ષે સામસામે શહેરના ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી ત્યારે શહેરના વૃદાવન સોસાયટી શિવનગર વિસ્તારમાં રહેતા રૂપાબેન હરગોવનભાઈ ઠાકોરે ફરિયાદમાં જણાવ્યું હતું કે રમેશભાઈ લગધીરભાઈ ઠાકોર, વિકેશભાઈ ભરતભાઈ ઠાકોર તથા રમેશભાઈ ઠાકોરની પત્નીએ અગાઉની રીક્ષા બાબતની અદાવત રાખી બીભત્સ ગાળો બોલી રિક્ષાની તોડફોડ કરી તેઓને તથા તેમના પતિ હરગોવનભાઈ ઠાકોર તથા તેમના પુત્ર દિલીપ ઠાકોરને પાઈપથી માથાના ભાગે ઘા ઝીકી ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તો બીજી ટેકરા વિસ્તારમાં રહેતા રમેશભાઈ લખધીરજી ઠાકોરે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે દિલીપભાઈ હરગોવનભાઈ ઠાકોર તથા હરગોવનભાઈ મફાજી ઠાકોરે ફરિયાદીના દીકરા સંજય સાથે રિક્ષાની અદાવતના કારણે તેમના ઘરે જઇ ઉશ્કેરાઈ જઇ બીભત્સ ગાળો બોલી તેઓએ રમેશજી તથા અન્યને માથાના ભાગે તલવાર મારી ઈજાઓ પહોંચાડી હતી.જોકે હાલતો પોલીસે મારમારીમાં સામસામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે ત્યારે આ સમગ્ર મામલે હકીકત શુ છે એ તો વધુ તપાસ બાદ જ બહાર આવશે.

# ધાનેરા કોલેજનું ગૌરવ




તા.પ્રતિ ધાનેરા

હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ આયોજિત આંતર કોલેજ કુસ્તી સ્પર્ધા તા.૧૪/૧૦/૨૦૧૭ ના રોજ પાટણ મુકામે યોજાયેલ તેમાં ધાનેરાની શ્રી કે.આર.આંજણા આ/કો. કોલેજના ખેલાડી ચૌધરી હરેશકુમાર ખેમરાજભાઈએ ૯૭ કિ.ગ્રામ વજન ગૃપમાં કોલેજના રમત - ગમતના પ્રો.હેમરાજભાઈ પટેલના માર્ગદર્શન અનુસાર ભાગ લીધેલ અને તેમના વજન ગૃપમાં સમગ્ર યુનિ. માં પ્રથમ આવેલ અને આગામી સમયમાં હરિયાણા રાજયના રોહતક મુકામે રાષ્ટ્રિય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ભાગ લેવા જશે.

આ પ્રસંગે મંડળના પ્રમુખ તથા ઉપપ્રમુખ તથા મંડળના મંત્રી અને કોલેજના પ્રિ.ડો.એલ.કે. પટેલે તથા સમગ્ર કોલેજ સ્ટાફે શુભેચ્છા પાઠવી હતી.

### ગુજરાત વિધાનસભા ચૂંટણી

# હિન્દુત્વની રક્ષા કાજે જનસંઘ ફરી મેદાનમાં ઉતરશે

ગાંધીનગર

ગુજરાત રાજ્ય તેમજ દેશની હાલની સ્થિતિ હિન્દુત્વ માટે ખુબ જ ખતરારૂપ અને લઘુમતીના તૃષ્ટિકરણ તરફ આગળ વધી રહી છે. જેનાથી દેશની બહુમતી પ્રજા આજે દુઃખી છે. તેમજ પોતાને અસલામત માની રહી છે. આ પરિસ્થિતિ જોઈને અખિલ ભારતીય જનસંઘ દ્વારા સમગ્ર દેશમાં હિન્દુત્વની રક્ષા માટે આગળ આવીને દેશ તેમજ હિન્દુત્વના હિતમાં આગામી તમામ ચૂંટણીઓ લડવી અને એ માટે એક મહા આંદોલન કરવું એવુ નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ અખિલ ભારતીય જનસંઘ આગામી ગુજરાતની વિધાનસભાની ચૂંટણી લડશે અને હિન્દુત્વ માટે ખતરો બની ગયેલા લોકોને પરાજીત કરી ગુજરાતમાં સત્તા મેળવવા અને હિન્દુત્વની રક્ષા કાજે ફરી મેદાનમાં આવી છે.

અખંડ હિન્દુ રાષ્ટ્ર અને હિન્દુત્વની રક્ષા માટે આદરણીય શ્યામાપ્રસાદ મુખરજીએ સ્થાપેલા અને પંડિત દિનદયાલ ઉપાધ્યાયની વિચારસરણી મુજબ આગળ વધેલો અખિલ ભારતીય જનસંઘ પક્ષ દેશની તમામ સમસ્યાઓ જેવી કે ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારીની પરિસ્થિતિ વિરૂધ્ધ તો લડશે જ પરંતુ અમારી પાર્ટીનો જે મુળ ઉદ્દેશ્ય છે એ હિન્દુત્વની વિચારધારાને વિશેષ મહત્વ આપશે. જેમાં મુખ્ય બે મુદ્દા છે દેશના દરેક નાગરિક માટે સમાન સિવિલ કોડ અને જમ્મુ કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી ૩૭૦ ની કલમ દુર કરવી આની સાથે સાથે સમયાન્તરે દેશમાં ઊભી થયેલી સમસ્યાઓ જેવી કે (૧) અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના નિર્માણમાં અડચણ, (૨) દેશમાં વધી રહેલો આતંકવાદ, (૩) ચીન પાકિસ્તાન દ્વારા થતી ઘુસણખોરી અને અવળચંડાઈ, (૪) બાંગલાદેશી ઘુસણખોરો (૫) દેશના સૈનિકોના અપાઈ રહેલા બલિદાનો (૬) કાશ્મીરના પંડિતોનું પુનઃ વસન અને વોટબેન્કની રાજનીતિને કારણે તમામ પક્ષો દ્વારા થઈ રહેલ તૃષ્ટિકરણના મુદ્દા મુખ્ય રહેશે.

# "બિગ બોસ" હાઉસ માંથી ઢિંચાક પૂજાની થઈ વિદાય



વાયરલ સેંસૈશન પૂજા જૈનનું "બિગ બોસ" હાઉસનું ઢિંચાક સફર પૂર્ણ થઈ ગયું.આ સપ્તાહ બિગબોસ હાઉસના ૯ સદસ્યો ઘરની બહાર નીકળવા માટે નોમિનેટ થયા હતાં. જ્યાં શિલ્પા શિંદે અને હિતેન તેજવાનીના સિવાય અન્ય સાત સદસ્યો સુરક્ષિત ઘોષિત કરવામાં આવ્યાં. ત્યાં જ છેલ્લો મુકાબલો સબ્યસાચી સપ્તપદી અને પૂજા જૈનની વચ્ચે હતો. જેમાં પૂજાની ઘરમાંથી વિદાય થઈ ગઈ છે.

બિગ બોસમા ઘરની બહાર આવ્યા બાદ પૂજાએ કહ્યું કે, "બિગ બોસના ઘરમાં મારી સફર નાની પરંતુ ખૂબ સારુ રહ્યું.ક્યારેય ના ભૂલાય તેવો અનુભવ રહ્યો.બિગ બોસના ઘરમાં હું ખૂબ શીખી છું."

# ૪૮ અપગ્રેડેડ ટ્રેનોથી યાત્રા વધુ મોંઘી : સુપરફાસ્ટ ચાર્જ અમલી

નવી દિલ્હી

ભારતીય રેલવેએ જે ૪૮ મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને સુપરફાસ્ટ ટ્રેન જાહેર કરી છે તેના ટિકિટ ભાડામાં પણ વધારો થયો છે. આની સાથે જ આ ટ્રેનોથી મુસાફરી કરવાની સ્થિતીમાં સ્લીર માટે ૩૦ રૂપિયા, સેકન્ડ અને થર્ડ એસી માટે ૪૫ રૂપિયા અને ફર્સ્ટ એસી માટે ૭૫ રૂપિયા વધારે ચુકવવાની ફરજ પડશે. આ નાણાં સુપરફાસ્ટ ચાર્જ તરીકે આપવાની ફરજ પડશે. આ ૪૮ ટ્રેનોમાં ભાડામાં વધારો કરવામાં આવ્યા બાદ રેલવેને ૭૦ કરોડ રૂપિયાની કમાણી થવાની શક્યતા છે. ૪૮ ટ્રેનોને અપગ્રેડ કરવામાં આવ્યા બાદ સુપરફાસ્ટ ટ્રેનની સંખ્યા વધીને ૧૦૭૨ સુધી પહોંચી ગઇ છે. નવી સુપરફાસ્ટ ટ્રેનમાં જે ટ્રેનો સામેલ થઇ ગઇ છે તેમાં પુણે-અમરાવતી એસી એક્સપ્રેસ, પાટલીપુત્ર-ચંદીગઢ એક્સપ્રેસ સહિતની જુદી જુદી ટ્રેનોનો સમાવેશ થાય છે. ખાસ બાબત એ છે કે રેલવેએ આટ્રેનોની સ્પીડ માત્ર પાંચ કિલોમીટર પ્રતિ કલાકથી વધારીને ૫૦થી ૫૫ કિલોમીટર પ્રતિ કલાક કરી છે. આ ઉપરાંત અન્ય બીજી સેવામાં કોઇ સુધારો કરવામાં આવ્યો નથી. જો કે ટ્રેનોને અપગ્રેડ કરવામાં આવ્યા બાદ આ ટ્રેનો વધારે ઝડપથી દોડી શકશે તેની કોઇ ગેરંટી હાલમાં દેખાઇ રહી નથી. અપગ્રેડ થયા બાદ આટ્રેનો સમય પર ચાલી શકશે કે કેમ તે અંગે હાલમાં કોઇ વાત કરવામાં આવી નથી. સામાન્ય રીતે ઠંડીની શરૂઆત થતાની સાથે જ ધુમ્મસના કારણે ટ્રેનો સામાન્ય રીતે લેટ થવાની શરૂઆત થઇ જાય છે. હાલત એછે કે હાલમાં જ રાજધાની, દુરેન્ટો અને શતાબ્દી સહિતની ટ્રેનો કેટલીક વખત સતત મોડે થઇ જાય છે. કેટલાક રેલવે ખંડ પર ટ્રેન એક કલાકથી ૧૫ કલાક સુધી લેટ થઇ જાય છે. સુપરફાસ્ટ ટ્રેનોની હાલત હાલમાં વધારે સંતોષજનક દેખાઇ રહી નથી.

# કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો તમારા હાથમાં...

**વિધાનસભાની ચૂંટણીના ભણકાર સંભળાઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષોએ સંમેલનો અને યાત્રાઓ દ્વારા પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. ફરી એકવાર વાયદા અને વચનોની રસલ્હાણ કરાઈ રહી છે પરંતુ તેમાં ભરમાવાને બદલે એક જાગૃત મતદાર તરીકે લાયક ઉમેદવારની પસંદગી સૌની ફરજ બની જાય છે. ત્યારે પંથકનો વિકાસ કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની પસંદગી થાય તે હેતુથી 'રખેવાળ' દ્વારા આપનો મત જાણવાનો એક પ્રયત્ન કર્યો છે. પક્ષાપક્ષીથી પર રહી આપ આપનો અભિપ્રાય નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી ફોર્મ ભરીને 'કોણ બનશે ધારાસભ્ય... ફેસલો આપણા હાથમાં' લખી અમારા નજીકના પ્રતિનિધિને અથવા રખેવાળ કાર્યલય કે ફોર્મના ફોટા પાડી અમારા વોટસઅપ નંબર ૯૮૨૪૫૦૨૧૦૨ ઉપર મોકલી આપશો.**

**નામ :** ______________________ **ઉંમર** ________

**સરનામું :** ______________________ **ગામ** ________

**વ્યવસાય :** ______________________

**તમારે માત્ર દરેક પ્રશ્નના ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ સામે આપેલા બોક્ષમાં ખરાનું નિશાન કરવું અથવા તમારો વ્યક્તિગત અભિપ્રાય આપવા માટે ચોથા વિકલ્પમાં લખવું તમારૂં નામ ગુપ્ત રાખવામાં આવશે.**

**(૧) તમે વિધાનસભામાં કેવો ઉમેદવાર પસંદ કરશો ?**
અ. શિક્ષિત અને સર્વ લોકોને સાથે રાખીને ચાલે તેવા ? ☐
બ. સ્થાનિક ☐
ક. તમારા મત વિસ્તારની દરેક સમસ્યાનો ઉકેલ લાવે તેવા? ☐
ડ. ..........................................

**(૨) તમારા વર્તમાન ધારાસભ્યને મત આપવા કે ન આપવાના કારણો ?**
અ. મત વિસ્તારના વિકાસમાં સક્રિય છે ? ☐
બ. વિધાન સભામાં પ્રશ્નોની રજુઆત કરી છે ? ☐
ક. અમારા મત વિસ્તારના કામો કરવામાં ઉણા ઉતર્યા છે ? ☐
ડ. ..........................................

**(3) તમારા વિસ્તારના ભાવિ ઉમેદવાર પાસેથી શું અપેક્ષા છે ?**
અ.તમારા વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ ? ☐
બ. તમારા વિસ્તારનો સર્વાંગી વિકાસ કરે. ☐
ક. ભ્રષ્ટાચારનો અંત લાવવા પ્રયત્ન કરે ? ☐
ડ. ..........................................

**(૪) તમારો ઉમેદવાર આપેલ વચનો ન પાળે તો ?**
અ. તેને પાછા બોલાવવા મતદારોને અધિકાર હોવો જોઈએ? ☐
બ. તેના પર ફરી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મુકવો જોઈએ ? ☐
ક. તેની સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાવો જોઈએ ? ☐
ડ. ..........................................

**(૫) તમારા પસંદગીના ઉમેદવારો પક્ષના નામ સાથે ?**

| પક્ષ - કોંગ્રેસ | પક્ષ ભાજપ |
|---|---|
| (૧)...................... | (૧)...................... |
| (૨)...................... | (૨)...................... |
| (3)...................... | (3)...................... |
| (૪)...................... | (૪)...................... |
| (૫)...................... | (૫)...................... |

**અમારો આ સર્વે કોઈ પણ રાજકીય પક્ષ, વિચારધારા અથવા વ્યક્તિગત રીતે સીધા અથવા પરોક્ષ રીતે જોડાયેલો નથી. આ સર્વેની કવાયત માત્ર મતદારોના અભિપ્રાય જાણવા પુરતા જ છે. તેનાથી કોઈ પક્ષ કે વ્યક્તિને નિશાન બનાવવાનો આશય નથી.**

# રાહુલ ગાંધી લોકસભામાં અનામત બીલ લાવશે તો જ સમર્થન : પાટીદાર સમાજ

### પાટીદાર સમાજનું હિત હશે તે પાર્ટીને વોટ આપશે



ગાંધીનગર

પાટીદાર સમાજની સામાજીક યુવા સંગઠન સંસ્થાઓ માટે સમાજનું હિત સર્વોપરી છે. સમાજના હિતને નુકશાન ન થાય તે માટે આ યુવા સંગઠનો સમાજમાં કાર્યશીલ છે. પ્રભાવશાળી પાટીદાર સમાજે અનામતની જોગવાઈઓથી પોતાને થતા અન્યાય સામે પાટીદાર અનામત આંદોલન કરીને સરકાર સમક્ષ પોતાની સબળ રજુઆત કરી છે. તેના ઉકેલ માટે સરકાર સાથે સમાજની અગ્રણી સંસ્થાઓના સામાજીક આગેવાનો અને યુવા સંગઠન, પાસ અને એસ.પી.જી ના કન્વીનરોએ સમાધાન માટેની બેઠક કરી જેમાં યુવા સંગઠનોએ રજૂ કરેલા ૪ મુદાઓમાં પાટ-ીદાર આયોગની રચના કરવી, પોલીસ કેસો પરત ખેંચવા, પોલીસ દમન કરનાર પોલીસ કર્મચારીઓ ઉપર કાર્યવાહી કરવી, શહીદ પરિવારોને આર્થિક સહાય કરવી તેમજ સરકારી નોકરી આપવી તે બાબતે વિચારણાઓ થઈ હતી જેમાં ઉપરોક્ત ત્રણ માંગણી સરકારે સ્વીકારી અને તેનો અમલ કર્યો છે અને શહીદ પરિવારોને આર્થિક મદદ કરવાની જવાબદારી સમાજે સ્વીકારી જેનો પણ અમલ કરીને સંસ્થાઓએ દરેક પરિવારને રૂા.૨૦ લાખના ચેક અર્પણ કરી દીધા છે.

અનુસંધાન પાના નં.૬

# ખોડા- ખીમાણા માર્ગની દુર્દશા...???

### જીવલેણ અકસ્માત સર્જાવાનો ભય



વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખોડાથી ખીમાણા ૪ કિમીના રોડની છેલ્લા ઘણા સમયથી ભારે દુર્દશા જોવા મળી રહી છે. જો કે આ રોડનું બે- ચાર વર્ષ પૂર્વે જ્યારે મરામત કામ હાથ ધરાયું ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા આ માર્ગ પર માત્રને માત્ર કપચી નાખી ડામર છૂટો છાંટી દેવાયો હતો અને બુલડોઝર નહી ફેરવવામાં આવતાં આ માર્ગ ગણત્રીના મહિનાઓમાં જ વેરવિખેર થઈ જવા પામ્યો હતો. હાલમાં આ માર્ગ પર ખોડા નજીક રોડની ચામડી ચીરાઈ જવા પામી છે. જેના કારણે અવારનવાર જીવલેણ અકસ્માત થવાનો ભારે ભય સતાવી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિયોદરના ધારાસભ્ય બ.કાં. જિલ્લા ભાજપ પ્રમુખ અને ગુજરાત રાજયના મંત્રી એવા કેશાજી ચૌહાણ અવાર-નવાર આ માર્ગ પરથી પસાર થાય છે. ત્યારે પ્રજાની સમસ્યા શું તેમને દેખાતી નહીં હોય??? પરંતુ વાત પણ સાચી છે એમને સાયરનવાળી ગાડીમાં બેસવાનું હોય અને એમાંય પાછુ એમની આગળ પોલીસની ગાડી હોય પછી તો એમને ટ્રાફિક ક્યાંથી નડે આ તો સમસ્યા પ્રજા માટે છે...??? શું આને કહેવાય વિકાસ?? તેવા પ્રશ્નો ઉઠવા પામ્યા છે. સત્વરે આ માર્ગનું મરામત કામ હાથ ધરાય તેવી પંથકની પ્રજાની વાહન ચાલકોની તેમજ આમ જનતાની ઉગ્રમાંગ ઉઠવા પામી છે.

# જુની ભીલડીમાંથી વિદેશી દારૂ પકડાયો

પ્રતિનિધિ ભીલડી

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નીરજ બડગુર્જરની સુચનાથી અને દિયોદર ડી.વાય.એસ.પી. પી.એસ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ભીલડી પોલીસે જુની ભીલડી ગામેથી ૯૦ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાની સાથે બુટલેગરો પણ સક્રિય બન્યા છે. ભીલડી પંથકમાં ફરીથી દારૂની બદી ફુલીફાલી રહી છે. ત્યારે મળતી માહિતી મુજબ ભીલડી પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. ડી.આર. પારગી સ્ટાફ સાથે પેટ્રોલીયમ હતા. તે દરમ્યાન જુની ભીલડી ગામના દિનેશભાઈ કચરાભાઈ પરમાર (દલિત) ના ઘરમાં વિદેશી દારૂની બોટલો પડી હોવાની બાતમીના આધારે તેના રહેણાંક ઘરમાં રેડ કરતા ઘરના ખુણામાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૯૦ (કિંમત રૂા. ૯૦૦૦/- ) મળી આવતી તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# અમીરગઢમાં ફલેગ માર્ચ યોજાઈ



વિશાલ નાઈ

વિધાનસભા ચૂંટણી ને લઈને અમીરગઢ બજારમાં બી એસ એફ નાં જવાનો અને અમીરગઢ પોલિસ તેમજ હૉમગાડનાં જવાનો દ્વારા ફલેન્ગમાર્ચ યોજાઈ હતી.

# દિયોદર તાલુકાના ધનકવાડા ખાતે હિંગળાજ માતાજીના મંદિરે મેળો ભરાયો

પ્રતિ. રૈયા

દિયોદર તાલુકાના ધનકવાડા ગામના ગૌદરા વચ્ચે લીલી વનરાજીથી ઘેરાયેલા તથા સમગ્ર પંથકમાં પ્રસિધ્ધ એવું હિંગળાજ માતાજીનું મંદિર આવેલું છે આ મંદિરે દર વર્ષે કાર્તિકી પૂર્ણિમાના દિવસે ભવ્ય લોકમેળો ભરાય છે જ્યાં આજબાજુના તમામ ગામોમાંથી બહોળી સંખ્યામાં માના ભક્તો ઉમટી પડે છે.

દિયોદરથી રૈયા તથા રૈયાથી ધનકવાડા વચ્ચે પગપાળા જતા ભક્તોની હારમાળા સર્જાય છે. માઈ ભક્તો માના ગુણગાન કરતા કરતા મંદિર સુધી પહોંચે છે અને માના દર્શન કરે છે. જ્યાં અમદાવાદ, સુરત, નવસારી, ડીસા, પાલનપુર, પાટણ, મહેસાણા, નડીયાદ જેવા શહેરોમાંથી માઈ ભક્તો માદરે વતન ખાતે માઁ હિંગળાજના ધામે દર્શનાર્થે આવે છે.તેમજ આજુબાજુના ગામોમાંથી દહીના આથણા, ગોળ પેંડા સાકરીયા માવો સાકર તથા અવનવી વાનગીઓના નૈવેધ માને ચરણે ચડાવે છે. રૈયા, સોની, ડુચકવાડા, લિલાધર, ચગવાડા, ઝાડા, ચમનપુરા, સોઢા, ગાંગોલ, છાપરા, હરીપુરા, જસાલી, ફોરણા(કો), નવાપુરા, માનપુરા, જાલોઠા, નરાણા, વાતમ, મોજરૂ, કોટડા(દિ), કુવારવા, સરદારપુરા, નેસડા, ઝાલમોર, નાણોટા, ખોડા, રવીયાણા, મૂલકપુર, સાલપુરા, સણાદર, દેલવાડા, સુરાણા, દિયોદર સહિત આજુબાજુના તમામ ગામોમાંથી બહોળી સંખ્યામાં માનવ મેદની ઉમટે છે ધનકવાડા સરપંચ દાંનાભાઈ ઠાકોર,લક્ષ્મણસિંહ વાઘેલા, રઘુભાઈ જોષી, માનસુંગભાઈ મંત્રી, દાનાભાઈ મંત્રી,રાણાજી ઠાકોર, ત્રીકમાભાઈ દરજી, ઈશ્વરભાઈ પટેલ, શંભુજી ઠાકોર, ભારમલભાઈ જોષી, ગુણવંતભાઈ મંત્રી (ઝાલમોર), નાગજીભાઈ કાપડી, ડો.સુરેશભાઈ તથા તમામ હિંગળાજ યુવક મંડળના મિત્રો તથા યુવાનો સમગ્ર દિવસ દરમ્યાન ખડેપગે હાજર રહી મેળો શાંતિપૂર્વક સંપન્ન થાય તેવી વ્યવસ્થા પુરી પાડી હતી. આ ઉપરાંત દિયોદર પી.એસ.આઈ રાવલ પોતાના સ્ટાફ સાથે દિયોદરથી ધનકવાડા મેળા સુધીના રસ્તા પર સુરક્ષા વ્યવસ્થા સંભાળી હતી.

# ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં મોદીનો જાદુ ચાલશે કે કેમ ?

### ભાજપે જીત માટે તમામ ભરોસો વડાપ્રધાન મોદી ઉપર રાખ્યો છે

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણી મહાસંગ્રામની કવાયત રાજકીય પક્ષો દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે ભારતીય જનતા પાર્ટીની હાર-જીતનો મદાર હજુ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર છે. રાજકારણમાં ભાજપની જ્યારે સ્થિતિ બગડે છે ત્યારે તેની ચિત્ર સુધારવા નરેન્દ્ર મોદી રામબાણ સાબિત થયા છે. જોકે વર્તમાન સ્થિતિએ જોવા જઈએ તો રાજયમાં હાલ ભાજપ અનેક વિટંબણાઓ માંથી પસાર થઈ રહ્યું છે. એક સાંધો તૈર તુટે જેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. અને તે ભાજપના નેતાઓ પણ જાણી ચુક્યા છે પરંતુ ગુજરાત પ્રદેશની નેતાગીરીને એવો વિશ્વાસ છે કે ચૂંટણી સભાઓ થકી વડાપ્રધાન મોદી પક્ષના મેજીક મેન બની ચિત્ર બદલશે.. જોકે ભાજપનું પ્રદેશ નેતા ગણ એ ભૂલી ગયા લાગે છે કે ગુજરાતની જનતાની નારાજગી રૂપાણી સરકાર સામે નથી પરંતુ વડાપ્રધાને કરેલી નોટબંધી અને જીએસટી સામે છે. એટલે કે જનતાની સીધી નારાજગી નરેન્દ્ર મોદી સામે છે.

જોકે પાટનગરમાં ચૂંટણીની ચકડોળે ચઢેલી અનેક વિધ ચર્ચામાં એમ પણ ચર્ચાઈ રહ્યુ છે કે નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે સમગ્ર રાજ્ય તેમના ઉપર ફીદા હતો. જે આજે મોદીજીના નિર્ણયો સામે અચાનક નારાજ બની ગયો છે. જ્યારે ''અચ્છે દિન ની વાત'' કરતા નરેન્દ્ર મોદીએ આપેલા વચનો પુરા નહી થવાથી સામાન્ય વર્ગ નારાજગીના કાંઠે આવી ઉભો છે. ગુજરાતમાં ચૂંટણી પ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદી રાજ્યમાં ૫૦ કરતા વધુ સભાઓમાં પોતાના પ્રવચનો આપશે. અને ગુજરાતને ભાજપ તરફી ધમરોળ કરવાનો પ્રયત્ન કરશે ત્યારે ભાજપનો આ આશાવાદ કેટલો સાચો પડશે ? તે તો પરિણામો જ બતાવશે.

તો બીજી તરફ સત્ય ચર્ચાસ્પદ બની રહેલા ''વિકાસ ગાંડો થયો છે.'' ના સુત્ર અને તેની મઝાક એ ગુજરાતની નહી પણ આડકતરી રીતે નરેન્દ્ર મોદીની એ મજાક થતી હતી. વિકાસની વાતો પોકળ સાબિત થઈ અને ભ્રષ્ટાચારમાં પણ ''ખાતો નથી ખાવા દેતો નથી'' નું સુઝ પણ ભાજપ સાર્થક નથી કરી શક્યું પરિણામે મોદીની શેખી પર પ્રજાનો ભરોષો આજે રહ્યો નથી જે અન્ય બાબત છે એટલે નરેન્દ્ર મોદી હવે પોતાના પ્રવચનમાં વિકાસ અને ભ્રષ્ટાચાર વિશે ઓછું બોલશે તેમ રાજનૈતિક વિશ્લેષકો માની રહ્યા છે. તો બીજી તરફ વહેતી થયેલી વાતોમાં એમ પણ મનાઈ રહ્યુ છે કે આ વખતે મોદી ભાજપને મત આપી વિજયી બનાવવાની

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરમાં પ્રજાપતિ કેળવણી મંડળ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો





સંજય જોષી

પાલનપુર

શ્રી પ્રજાપતિ કેળવણી મંડળ, પાલનપુર (૬૬ ગોળ) સંસ્થાના તળે દાતા ડૉ.ચંદ્રવદન મિસ્ત્રી અને ડૉ.શશીકાન્ત મિસ્ત્રીના હેલ્થકેર સેન્ટર દ્વારા તા. ૦૫/૧૧/૧૭ ના રોજ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દર્દીઓને મફત તપાસ તેમજ દવા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ડૉ.એસ.એસ.પ્રજાપતિ, ડૉ. પરેશભાઈ ઓઝા, ડૉ.ધર્મેશભાઈ પ્રજાપતિ, ડૉ.ધનંજયભાઈ પ્રજાપતિ, ડૉ.પ્રવિણભાઈ પટેલ, ડૉ.ભરતભાઈ પટેલ, ડૉ.રાજેશભાઈ પ્રજાપતિ, ડૉ.નિધીબેન પટેલ, ડૉ. બાબુલાલ ગુર્જર, ડૉ.મુકેશભાઈ પ્રજાપતિ, ડૉ.ભાવેશભાઈ પ્રજાપતિ જેવા નામાંકિત ડૉક્ટરો તેમજ મેડીકલ એમ.આર.ઓએ સેવાનો લાભ આપેલ.

આ કાર્યક્રમમાં ધાન્યધાર સમાજના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ, મગનભાઈ, સંસ્થાના પ્રમુખ ગુણવંતભાઈ, ઉપપ્રમુખ કાંતિભાઈ, મંત્રી રમેશભાઈ, જીતુભાઈ, સહમંત્રી ભગવાનભાઈ, કારોબારી સભ્યો, સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો, ભાઈઓ, બહેનો, હાજર રહેલ.

# વિધાનસભા ચૂંટણીને અનુલક્ષી શિહોરીમાં ફલેગ માર્ગ યોજાઈ



વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ ના બ્યુગલ ફુંકાઈ ચૂકયા છે ત્યારે ગુજરાત સરકાર અને મુખ્ય ચૂંટણી અધિકારીએ તંત્રને ચૂંટણીના કામે જોતરી તડામાર તૈયારીઓ આદરી દીધી છે જે અનુસંધાને તા.૬/૧૧/૨૦૧૭ ના રોજ શિહોરી પો.સ્ટેથી શિહોરી બસ સ્ટેન્ડ સુધી ફલેગ માર્ગ યોજાઈ હતી. જેમાં ડી.વાય.એસ.પી દિયોદર, પી.એસ.આઈ શિહોરી ,પોલીસ જવાનો અને સી.પી.એફ બી.એસ.એફ જવાનોનો કાફલો ફલેગ માર્ગમાં જોડાયો હતો.

# અંકલેશ્વરમાં ટ્રાફિક નિયમનમાં આધુનિકરણ

અંકલેશ્વર

અંકલેશ્વરમાં ૧૬:૫૦ લાખ રૂપિયાના ખર્ચાથી ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ શરૂ કરવામાં આવી રહી છે. પણ શુ વાહનચાલકો આ સિસ્ટમ સાથે અનુકુલન સાધી શકશે ખરા ? એ પણ પ્રશ્નાર્થ છે.

ઓ એન જી સી કંપનીના સહકારથી અંકલેશ્વર નગરપાલિકા દ્વારા ટ્રાફિક પોલીસની સરળતા માટે અને શાંતિપૂર્ણ વાહનોની અવરજવર માટે શહેરમાં પહેલીવાર ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ અમલમાં મુકવામાં આવી રહી છે. મહંદઅંશે સાંજના સમયે ટ્રાફિકની સમસ્યાઓ વધી રહી છે. અને વાહનચાલકો માટે જટિલ સ્થિતિ સર્જાતી હોય છે. આ સમસ્યાના નિરાકરણ માટં અંદાજે ૧૬:૫૦ લાખ ખર્ચવામાં આવી રહ્યા છે. એક મહિનાના સર્વે બાદ સિગ્નલ ટાઈમ સેટ કરવામાં આવે. શહેર પોલીસ તેમજ ટ્રાફિક બ્રિગેડના જવાનોને સિગ્નલ સિસ્ટમની જાણકારી માટે જરૂરી તાલીમ આપવામાં આવશે. નાગરપાલિકાની આ કામગીરી ખેરખર પ્રશંસનીય છે પણ લોક સહકાર કેટલો મળશે તે જોવું રહ્યું.

શહેરના ભરૂચી નાકા, ચૌટા નાકા, ત્રણ રસ્તા સર્કલ, પિરામણ નાકા, ઓ.એન.જી.સી વર્કશોપ તેમજ કોલોની ખાતે સિગ્નલ લાઈટ સિસ્ટમ હશે. અને એશિયાડ નગર, જીનવાલા ત્રણ રસ્તા, સરકારી દવાખાનાં, આદર્શ સોસાયટી ટ્રનિર્ગ તેમજ જીતાલી નાકા પર ડીપર લાઈટ સિસ્ટમ મુકવામાં આવશે.

# પ્રજાપતિ કેળવણી મંડળના પૂર્વ પ્રમુખનું બહુમાન



સંજય જોષી

પાલનપુર

શ્રી પ્રજાપતિ કેળવણી મંડળ, પાલનપુર (૬૬ ગોળ) દ્વારા તા. ૨૯/૧૦/૧૭ ના રોજ ઈનામ વિતરણ- સ્નેહમિલન- વાર્ષિક સાધારણ સભાનું સુરેશભાઈ એમ. પ્રજાપતિ (પૂર્વ પ્રમુખ ધાન્યધાર પ્રજાપતિ) ના અધ્યક્ષ પદે યોજવામાં આવેલ. તેઓ ધી છાપી ના.સ.બેંકના ચેરમેન તરીકે બિનહરીફ ચુંટાયેલ હોઈ સમાજના પ્રમુખ તેમજ આગેવાનો દ્વારા સાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ. તેઓ દ્વારા રૂા. ૩,૫૧,૦૦૦/- પ્રવેશદ્વારના દાતા તરીકે દાન આપેલ. તથા ઉદ્ઘાટક હરીભાઈ પ્રજાપતિ દ્વારા ભોજન આપવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ગુણવંતભાઈ, સંત સીતારામબાપુ, ધાન્યધાર પ્રજાપતિ સમાજના પ્રમુખ ભીખાભાઈ, ઉપપ્રમુખ કાંતિભાઈ, મંત્રી રમેશભાઈ, સહમંત્રી ભગવાનભાઈ,

અનુસંધાન પાના નં.૬

# ડીસા નગરમાં રત્નાકર સોસાયટી ખાતે પિતૃ મોક્ષાર્થે શરૂ થયેલ શ્રીમદ ભાગવતકથા

ડીસા

કારતક માસ એટલે કથા, ધર્મ અને પૂન્ય કાર્યોનો માસ કહેવાય છે. ડીસા નગરમાં રત્નાકર સોસાયટી ખાતે પિતૃ મોક્ષાર્થે તા. ૬/૧૧/૨૦૧૭ ને સોમવારથી શ્રીમદ ભાગવત કથાનો મંગલ પ્રારંભ થયેલ છે. ભાગવત વક્તા પૂજય યશવંત શાસ્ત્રીજીના વ્યાસાસને શરૂ થયેલ આ ભાગવત કથામાં રત્નાકર સોસાયટી અને આજુબાજુની તમામ સોસાયટીઓના રહીશો કથા શ્રવણ માટે ઉમટી રહેલ છે. પિતૃમોક્ષાર્થે યોજાયેલ આ કથામા રૂા. ૧૧૦૦/- (અગિયારસો) નું દાન આપી સૌ સહયોગીઓ સહકાર આપી રહેલ છે. રત્નેશ્વર મહાદેવ ભક્ત મંડળ દ્વારા આયોજીત આ કથામાં સોસાયટીના સર્વ રમેશભાઈ દવે, વિજયભાઈ ઠક્કર, પારસભાઈ સોની, ભેરૂજી સોની, ભરતભાઈ સોની, પપ્પુભાઈ માળી, પ્રકાશભાઈ દવે, જીગરભાઈ દવે,

અનુસંધાન પાના નં.૬

### લાયન્સ ક્લબ અને આનંદ સત્સંગ પરિવાર દ્વારા

# ડીસા લાયન્સ ક્લબ ખાતે દિવ્ય સંત્સગ યોજાશે

ડીસા

લાયન્સ ક્લબ ડીસા અને આનંદ સત્સંગ પરિવાર દ્વારા તાઃ૧૧/૧૧/૨૦૧૭ સાંજે ૬:૩૦ થી ૮:૩૦ અને રવિવાર તાઃ૧૨/૧૧/૨૦૧૭ બપોરે ૩:૦૦ થી ૫:૩૦ કલાકે પૂજ્ય આનંદમૂર્તીજી મહારાજના દિવ્ય સત્સંગનું આયોજન લાયન્સ હોલ ડીસા ખાતે કરવામાં આવેલ છે. ૧૨ મા મણકાના આ દિવ્ય સત્સંગ માટે ડીસા નગરના વેપારી આગેવાન, વકીલ અને હરિઓમ ટ્રસ્ટના ટ્રસ્ટી હીરાલાલ (હાપુજી) ગેલોત પરિવારનું સૌજન્ય સાંપડેલ છે. પ્રથમ સત્રમાં ગીતાના તેરમા અધ્યાય ઉપર તેમજ બીજા સત્રમાં સંતવાણીના આસ્વાદ ઉપર સત્સંગ થનાર છે.

લાયન્સ ક્લબ ડીસાના પ્રમુખ હિતેશભાઈ સોની, મંત્રી નરેન્દ્રભાઈ આર.ઠક્કર, લાયન્સ ક્લબના તમામ સભ્યો તેમજ હરિઓમ ટ્રસ્ટના ટ્રસ્ટી હાપુજી ગેલોત સહિત આનંદ સત્સંગ પરિવારના સૌ સભ્યો કાર્યક્રમની સફળતા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહેલ છે. અત્યાર સુધીના સત્સંગના કુલ -૧૧ મણકાઓમાં મહેન્દ્રભાઈ સી.પટેલ, ભગવાનભાઈ બંધુ, શાંતિભાઈ સી.વકીલ, જયંતિભાઈ ઓઢાવાળા, પ્રહલાદભાઈ સોની, છગનલાલ રામાજી સોની, દેવચંદભાઈ ચોક્સી, દયારામભાઈ આર. ઠક્કર, વાડીભાઈ બહુચર ડ્રેસવાળા, દિલીપભાઈ સોની અને નાથાલાલ બ્રહ્મક્ષત્રિય પરિવારે સૌજન્યદાતા તરીકેનો લાભ લીધેલ છે. આનંદ સત્સંગ પરિવાર દ્વારા દર મહિને પ્રસિધ્ધ થતા ધાર્મિક વિશેષાંક ''જ્યોત સે જ્યોત જગાઓ'' નું સંપાદન જાણીતા સાહિત્યકાર કનુભાઈ આચાર્ય કરી રહેલ છે તેના સભ્યોમાં પણ વૃધ્ધિ થઈ રહી છે. ડીસા નગરના અનેક પ્રબુધ્ધ નગરજનો આ સત્સંગમાં લાભ લે તે માટે સૌને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. સમગ્ર ડીસાના સૌ સભ્યો નિષ્ઠાપૂર્વક મહેનત કરી રહેલ છે.

# ડીસા મહાવીર યુવા સંગઠનનો પદગ્રહણ સમારોહ યોજાયો

### પ્રમુખ - ઉપપ્રમુખ અને કારોબારી સભ્યોની નિમણુંક





ડીસા

શ્રી મહાવીર યુવા સંગઠન ડીસાની એક બેઠક કારતક સુદ પૂનમને તા. ૪/૧૧/૨૦૧૭ ના રોજ જૈન ભોજનશાળામાં મળી હતી. જેમાં પસંદગી કમીટીના સભ્યો સર્વની ઠાકરશી વિલાસભાઈ જેસીંગલાલ, સંઘવી અશોકભાઈ જેઠમલજી, વિરવાડીયા હિતેશ રમેશચંદ્ર, કુરીયા હિતેશકુમાર ધુડાલાલ અને બાગરેચા દિનેશભાઈ દ્વારા નવા હોદ્દેદારો અને કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ બાગરેચા પ્રકાશભાઈ છગનલાલ, ઉપપ્રમુખ મોરખિયા શ્રેણીક જસવંતલાલ, મંત્રી મોરખિયા નિલેશભાઈ ભીખાલાલ, સહમંત્રી સંઘવી રીન્કુભાઈ જવાનમલજી અને ખજાનચી પદે ગઢેચા રમેશભાઈ નાગજીભાઈની તથા કારોબારી સભ્યોમાં કોઠારી સુરેશભાઈ મંગલદાસ, કુરીયા હિતેશકુમાર ધુડાલાલ, લુંક્કડ આશિષકુમાર બાબુલાલ, વારીયા પરેશકુમાર હીરાલાલ, લુંક્કડ પરેશકુમાર કસ્તુરચંદજી, મહેતા મેઘકુમાર સેવંતીલાલ, દોશીમુથા નરેશભાઈ ઉત્તમચંદજી, વોડરા પ્રદીપભાઈ છોટાલાલ, શેઠ નિલેશકુમાર અમૃતલાલ અને દોશી નિરેનકુમાર હીરાલાલની વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ નવનિયુક્ત હોદ્દેદારો અને કારોબારી સભ્યોનો આગેવાનોની હાજરીમાં પદગ્રહણ સમારોહ યોજાયો હતો.




## તંત્રી સ્થાનેથી ...

### બ્રાહ્મણનો સૌથી મોટો શત્રુ અહંકાર છે...

# પાયાના મુદ્દાઓને કેન્દ્ર સરકાર નિવારી શકી નથી

વર્તમાન સંજોગોમાં સામાન્ય પરિવારોને કનડતી મોંઘવારી, સરકારી સ્તરે ચાલતી ગેરરીતિ, અને બેરોજગારોને થાળે પાડવાની સમસ્યાને સરકાર નિવારી શકી નથી. માત્ર મસમોટા ઉદ્યોગપતિઓનું સાંભળતી સરકારે તમામ વર્ગનું સાંભળવું પડે, આગામી ચૂંટણીમાં મતદારોનો ઝુકાવ કયા પક્ષ તરફ રહે છે. તે જોવાનું રહ્યું. ખરેખર તો પાયાના મુદ્દાઓ તરફ રાજકીય પક્ષો બેધ્યાન રહ્યા છે. મોંઘવારી કયા કારણે દુર થતી નથી તે બાબતની સમીક્ષા ક્યારેય થઈ નથી. આવશ્યક વસ્તુઓના જે સંઘરાખોરો છે તેમની સામે પગલાં ભરવામાં તંત્ર પીછેહઠ કરી રહી છે. આજે શિયાળાની મોસમમાં પણ શાકભાજીના ભાવ આસમાને છે ત્યારે સામાન્ય પરિવારોને કોઈપણ શાકભાજી ખરીદવી મુશ્કેલ પડી રહી છે. ફિક્સ પગારદાર લોકો તો આજની મોંઘવારીથી ભારે ત્રસ્ત હોવાનું કહેવાય છે.

ચૂંટણી ભલે આવી પરંતુ મતદારો ઘણા નિરાશ છે અને નિરાશ થયેલા મતદારો, જીએસટીથી ત્રાસેલા વેપારીઓ જો મતદાન કરવા નહિં જાય તો ચૂંટણીના અણધાર્યા પરિણામ આવશે તે પણ ચોક્કસ છે. આ બાબતે તમામ રાજકીય પક્ષોએ ગંભીર થવું જોઈએ. મતદારોને મતદાન મથકે લાવવાની ભારે કવાયત કરવી જ પડશે. મતદારોની અપેક્ષાઓ પુરી કરવાના પ્રયાસો થવા જોઈએ. માત્ર પાટીદારોનું જ સાંભળવું તે બરાબર નથી.

વર્ષ ૧૯૯૫ ની ચૂંટણીથી ગુજરાતમાં ભાજપ હંમેશા આક્રમક રહ્યું છે, પરંતુ ૨૦૧૭ માં પ્રથમવાર ભાજપ રક્ષણાત્મક ભૂમિકામાં એટલે ‘ડિફેન્સિવ રોલ’ માં જોવા મળ્યું છે. બે દાયકાથી ઘણ વધુ સત્તાથી દુર કરવા આક્રમકતાના નામે દેવાળુ કાઢનાર કોંગ્રેસે અત્યારે આક્રમક મુદ્રા ધારણ કરી હોય તેવું ભાસે છે. જાહેર સભાઓ અને વાતો ચર્ચા કરવાથી સત્તાધિન બનવું મુશ્કેલ છે, પછી તો વધુ નસીબ પર જાય છે!!

વેપારીઓને આકર્ષણ કેન્દ્ર સરકારે હવે રહી રહીને જીએસટીના દર ઘટાડવાનો નિર્ણય જાહેર કર્યા છે. પરંતુ ચૂંટણી પછી નવા કોઈ દર સામિલ નહી થાય તેની શી ખાત્રી? જો કે અનેક સમીકરણોના પરિણામે ૨૦૧૭ ની ચૂંટણી ગુજરાતમાં માત્ર રાજકીય રીતે નહિં પરંતુ ગુજરાતના સામાજીક જીવનની દ્રષ્ટિએ પણ ખરેખર કશ્મકશ ભરેલી રહેશે.

ચૂંટણીનો ઈતિહાસ જોવા જઈએ તો ૨૦૦૨ ની ચૂંટણીમાં સમાયેલો જનાદેશ લાગણીના લેવા જોવાનો હતો. ૨૦૦૭ ની ચૂંટણીમાં કથિત ત્રાસવાદીઓના એન્કાઉન્ટરના વિરોધ અને સમર્થનની કશ્મકશના મુદ્દે મતદાન થયું હતું. ૨૦૧૨ ની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વને પ્રચંડ સમર્થન, વિકાસ અને ૨૦૧૪ માં મોદીને કેન્દ્રમાં મોકલવાના મુદ્દાને સમર્થન આપતું વોટિંગ થયું હતું. તેમજ કેન્દ્રમાં યુપીએ સરકારમાં ખદબદતા ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ હાવિ હતા અને એનડીએ સરકાર પુનઃ સત્તા પર આવ્યા પછી લોકોન જે અપેક્ષાઓ મોંઘવારી સહિત અન્ય બાબતોની હતી તે પરિપૂર્ણ થઈ નથી તે વાત ચોક્કસ છે.

ગુજરાતમાં ચૂંટણીના ઢોલ પીટાઈ ચુક્યા છે અને ભાજપ કોંગ્રેસ સહિત અન્ય પક્ષો પણ સત્તાધિન બનવા માટે મરણીયો જંગ ખેલી રહ્યા છે. પરંતુ કયા પક્ષની કેટલી ધારણા સાચી પડશે તે કળવું મુશ્કેલ છે. કેમ કે ૨૦૧૭ ની ચૂંટણીમાં સમીકરણો તેના મૂળિયામાંથી બદલાઈ ગયા છે. નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી તરીકે મુકાયેલા આનંદીબેન પટેલને પાટીદારોના આંદોલનના કારણે રાજીનામું આપવું પડ્યું. તેમજ ભાજપ દ્વારા ગુજરાતમાં જે વિકાસની વાતો ચાલી છે તે બાબતે સામાન્ય લોકો પણ ભારે વિમાસણમાં પડી ગયા છે. ગુજરાતમાં કેટલો વિકાસ થયો છે અને ક્યાં થયો છે તે બાબતે ખુદ ભાજપ દ્વારા પણ સમીક્ષા થઈ શકી નથી, સદર ચૂંટણીમાં જેમના વોર મોટા ફેરફાર કરી શકે છે. તેવા પાટીવાદ, ઓબીસી અને દલિત સમાજ રસ્તા પર ઉતરી ચુક્યા છે.

તેમજ ફિક્સ પગારદારો, આશાવર્કરો સહિતના વર્ગો પણ આક્રમક બન્યા છે. ત્યારે વિચારવાનું એ જ કે ચુંટણીનું શું પરિણામ આવશે? સત્તાની લગામ કોના હાથમાં આવશે તે મુદ્દો અત્યારથી જ ચર્ચાની એરણ પર મંડાઈ ચુક્યો છે. સમજદાર અને સાચી વ્યક્તિને સર્વોચ્ચ સ્થાને બેસાડવાનો નિર્ણય મતદારોએ કરવાનો છે.

**આત્મચિંતન**

# પ્રેમ અને પરમેશ્વર

પ્રત્યેક પ્રાણીમાં પરમાત્માનો નિવાસ છે, પ્રાણીઓની સેવા કરવાથી મોટી કોઈ બીજી કોઈ ઈશ્વર ભક્તિ હોઈ શકે નહીં. કલ્પનાના આધાર પર ધારણા તથા ધ્યાન દ્વારા પ્રભુને પ્રાપ્ત કરવાના બદલે સેવાધર્મ અપનાવીને આ સાકાર બ્રહ્મ, અખિલ વિશ્વને સુંદર બનાવવામાં જોડાઈ રહેવું તે સાધનાનો સૌથી ઉત્તમ માર્ગ છે. અમુક ભજન કે ધ્યાનથી ઈશ્વરને પ્રસન્નતા થઈ કે નહીં એમાં સંદેહ હોઈ શકે છે પરંતુ બીજાઓને સુખી અને ઉન્નત બનાવવા માટે જે કરો કંઈક કર્યું છે તેને આત્મસંતોષ, સહાયતા મળવાથી સુખી થયેલા જીવોના આશીર્વાદ અને પરમાત્માની કૃપા મળવી સુનિશ્ચિત છે.

આ વિશ્વમાં પ્રેમથી વધારે આનંદમય બીજું કાંઈ પણ નથી. જે વ્યક્તિ કે વસ્તુને આપણે પ્રેમ કરીએ છીએ તે આપણને ઘણા સુંદર લાગવા માંડે છે. જો ઉદાર બુધ્ધિથી લોકકલ્યાણના કાર્યોમાં રત રહેવામાં આવે તો આ ઈશ્વર પ્રત્યે તથા તેમની પુણ્યવૃત્તિઓ પ્રત્યે પ્રેમ પ્રદર્શિત કરવાનો એક ઉત્તમ માર્ગ છે. આ રીતે કરેલી ઈશ્વર ઉપાસના કયારેય વ્યર્થ નથી જતી. આની સાર્થકતાના પ્રમાણ સ્વરૂપ તત્કાળ આત્મસંતોષ મળે છે. શ્રેયની ભાવનાઓથી ઓતપ્રોત હોય તેણે પોતાનું અંતઃકરણ પ્રેમ અને સેવાધર્મથી પરિપુર્ણ બનાવી લેવું જોઈએ.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## એક સૂત્રતાની લહેર વિશ્વના સૌથી મોટા ક્રિકેટ મહોત્સવનો શુભારંભ



અમદાવાદ

ક્રિકેટને માટે સ્વયંને જોસ અને જુસ્સાથી ભરવાનો સમય આવી ગયો છે. આજેવંડર સિમેન્ટ સાથ : ૭ ક્રિકેટ મહોત્સવનો શુભારંભ થઈ ગયો છે.રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશ રાજ્યોમાં એક સાથે શુભારંભ થયા પછી ૩૦૦ જગ્યાઓ ઉપર રોડ શો નુંઆયોજન થશે જે આગામી ૭ દિવસો સુધી એક દિવસનાં ૧૦૦ કિલોમીટર પ્રમાણે અલગ - અલગ એરિયામાં ફરશે જે દરમ્યાન ક્રિકેટ મહોત્સવને લોકો સુધી લઈ જવાશે અને રસ ધરાવતી ટીમોનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે. બીજા સત્રની આ ધૂમ - ધડાકા વાળી ટુર્નામેન્ટનું ઉદઘાટન સુપ્રસિદ્ધ ભૂતપૂર્વ ક્રિકેટર કપિલ દેવજીના શુભ હસ્તેદિલ્હીમાં થયું જેમાં એમણે પોતાના તરફથી સર્વશ્રેષ્ઠ ખેલાડીને રૂપિયા એક લાખ (૧,૦૦,૦૦૦) નું ઈનામ આપવાની ઘોષણા કરી, જે ઉદયપુરમાં ફાઈનલ મેચ ૨૪ ડિસેમ્બર, ૨૦૧૭ નાં રોજ રમાશે. ૪૦ લાખની કુલ ઈનામી રકમ સાથે આ વર્ષે વંડર સિમેન્ટ સાથ : ૭ ક્રિકેટ મહોત્સવમાં કુલ ૪૮૦૦૦ ખેલાડીઓ ભાગ લેશે અને તેમાં રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશ રાજ્યોમાં કુલ ૩૦૦ જગ્યાએ મેચો રમાશે. શોટ-’લિસ્ટ કરવામાં આવેલી ૧૬ ટીમ વચ્ચેની ૧૫ મેચ બાદ વિજેતા ટીમ તાલુકાની ટીમ તરીકે ઊભરી આવશે.તાલુકાની ટીમ જિલ્લા કક્ષાએ રમશે અને એમાંથી જિલ્લા કક્ષાની ટીમ વિજેતા તરીકે ચૂંટાશે. જિલ્લા કક્ષાની ટીમઝોનલ કક્ષાએ રમીને ઝોનલ વિજેતા ટીમ બનશે. ઝોનલ ટીમ ઉદયપુર ખાતે પ્લે ઓફમાં ટકરાશે. ફાઈનલ મેચઉદયપુરમાં રમાશે જ્યાં આ સ્પર્ધાની અને મહોત્સવની પૂર્ણાહુતિ થશે અને જેમાં આ મહોત્સવની વિજેતા ટીમઘોષિત કરવામાં આવશે. દુનિયાભરમાં ક્રિકેટપ્રેમીઓની સંખ્યા આઈપીએલ અને ટી-૨૦ ટુર્નામેન્ટ કરતા પણ વધારે છે. જોકે આ સ્પર્ધા અને મહોત્સવનો મુખ્ય હેતુ તો મૂળભૂત સ્તરેથી ક્રિકેટની રમતને પ્રોત્સાહન આપવાનો છે, પરંતુ તેમનોલક્ષ્યાંક તો એથીય ઊંચો છે. વંડર સિમેન્ટએ આ મહોત્સવનો ૨૦૧૫માં એક સામાજિક પ્રયોગ તરીકે પ્રારંભ કર્યો, જેનો મુખ્ય હેતુ ગ્રામીણ પ્રતિભાઓને વિકસાવી તેમને યોગ્ય તક આપવાનો હતો.

## ફેસબુક અને ગુજરાતની મુખ્ય ચૂંટણી અધિકારીની ઓફિસ સાથે મળીને લોકોને રાજ્યની આગામી ચૂંટણીમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરશે

અમદાવાદ

ફેસબુક અને ગુજરાતની મુખ્ય ચૂંટણી અધિકારીની દ્વારા આ વર્ષે ચૂંટણીઓ માટેના તેમના સહયોગની આજે જાહેરાત કરવામા આવી છે. આ સહયોગના ભાગ રૂપે ચૂંટણીના ૨ અલગ અલગ દિવસે (૯ ડિસેમ્બર અને ૧૪ ડિસેમ્બર) ફેસબુક રિમાઈન્ડર (યાદ કરાવવુ) દ્વારા લોકોને ન્યુઝ ફીડ દ્વારા જાગૃત કરીને રાજ્યની આગામી ચૂંટણીઓમાં સામેલ થવા માટે પ્રોત્સાહિત કરવામાં સહાય કરશે. આ રિમાઈન્ડરથી લોકોને ચૂંટણીમાં સામેલ થવાનું પ્રોત્સાહન મળશે અને ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી લોકોને વધુને વધુ સંખ્યામાં મત આપવા પ્રોત્સાહિત કરી શકાશે. સરકાર અને તેના નાગરિકો વચ્ચે સીધો સંવાદ થઈ શકે અને સમુદાયના નિર્માણમાં લોકોનો સહયોગ મળે તેવુ પ્લેટફોર્મ પૂરૂ પાડવુ તે ફેસબુકના ધ્યેયનું મહત્વનું મિશન છે. ફેસબુક એ લોકોને શિખવા માટેનું, વાત કરવા માટેનુ તથા તેમને સ્પર્શતા મુદ્દાઓ બાબતે જાણવાનુ મહત્વનું સ્થાન છે. દુનિયાભરના લોકો ઉમેદવારો તથા ચૂંટાયેલા લોકોને શોધવા, અનુસરવા ને જોડાવા માટે ફેસબુક તરફ વળી રહ્યા છે. આ એક દ્વિપક્ષી સંવાદ છે કે જેમાંલોકો જે માને તે જણાવે છે અને અધિકારીઓને પ્રમાણિક અને વાસ્તવિક પ્રતિભાવ મળે છે. ગુજરાતના લોકેને જાગૃતકરવામાં અને લોકો વિધાન સભાની ચૂંટણીમાં લોકોને નૈતિક રીતે સામેલ કરવામાં ફેસબુકનો સહયોગ મળ્યો છે તે અમારા માટે આનંદની બાબત છે. મને ખાત્રી છે કે બંને તબક્કામાં ચૂંટણીના દિવસે અપાતા રિમાઈન્ડરને કારણે લોકો મોટી સંખ્યામાં મતદાનમાં સામેલ થશે.

## ગ્રેટ ઓસ્ટ્રેલિયન એરફેર સેલ દ્વારા ૫૦મી વર્ષગાંઠ ઉજવતુ ટુરિઝમ ઓસ્ટ્રેલિયા

અમદાવાદ

આ વર્ષે ટુરિઝમ ઓસ્ટ્રેલિયા તેની ૫૦મી વર્ષગાંઠ ઉજવે છે. આ યાદગાર પ્રસંગેતેમણે ગ્રેટ ઓસ્ટ્રેલિયન એરફેર સેલ રજૂ કર્યુ છે,જે દ્વારા પ્રવાસીઓને ઉત્તમ એરફેર ડીલઓફર કરાશે. આ ઝુંબેશની શરૂઆત ૧ નવેમ્બર, ૨૦૧૭ થી કરવામાં આવી છે અને એમાં એર એશિયા, એરઈન્ડિયા,કેથે પેસિફિક, મલેશિયા એરલાઈન્સ , ક્વોન્ટાસ, સ્કૂટ, સિંગાપુર એરસાઈન્સ અને થાઈ એરવેઝ સહિત ૮ અગ્રણી એરલાઈન્સે સાથે મળીને સંભવિત ભારતીય પ્રવાસીઓને અદભુત એરફેર ડીલ ઓફર કર્યા છે. છેલ્લા પાંચ દાયકામાં ઓસ્ટ્રેલિયા વિશ્વ સ્તરના કુદરતી સૌંદર્ય, દર્શનીય વન્ય જીવન, વાનગીઓના સુંદર અનુભવ અને અનોખાં આકર્ષણોને કારણે એક ટોચના પ્રવાસન સ્થળતરીકે ઉભરી આવ્યું છે. ભારતીય પ્રવાસીઓને આકર્ષવા માટે ટુરિઝમ ઓસ્ટ્રેલિયા દ્વારા આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે અને એનો ઉદ્દેશ ઉત્તમ એરફેર ડીલ દ્વારા ભારતમાંથી ઓસ્ટ્રેલિયામાં પ્રવાસીઓને આકર્ષવાનો છે જેથી તે ઓસ્ટ્રેલિયામાં તેમના હવે પછીના પ્રવાસનું આયોજન કરી શકે. ગ્રેટ ઓસ્ટ્રેલિયન એરફેર સેલ તા. ૧લી થી ૨૧ નવેમ્બર, ૨૦૧૭ત્રણ સપ્તાહસુધી ચાલશે, અને પ્રવાસીઓ નવેમ્બર, ૨૦૧૮ સુધીમાં તેમનો પ્રવાસ ગોઠવી શકશે. લક્ષિત વર્ગ સુધી પહોંચવા માટે આ ઝુંબેશનો વિવિધ ડીજીટલ પ્લેટફોર્મ દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે અને મહત્વના ડિસ્ટ્રીબ્યુશન પાર્ટનર્સ અને ટોચના ઓનલાઈન ટ્રાવેલ એજન્ટસ તેને આગળ ધપાવશે. .

## એએનઆઈ ઈન્ટિગ્રેટેડ સર્વિસીસ લિ.નો આઈપીઓ ૦૮ નવે.ના રોજ ખુલશે, જેમાં કંપનીના રૂ. ૧૦ની મૂળ કિંમતના પ્રત્યેક ઈક્વિટી શેર માટે કિંમત રૂ. ૧૦૦ છે



અમદાવાદ

મુંબઈ સ્થિત એએનઆઈ ઈન્ટિગ્રેટેડ સર્વિસીસ લિમિટેડ (‘કંપની’), જે એન્જિનિયરિંગ સેવાઓમાં પ્રવૃત્ત છે, તે તેનું એસએમઈનું પ્રારંભિક જાહેર ભરણું (‘આઈપીઓ’ અથવા ‘ઈશ્યુ’) લાવશે, જે ૦૮ નવેમ્બર ૨૦૧૭ના રોજ ખુલશે અને ૧૦ નવેમ્બર ૨૦૧૭ના રોજ બંધ થશે, અને જેમાં કંપનીના રૂ. ૧૦ની મૂળ કિંમતના પ્રત્યેક ઈક્વિટી શેર (‘ઈક્વિટી શેર્સ’) માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૧૦૦ રહેશે. એએનઆઈ ઈન્ટિગ્રેટેડ સર્વિસીસ લિમિટેડ (‘એઆઈએસએલ’ અથવા ‘કંપની’ અથવા ‘ઈશ્યુઅર’)નું પ્રારંભિક જાહેર ભરણું રૂ. ૧૦ની મૂળ કિંમતના ૨૫,૬૫,૬૦૦ ઈક્વિટી શેર્સ માટે, રૂ. ૧૦૦ પ્રતિ ઈક્વિટી શેરનું છે, જેમાં રૂ. ૨,૫૬૫.૬૦ લાખ (‘ઈશ્યુ’) એકત્રિત થશે. તેમાં રૂ. ૧૦ની મૂળ કિંમતના ૧૬,૮૭,૨૦૦ નવા ઈક્વિટી શેર્સ રૂ. ૧૦૦ પ્રતિ ઈક્વિટી શેર, જે રૂ. ૧,૬૮૭.૨૦ એકત્રિત કરશે અને રૂ. ૮૭૮.૪૦ એકત્રિત કરતા ૮,૭૮,૪૦૦ ઈક્વિટી શેર્સની ઓફર ફોર સેલ સામેલ છે, તમામ સંભવિત રોકાણકારો ભરણામાં એપ્લિકેશન સપોર્ટેડ બાય બ્લોક્ડ અમાઉન્ટ (‘આસ્બા’) પ્રક્રિયાથી, એ બેન્ક ખાતાની વિગત પૂરી પાડીને ભાગ લઈ શકશે, જેમાં ભરણા માટેની રકમ સેલ્ફ સર્ટિફાઈડ સિંડિકેટ બેન્ક્સ (‘એસસીએસબીઝ’) બ્લોક કરશે. ઈશ્યુ અને નેટ ઈશ્યુને, કંપનીના ઈશ્યુ પછીના પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલમાં હિસ્સો, અનુક્રમે ૨૬.૪૮% અને ૨૫.૧૪% રહેશે.ઈશ્યુના લીડ મેનેજર્સ હેમ સિક્યોરિટીઝ લિમિટેડ છે. ઈશ્યુના રજિસ્ટ્રાર બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ છે. એએનઆઈ ઈન્ટિગ્રેટેડ સર્વિસીસ લિમિટેડના ઈક્વિટી શેર્સ એનએસઈના એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ કરવાના પ્રસ્તાવ છે.

## મિની પ્રધાન : “મારી ગુરુ મારી માઁ છે”



લાઈટસ, કેમેરા, ડાન્સ!! સાચે જ યોગ્ય હોય તેવી ડાન્સિંગ પ્રતિભા માટે તકોની દુનિયા ખોલતા ઈન્ડિયાના પ્રમુખ ડાન્સ રિઆલિટી શો ’ડાન્સ ઈન્ડિયા ડાન્સ’ની ૬ઠી સીઝન સાથે પાછો આવેલ છે. આ સીઝન આને અગાઉ કરતાં વધુ મોટી, વધુ સારી અને વધુ ગહન બનાવવા #AllAboutDAnce હોવાની ખાતરી છે. પ્રતિસ્પર્ધીઓની કાચી પ્રતિભાને મઠારી અને સુધારીને તેઓને ડાન્સિંગ સુપરસ્ટાર્સમાં રૂપાંતરિત કરવા હશે વિખ્યાત કોરિયોગ્રાફર્સ –મરઝી પેસ્તનજી, મુદ્દસ્સર ખાન અને પદાર્પણ કરી રહેલ મિની પ્રધાન જે શો પર માસ્ટર્સ હશે.

મિની પ્રધાને કહ્યું, “જયારે અન્ય છોકરીઓ પોતાના ગુરુઓ પાસેથી ’ઘુંઘરું’ની જોડ મેળવતી તો એક બાળક તરીકે, હું અપસેટ થઈ જતી અને મને ઓછું આવતું. જયારે મેં મારી માતાને વાત કરી, તો તેણીએ મને કહ્યું કે આર્ટમાં મારે માસ્ટર થવાનું છે તો જ મને ’ઘુંઘરું’ની જોડ મળશે. તે દિવસ પછી, મેં મારી માતાની સલાહ લીધી અને ડાન્સ ફોર્મને સાચી રીતે લેવા અથક મહેનત કરી. છેવટે જયારે મેં મારી માતા સમક્ષ ધારાપ્રવાહ ’એકતાલ’ પરફોર્મ કર્યું, તો તેણીએ મને મારા ’ઘુંઘરું’ની પ્રથમ જોડ ભેટમાં આપી જે હું હંમેશા વાગોળીશ.” DID સીઝન ૬ દેશને ઝૂમતા કરવા તૈયાર છે, ૪ નવેમ્બરના પ્રીમિયર થઈ દર શનિવાર અને રવિવાર રાત્રે ૯ કલાકે દર્શાવવામાં આવશે ફક્ત ઝી ટીવી પર!

## મેટ્રોપોલિટન સ્ટોક એક્સચેન્જે રૂ.૨૦૦ કરોડથીવધુ ભંડોળ ઉભુ કર્યું પુનઃજીવિત કરવાનું આયોજન મહત્વના વળાંક ઉપર

અમદાવાદ

એમએસઈ ( મેટ્રોપોલિટન સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડીયા લિમિટેડ) દ્વારા આજે જાહેરાત કરવામાં આવી છે કે તેણે એક વર્ષના ગાળામાં રૂ. ૨૦૯ કરોડ ઉભા કર્યા છે અને વધુ રૂ. ૯૫ કરોડ માટે ગોઠવણ કરી છે. આ દ્વારા ક્લિયરીંગ કોર્પોરેશનની આ પેટા કંપનીસ્ઝ્ઝૈંન (મેટ્રોપોલિટન સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડીયા લિમિટેડ)ની લિક્વીડ નેટવર્થ રૂ. ૩૦૦ કરોડની થશે અને તે જીઈઝ્ઝ ની જરૂરિયાતને પહોંચી વળશે. વધારાના ભંડોળ દ્વારા એમએસઈની પોતાની નેટવર્થમાં વધારો થશે. ટર્નએરાઉન્ડની વ્યૂહરચનામાં આ એક મહત્વનું વળાંક સ્થાન છે. ગયા જુલાઈ પછી તેણે વર્તમાન રોકાણકારો (ૈંન્શ્ન્નજી, ટ્રસ્ટ કેપિટલ, રોઝી બ્લૂ સિક્યોરિટિઝ, રાધાકૃષ્ણન દામાણી અને રાકેશ ઝુનઝુનવાલા)પાસેથી રૂ, ૯૭ કરોડ ઉભા કર્યા છે. આ ઉપરાંત સપ્ટેમ્બર ૨૦૧૭માં ખુલેલા જાહેર ભરણામાં રૂ. ૨૦૭ કરોડમાંથી સપ્ટેમ્બરના અંત સુધીમાં રૂ. ૧૧૨ કરોડ ભરણા દ્વારા મેળવવામાં આવ્યા હતા.

વધુમાં બીએસઈમાં નોંધપાત્ર હોલ્ડીગ ધરાવતા એનઆરઆઈ ઈનવેસ્ટર સિધ્ધાર્થ બાલાચંદ્રને પણ તાજેતરમાં એમએસઈનો પાંચ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે. ભંડોળનો ઉપયોગ સ્ઝ્ઝૈંની લિકવીડ નેટવર્થ વધારીને રૂ. ૩૦૦ કરોડ કરવા માટે કરવામાં આવશે. આ સિમાચિન્હ હાંસલ થયા પછી એક્સ્ચેન્જ નવી પ્રોડકટસ રજૂ કરવા માટે વૈધાનિક મંજૂરીઓ મેળવશે. એમએસઈ કે જે સૌથી યુવાન અને ત્રીજા નંબરનું નેશનલ લેવલનું સ્ટોક એક્સચેન્જ છે તેના દ્વારા વ્યૂહરચનાના ભાગ તરીકે હવે સ્થિર આવક અને કરન્સીસેગમેન્ટ વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે. તેણે તાજેતરમાં સભ્યોને સક્રિય કરવાની ઝુંબેશ હાથ ધરી છે. જે તેના સભ્યોને માળખાગતસહયોગ પૂરો પાડશે. વિવિધ પ્રોત્સાહન યોજનાઓ તથા લગભગ તમામકોન્ટ્રાકટઉપર નીચામાં નીચા ટ્રાન્ઝેકશન ચાર્જ અમલમાં મૂકવામાં આવ્યા છે. એકસચેન્જ દ્વારા સ્રૂ સ્જીઈ નામનો બિઝનેસ લોયલ્ટી પ્રોગ્રામ પણ અમલમાં મૂકવામાં આવ્યો છે. જેમાં સભ્યોએ પ્રોત્સાહન માટે લાયક થવા માટે કેટલાંક બિઝનેસ માટેનાં અને જોખમ નિવારણ માટેનાં માપદંડોનું પાલનકરવાનું રહે છે. પ્રોત્સાહનોમાં ટ્રેડીગ મેમ્બરે ક્લિયરીગ મેમ્બરને ચૂકવેલી ફી પરત કરવાનો તથા બ્રોકર્સ માટે સોદાનો ખર્ચ ઓછો કરવાનો સમાવેશ થાય છે.

## એરિસ્ટ્રોક્રેટે ૨૦૧૭ ડીએમએ ઈન્ટરનેશનલ ઈકો એવોડ્ર્સમાં બ્રોન્ઝ જીત્યો

એરિસ્ટ્રોક્રેટ, એશિયાના સૌથી વિશાળ સામાન ઉત્પાદક વી.આઈ.પી. ઉદ્યોગોએ ન્યુયોર્કમાં તાજેતરમાં યોજાયેલ ૨૦૧૭ ડીએમએ ઈકો ઈન્ટરનેશનલ એવોડ્ર્સમાં બ્રોન્ઝ જીત્યો. આ બ્રાન્ડે પોતાના અભિયાન ‘અનપેક યોર ડ્રીમ્સ’માં આર્ટીફિશિઅલ ઈન્ટેલિજેન્સનો ઉપયોગ કરવા બદલ બ્રોન્ઝ જીત્યો. ભારતીય ક્રિકેટર આર.અશ્વિન અન

ે રોહિત શર્માની આગેવાની હેઠળ આ અભિયાન કરવામાં આવ્યું હતું.ડીએમએ ઈકો એવોડ્ર્સને સૌથી જુના અને સૌથી આદરણીય પ્રતિભાવ સાથે ઈન્ટરનેશનલ માર્કેટીંગ કેલેન્ડરમાં સ્થાન આપવામાં આવ્યું. ડેટા એન્ડ માર્કેટીંગ એસોશિએશન (ડીએમએ) ઈકો એવોડ્ર્સ ૨૦૧૭,

આ વર્ષે ન્યુયોર્કમાં યોજવામાં આવ્યો હતો જેમાં ૨૪૦ જજોની પેનલ, ઈન્ટરનેશનલ ડેટા એન્ડ માર્કેટીંગના સમુદાયો, સમગ્ર માર્કેટીંગ ઈકોસિસ્ટમમાં ત્રણ સખત રાઉન્ડ હતાં. જેમાં ૩૧ જુદી જુદી કેટેગરીનો સમાવેશ થાય છે.એરિસ્ટ્રોક્રેટ માટે ૨૦૧૭નું વર્ષ સારું રહ્યું છે જેમાં તેને એવોડ્ર્સની હેટ્રિક લગાવી છે.જેમકે ક્યુરિયસ એવોડ્ર્સ, જ્યાં ‘મીડિયા – યુઝ ઓફ સોશિયલ પ્લેટફોર્મ’ કેટેગરીમાં બ્રાન્ડે વાઈટ એલિફન્ટ એવોર્ડ અને આઈડીએમએ એવોડ્ર્સ, બેસ્ટ ડિજિટલ રિસ્પોન્સ અભિયાનમાં ગોલ્ડ જીત્યો.

## જિપર એસોશિએશન ઓફ ઈન્ડિયાની માંગ, જિપર પર જીએસટી દર ૧૮% થી ૧૨% થાય

જિપર એસોશિએશન ઓફ ઈન્ડિયાના જીએસટી કાંઉન્સીલ ના ચેરમેનને આ માંગ કરી, કે જિપરનું જીએસટી ૧૮% થી ૧૨% સુધી લાવી શકાય . અત્યારે ગારમેન્ટ ઈન્ડ્રસ્ટ્રીઝ પર જીએસટી દર ૫% થી ૧૨% છે અને જિપર પર ૧૮% છે. જિપર ઈન્ડ્રસ્ટ્રીઝ નાના ઉદ્યોગના સ્થાનમાં આવે છે જેમાં આખા દેશભરના લાખો લોકો જોડાયેલા છે. આ ઈન્ડ્રસ્ટ્રીઝમાં સૌથી વધારે મહિલાઓ કામ કરે છે. જિપરનો સૌથી વધારે ઉપયોગ ગારમેન્ટ ઈન્ડ્રસ્ટ્રીઝમાં થાય છે એટલા માટે ભારતીય બજારમાં આની વધુ માંગ રહે છે.અત્યારે જિપર પર ૧૮% ટેક્ષ લગાવાના કારણે ગારમેન્ટ ઈન્ડ્રસ્ટ્રીઝના ભાવમાં વધારો જોવા મળ્યો છે. ગારમેન્ટના વેપારી આ જિપરો બીજા દેશો જેમકે બાંગ્લાદેશ, થાઈલેન્ડ, કંમ્બોડિયા અને વિયતનામથી મંગાવે છે જે ભારતીય બજારોથી બહુ સસ્તા છે. જો આવી સ્થિતિ રહી તો ભારતમાં આ ઈન્ડ્રસ્ટ્રીઝને બહુ મોટું નુક્શાન થવાની સંભાવના છે અને આની સાથે જોડાયેલા લાખો લોકો ખાસ કરીને મહિલાઓ બેરોજગાર થઈ જશે. “જિપર પર ૧૮% સ્લૈબ હોવાથી આ ઈન્ડ્રસ્ટ્રીઝ બહુ પ્રભાવિત થઈ રહી છે. જો આવી જ સ્થિતિ રહેશે તો જિપર ઈન્ડ્રસ્ટ્રીઝ વિલુપ્ત થઈ જશે અને આની સાથે જોડાયેલા લાખો લોકો બેરોજગાર થઈ જશે. સરકારે આ મુદ્દા પર ધ્યાન આપવાની જરુરત છે. ૮ નવેમ્બરે જીએસટી કાઉન્સિલની થવાની બેઠકમાં સરકારે અમારી માંગ ગંભીરતાથી લેવી જોઈએ.” આ ક્ષેત્ર એની ક્ષમતાના કારણે નહીં પરંતુ સરકાની પોલિસીને કારણે નીચે જઈ રહી છે. જીએસટીનો દર ૧૨% કરવાથી જિપર ઈન્ડ્રસ્ટ્રીઝમાં તેજી આવશે. સ્થાનિક ઉત્પાદન અને જિપરોના પુરવઠાની ડિલિવરીનો સમય ઘટાડવામાં આવશે, નિકાસ પ્રોત્સાહન આપવામાં આવશે અને ગારમેન્ટના ઉદ્યોગની બ્રાંન્ડની પ્રતિષ્ઠા પણ વધશે. આ ઉપરાંત, નિકાસમાં વધારો સરકારની આવકમાં નોંધપાત્ર વધારો થશે.

## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા થયેલી પ્રેસ કોન્ફરન્સ સંદર્ભે આપવામાં આવેલ રદીઓ

હાલમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા એક પ્રેસ કોન્ફરન્સ દ્વારા પાટીદારો તરફથી શરૂ કરવામાં આવેલ આંદોલન સંબંધિત કેટલાક મુદ્દાનો પ્રચાર કરવામાં આવેલ.

પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યા પ્રમાણે પાટીદાર દીકરાઓ દ્વારા થતું અનામત આંદોલનની સામે કહેવાતી ફક્ત પાટીદાર સંસ્થાઓ દ્વારા જે ખોટા નિવેદનો કરવામાં આવે છે. તેને તેઓએ સખત શબ્દોમાં વખોડી કાઢી છે. પરંતુ હકીકત એ છે કે કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટે આ પ્રેસ કોન્ફરન્સને જ વખોડતાં કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટના પ્રમુખ ભીખુભાઈ પટેલે અત્યંત કડવા શબ્દોમાં કહ્યું છે કે હાર્દિક પટેલના આંદોલન દરમિયાન જે ૧૪ પટેલ છોકરાઓનું સરકારની ગોળીથી મૃત્યુ થયું હતું તે માટે તેમને કમ્પન્સેશન આપવાનું સરકારનું નિવેદન હજુ સુધી સાકાર થયું નથી. જો એ કામ અમારે જ કરવાનું હોય તો તે માટે અમે પૈસા ઉભા કરી શકીએ છીએ પરંતુ સરકારે આપેલા વચનોથી તે આજે ફરી રહી છે.

આ ઉપરાંત એક ખાસ નિવેદન એ છે કે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનને કહેવાનું કે તેઓ સરકારના હથિયાર બનવાનું છોડી દે અને આ પ્રકારની પ્રેસ કોન્ફરન્સ કરીને જનતાને અને અન્ય લોકોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે.

વિશ્વ ઉમિયા ટ્રસ્ટ દ્વારા કહેવામાં આવ્યું હતું કે પાટીદાર દિકરાઓ દ્વારા થતું અનામત આંદોલનની સામે કહેવાતી ફકત પાટીદાર સંસ્થાઓ દ્વારા જે ખોટા નિવેદનો કરવામાં આવે છે. તેને અમો સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. તેમજ સમાજનો એક એવો વર્ગ છે જેને ખરેખર શિક્ષણ, આરોગ્ય અને રોજગારીની ખૂબ જરૂર છે.

# ઉર્દુ શીખી રહ્યા છે રામ, અને સંસ્કુત ભણે છે રહીમ !

આજકે દૌર મેં એ દોસ્ત યે મંજર ક્યું હૈ ? .જખ્મ હર સરપે, હર એક હાથમેં પત્થર ક્યું હૈ ? . જબહકીકત યે હૈ કિ, હરઝર્રેમેં તુ રહેતા હૈ, . ફીર જમી પરકહી મસ્જિદ કહી મંદિર ક્યું હૈ ?

(આજના સમયમાં હે મિત્ર ! આવું દ્રુશ્ય કેમ છે ? કે, દરેક્ના માથા પર એક ઘા છે અને દરેક ના હાથમાં એક પત્થર કેમ છે? જ્યારે હકીકત એવી છે કે (વિશ્વના) દરેક કણ કણમાં તું વસે છે, તો પછી આ પ્રુથ્વી ઉપર ક્યાંક મસ્જીદ તો ક્યાંક મંદિરકેમ છે ?)મંદિર-મસ્જીદ એમની જગાએ છે. માણસ પોતાની જગાએ અને માનવતા પોતાની જગાએ છે..માનવતાને માનવતાને મંદિર-મસ્જિદની રીતે ન મૂલવી શકાય. ગંગા જમુના સભ્યતાનું પરિણામ પણ એજ છે.માનવતાની આ પાયાની સમજ રામપુરના આ સમજદાર બાળકો અને એમના પરિવારોમાં દેખાય છે. રામપુરના અષ્ટબલ રોડ ઉપર મદરેસા અને શિશુમંદિરમાં જે બાળકો ભણે છે,એ મોટા મોટા લોકોને ગંગા-જમના સભ્યતાની સફળતા ભણાવી રહ્યા છે.રામપુરનું સરસ્વતી શિશુ વિદ્યામંદિર , ઈન્ટર કોલેજ જે સનાતન સંસ્કુતિ અને વૈદિક શિક્ષણ પદ્ધતિ પર આધારિત છે,એમાં સવારની શરૂઆત સરસ્વતીવંદના, ગાયત્રીમંત્ર, એકાત્મ સ્તોત્ર અને શાંતિપાઠથી થાય છે,વંદેમાતરમ ‘ઓમ’ નું ઉચ્ચારણ અનેસૂર્યનમસ્કાર જેવી પ્રક્રિયાઓ થતી હોય છે.અને બધા વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ આ બધું કરતા હોય છે.૩૫૦ માંથી ૫૦ છાત્ર મુસ્લિમ છે,પરંતુ કોઈ ઓળખી ન શકે કે, કોણ હિન્દુ છે અને કોણ મુસલમાન . બધા બાળકોએ ફૈઝાન પાશા (મુખ્યવિદ્યાર્થી )ને એમના નેતા તરીકે પસંદ કરેલ છે. શિક્ષક રાકેશકુમારના જણાવ્યા મુજબ આઠમી સુધીના તમામ વિદ્યાર્થીઓસંસ્કુત ભણે છે,અને ગુરુવંદનાની સાથે સાથે વંદેમાતરમ્ પણ ગાય છે.જુમ્મા (શુક્રવાર)ના દિવસે મુસ્લિમ વિદ્યાર્થીઓનેનમાજ પઢવાની છૂટ આપવામાં આવે છે, જેથી તેઓ સમયસર મસ્જિદ પહોંચી શકે. ફૈઝાન પાશાના પિતા અન્સારહુસેનનું કહેવું છે કે, શિશુમંદિરમાં બાળકોને સંસ્કાર આપવામાં આવે છે. અને સામાજિક રીતભાત શીખવવામાં આવેછે.બાળકો પણ એમના ગુરુજનો અને સહાધ્યાયીઓની પ્રશંશા કરે છે,એથી જ દીકરાને તેઓ ત્યાં ભણાવે છે.આવું જ સરસ વાતાવરણ જમીયત ઉલ અન્સાર મદરેસામાં પણ છે. ત્યાં મુસ્લિમ બાળકો સાથે હિન્દુ બાળકો પણશિક્ષણ મેળવે છે, ઉત્તર પ્રદેશ મદરેસા બૉર્ડ તરફ્થી આ મદરેસાને હાઈસ્કૂલ સુધીની માન્યતા મળેલ છે.મદરેસાના સંચાલકખાલીદ અન્સારી જણાવે છે કે, અહીં જમીયત ઉલઅન્સાર મદરેસામાં રામ ભણે છે, અને સરસ્વતી શિશુમંદીરમાં રહીમ ! માનો કે ગંગા-જમની સભ્યતા એક સાથે વહી રહીછે. આ પ્રસંગ ભારતીય વિચારધારા અને એના મજબૂત તાણાવાણાની વાનગી પેશ કરે છે. સરસ્વતી શિશુ વિદ્યામંદિર નીઈંટર કોલેજમાં જ્યાં મોટી સંખ્યામાં મુસ્લિમ બાળકો સંસ્કુત શ્લોકોનું વાચન કરે છે-શીખે છે. ત્યાં જમીયત ઉલ અન્સારમદરેસામાં અનેક હિન્દુ બાળકો ઉર્દૂની તાલીમ પ્રાપ્ત કરે છે. આ મદરેસામાં ધાર્મિક શિક્ષણની સાથે સાથે હિન્દી,અંગ્રેજી,ગણિત અને વિગ્યાનનું શિક્ષણ અપાય છે, આ મદરેસાની સ્થાપના ૧૯૫૨ માં કરવામાં આવી.ત્યારથી જ અહીં મુસલમાનઅને હિન્દુ પરિવારોનાં બાળકો ભણતાં રહ્યાં છે. મદરેસામાં ૪૦૦ થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ છે. અહીં અભ્યાસ કરતાસોમ જોશીના પિતા મહેન્દ્ર જોશીનું કહેવું છે કે, મદરેસામાં શિક્ષણ સારુ

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

# સુવાકયો

સાચી મહેનત વગર કોઇપણ વ્યક્તિમાં મહાન વ્યક્તિત્વ પેદા થઇ શકતું નથી...
ઇજ્જત, આબરુ પૈસાથી નહિં પણ નમ્રતાના ગુણોથી મળે છે...
મિત્ર મેળવવાનો એક જ રસ્તો છે...પોતે જાતે કોઇના મિત્ર બની જાઓ...
પોતાની નીંદા સહન કરનાર વ્યક્તિએ સમગ્ર વિશ્વ પર વિજય મેળવ્યો છે.
પ્રેમ સૌથી કરો, વિશ્વાસ થોડાનો કરો પરંતુ કોઇનુંય કદાપિ ખરાબ ન કરવું.
સત્વગુણ, રજોગુણ અને તમોગુણ પ્રકૃત્તિમાંથી ઉદભવેલા આ ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને બાંધે છે.
બ્રાહ્મણનો સૌથી મોટો શત્રુ અહંકાર છે...
સંસારમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાનદાન છે...



**આરાધના** નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## ભગવાનની મુરતી હું બનાવું છું અને પછી તેની પાસે જ કાંઇક માગું છું !!

મનુષ્ય સામાજીક પ્રાણી છે.મનુષ્ય બુધ્ધિશાળી, ચાલાક અને ચબરાક છે, હોંશિયાર છે રોજ સવારે જાગીને ભગવાનનાં દર્શન કરવા જાય છે. જે ભગવાનની મુર્તી પોતે જ, પોતાની કલ્પના પ્રમાણે બનાવી છે અથવા બનાવડાવી છે એ મૂર્તિમાં પ્રાણ પુરવાની વિધિ પણ માણસ જ કરે છે. મંદીરમાં સ્થાપના પણ કરે છે અને પછીતેની આગળ બે હાથ જોડીને પ્રાર્થના કરે છે, કરગરે છે, કાલાવાલા કરે છે, પોતાની મનોકામના પુર્ણ કરવાની માંગણી પણ કરે છે.

કાળક્રમે આ મૂર્તી ઘસાઈ જાય, ખંડિત થાય કે જુનવાણી ઘાટવાળી લાગે તો તે મુર્તિનું વિસર્જન પણ માણસ જ કરે છે. આ રીતે માણસ ભગવાનની મૂર્તિ બનાવે છે અને પછી તે મુર્તિ પાસે જ કાંઈક માંગતા જોઈને બીજા લોકો તેમની ટીખળી પણ કરે છે કયારેક નકલ પણ કરે છે.

ભગવાન તો નિરંજન, નિરાકાર છે અત્ર,તત્ર, સર્વત્ર વ્યાપ્ત છે. તે મારામાં તમારામાં અને પેલામાં સભર ભરેલા છે. આવા પરમાત્મા કે જે કયાંય, કયારેય ખોવાતા જ નથી. તેમને શોધવા નીકળવું એ મોટું આશ્ચર્ય છે. જેમ લાકડામાં અગ્નિ, તલમાં તેલ અને દુધમાં ઘી વ્યાપ્ત છે, પરંતુ દેખાતું નથી તેમ પરમાત્માને જોઈ શકાતા નથી. પરમાત્મા જોવાની વસ્તુ નથી તે તો માત્ર અનુભવવાની વસ્તુ છે.

ભગવાનમાં જાગી જવું તેની અનુભૂતિ કરવી એ એક માત્ર માર્ગ પરમાત્માને પામવાનો છે.

આવા નિરંજન, નિરાકાર, પરમાત્માની આરાધના કરવી તેમાં મનને ચોંટાડવું અઘરૂં છે. મન બહુ જ ચંચળ છે તે કયારેય પકડાય તેવું નથી. તેથી આરાધના કરવા માટે કોઈ અવલંબનની જરૂર પડે છે.

આપણે પરમાત્માને આપણા જેવા જ જોવા ઈચ્છીએ છીએ તેની સાથે વાતો કરવા,તેને લાડ લડાવવા અને કયારેક તેની સાથે ધીંગામસ્તી કરવાની ભાવના કરીએ છીએ તેથી ભગવાનને મુર્તિ સ્વરૂપે આપણે જ બનાવ્યા છે.

દરેક સાધક, આરાધક ભકત પોતાના વિચાર ક્ષેત્રને અનુરૂપ ભગવાનની કલ્પના કરતા હોવાથી અલગ અલગ આકારનાં દેવ દેવીઓનું મૂર્તિ રૂપે આપણે સર્જન કર્યું છે.

કયાંક એ મૂર્તિને નાના દેરામાં અને કયારેક મોટા મહાલયોમાં આપણે જ તેમની સ્થાપના કરીએ છીએ, નવડાવીએ છીએ, ઋતુ પ્રમાણે વસ્ત્રો વાઘા પહેરાવીએ છીએ,

## યત્તુ કૃત્સ્નવદેકસ્મિન્કાર્યે સકતમહૈતુકમ્ ।
## અતત્વાર્થવદલ્પં ચ તત્તામસમુદાહતમ્ ॥

ગુણસંખ્યાનશાસ્ત્ર એટલે સાંખ્યદર્શનમાં સત્વાદિ ગુણભેદે કરીને જ્ઞાન, કર્મ અને કર્તાનો ત્રણ ત્રણ પ્રકારની વાત કહી છે.ભૂતમાત્રમાં એક અવ્યય અભેદભાવનું દર્શન કરવું તે સાત્વિક જ્ઞાન. વિભિન્ન પ્રાણીઓમાં પૃથકતાનું દર્શન કરવું તે રાજસિક જ્ઞાન. આગળના બે શ્લોકોમાં આ બંને જ્ઞાનનું વર્ણન કર્યા બાદ હવે તામસ જ્ઞાનનું વર્ણન કરતાં નીચેના શ્લોકમાં કહે છે કે :

**યત્તુ કૃત્સ્નવદેકસ્મિન્કાર્યે સકતમહૈતુકમ્ ।**
**અત્તત્વાર્થવદલ્પં ચ તત્તામસમુદાહતમ્ ॥ ૧૮-૨૨ ॥**

'વળી પરંતુ (તુ) જે જ્ઞાન(યત્) એકલા કાર્યરૂપ શરીરમાં જે એક જ કાર્યમાં (એકસ્મીન્ કાર્ય) પૂર્ણ રૂપે, પરિપૂર્ણ માનવાવાળું સંપૂર્ણની જેમ (કૃત્સ્નવત્) આસક્તિવાળું આસકતરહેનારૂં (સકતમ્) કોઈ હેતુ વગર કારણ વિના-હેતુરહીત (અહૈતુકમ્) તત્વાર્થ રહીત વાસ્તવિક જ્ઞાનથી રહીત (અતત્વાર્થમ્) અને તેમજ (ચ) અત્યંત તુચ્છ છે. (અલ્પમ્) તે જ્ઞાન (તત્) તામસ (તામસમ્) કહેવાયું છે-કહેવાય છે (ઉદાહતમ્)'

આ શ્લોકમાં 'તામસ જ્ઞાન' નુ લક્ષણ કહેવામાં આવ્યું છે. જે જ્ઞાન એક જ કાર્યમાં તેના સ્વરૂપને સમજ્યા વગર તેનો હેતુ વિચાર્યા વગર તેમાં પુર્ણ રીતે આસકત થઈ જાય છે તે અલ્પ-તુચ્છ જ્ઞાનને તામસ કહે છે. તામસ મનુષ્ય એક જ શરીરમાં સંપુર્ણતાની માફક આસકત રહે છે અર્થાત ઉત્પન્ન અને નષ્ટ થવાવાળા આ પાંચ ભૌતિક શરીરને જ પોતાનું સર્વસ્વ માને છે. તામસ જ્ઞાનવાળાની માન્યતા શાસ્ત્ર પ્રમાણની વિરૂદ્ધ હોય છે. જે મનુષ્ય શાસ્ત્રોકત આદેશોથી કે અધિકૃત પ્રમાણોથી જ્ઞાનોપાર્જન કરતો નથી તેનું જ્ઞાન શરીર પુરતું જ સીમીત રહે છે. તેને શાસ્ત્રોના આદેશો પ્રમાણે કાર્ય કરવાની પરવા હોતી નથી આવા જ્ઞાનનો પરબ્રહ્મ સાથે કોઈ સંબંધ હોતો નથી.

તામસ જ્ઞાન ચાર પ્રકારનું કહ્યું છે : સકતમ્ એટલે 'આસક્તિવાળું' વિપરીત, અવળા જ્ઞાન વડે માણસ એક ક્ષણભંગુર અને નાશવંત શરીરને જ આત્મા માનીને જાણે એ જ સર્વસ્વ છે એમ માની એમાં આસકત રહે છે. મોટાભાગના લોકો 'કેવળ શરીર' જ છે એમ માનીને એક જ દેહ માટે આસક્તિ યુકત હોય છે: 'અહેતુકમ્' એટલે હેતુરહીત યુક્તિરહીત કે વિચારહીન' અર્થાત્ જેમાં કાર્યકારણનો યથાયોગ્ય બોધ થતો નથી. તે 'અહેતુકમ્' તામસ મનુષ્યની માન્યતા યુક્તિ અને શાસ્ત્ર પ્રમાણથી વિરૂદ્ધ હોય છે. આ શરીર અને હું બંને અલગ અલગ છે એવા પ્રકારના વાસ્તવિક જ્ઞાનથી તે રહીત છે.

'અતત્વાર્થવત્' એટલે તત્વાર્થરહીત વાસ્તવિક જ્ઞાનથી રહીત' તામસ જ્ઞાનનો એ દોષ છે કે તેમાં સત્ય તત્વનું જ્ઞાન થતું નથી. કાં તો વીપરીત જ્ઞાન અથવા અજ્ઞાન થાય છે. યથાયોગ્ય જ્ઞાન કદી થતું નથી. તામસિક પુરૂષ પ્રત્યેક વસ્તુની બાબતમાં વિપરીત કલ્પના કર્યા કરે છે. પોતાના મતને જ માન્ય ગણે છે..અલ્પમ્ એટલે અત્યંત તુચ્છ આવા જ્ઞાનવાળાની સમજ અત્યંત તુચ્છ હોય છે. તેથી આ શ્લોકમાં તત્ જ્ઞાનમ્ કહેવામાં ભગવાનને સંકોચ થયો છે. આગળના બંને શ્લોકમાં તત્ જ્ઞાનમ્ પદ આપ્યું છે પરંતુ આ શ્લોકમાં ભગવાને જ્ઞાનમ્ પદ' ન આપીને યત્ અને તત પદથી જ કામ ચલાવ્યું છે.

તામસ જ્ઞાન એટલે અજ્ઞાન, વિપરીત જ્ઞાન કે અશુધ્ધ જ્ઞાન એક જ કાર્યને સર્વ માનનારૂં કારણ પર ધ્યાન ન આપનારૂં અને સંકીર્ણ દર્શનવાળું જ્ઞાન તામસ જ્ઞાન છે. આમ આ શરીરથી પર આત્મા વિશેના જ્ઞાનને સાત્વીક કહેવાય છે. જે જ્ઞાનથી દુન્યવી તર્ક તથા ચિંતન દ્વારા વિવિધ પ્રકારના વાદ ઉત્પન્ન થાય તે 'રાજસી' કહેવાય છે અને શરીરને સુખમાં બાંધી રાખવાવાળું જ્ઞાન તામસી કહેવાય છે. બીજી રીતે કહીએ તો જેમાં આસક્તિ હોય, જેમાં હેતુ કારણ ન હોય કે તત્વનાં ઠેકાણાં ન હોય તેવા પ્રકારના અધકચરા જ્ઞાનને તામસ જ્ઞાન કહે છે.

**અધ્યાત્મ** ૫૮૯ પ્રિ.ડો.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** ભગવાનદાસ બંધુ

## ઉત્સાહી અને પ્રેરણાદાયી માહોલમાં સંપન્ન થયેલ મહેસાણા જલારામ મંદિરની પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજની રામકથા



ઝગમગતા દિવડાઓ પ્રગટાવ્યા પછી નૂતન વર્ષમાં ભવ્યાતિભવ્ય પ્રવેશ સાથે જ મહેસાણા જલારામ મંદિર પ્રાંગણ ખુબ જ આનંદ અને ઉત્સાહથી રણઝણી ઉઠયું હતું. અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલું મહેસાણાનું જલારામ મંદીર અનેક પ્રકારની ઉજ્જવળ માનવતાવાદી પ્રવૃત્તિઓ માટે અતિ તત્પર છે. મહેસાણામાં અંદાજે ૧૩૦ જેટલાં રઘુવંશી લોહાણા પરિવારો વસવાટ કરે છે પરંતુ સમગ્ર મહેસાણા નગરની અને જિલ્લાની તમામ જ્ઞાતિઓના અતિ સુંદર સાથ સહકારથી ખુબ જ સારૂં કાર્ય અવિરત ચાલુ રહે છે. તા.૨૧-૧૦-૧૭ શનિવાર અને ભાઈબીજનો દીવસ મહેસાણા નગર માટે પ્રેરણાદાયી અને પ્રકાશમય હતો. મહેસાણા નગરમાં ભવ્યાતિભવ્ય શોભાયાત્રા સાથે જ જલારામ મંદિર પાલાવાસણા ખાતે પૂજ્ય સદ્ગુરૂ દેવ શ્રી આનંદમૂર્તીજી મહારાજની દિવ્ય વાણી અને રસમય ધારામાં રામકથાનો શુભારંભ થયો હતો. મહેસાણા જલારામ મંદિરની ટીફીન સેવા સહિતની વિવિધ પ્રવૃત્તિઓ વંદનીય, અનુમોદનીય, અનુકરણીય અને પ્રશંસનીય છે.

જલારામ મંદિર મહેસાણાના અતિ આદરણીય, હોંશિલા અને અનુભવી પ્રમુખ વડીલ અમૃતભાઈ ઘેલા, થનગનાટભર્યા દ્રષ્ટિવાન મંત્રી સુરેશભાઈ ઠક્કર, ઉત્સાહી અને કર્મઠ ઉપપ્રમુખો માણેકભાઈ ઠક્કર અને દિપકભાઈ મજેઠીયા સહીત તમામ હોદ્દેદારો, મહિલા મંડળની ઉત્સાહી અને જાગૃત બહેનો, યુવક મંડળના ખંતીલા, થનગનતા કર્મઠ યુવાનો એમ સૌના મજબુત સંકલનથી રામકથામાં અનેરા ઉત્સાહનું ઉમેરણ થયું. વિવિધ સંતો અને જાહેર જીવનના અનેક મહાનુભાવોએ પણ આ કથામાં સમયોચિત હાજરી આપી, પૂજય જલારામ બાપાનાં દર્શન કરી કથા શ્રવણ કરી પોતાની જાતને પુણ્યશાળી બનાવી.

ભવ્યાતિભવ્ય કથામંડપ, સુગમતાભરી બેઠક વ્યવસ્થા, ભાવતાં ભોજન, ચા-નાસ્તાની સગવડ, પીવાના પાણીની વ્યવસ્થા, રહેવાની વ્યવસ્થા, કથા સ્થળ સુધી આવવા-જવાની સગવડ સહિત તમામ બાબતોનું ઝીણવટભર્યું ધ્યાન રખાયું હતું. નાના-મોટા અનેક દાતાઓએ પણ પોતાની મહામૂલી સંપત્તિમાંથી મહાલક્ષ્મીજીનો સદ્ઉપયોગ કરી ઓછા વધતા પ્રમાણમાં મહેસાણા જલારામ મંદિરને દાન આપી કાર્યકરોની કાર્યશક્તિમાં વધારો કર્યો હતો. મહેસાણા નગર કે બહારગામથી પધારતા મહેમાનો, મહાનુભાવો અને દાતાઓને યોગ્ય રીતે સન્માનીત કરી બહુમાન અપાયું હતું.

મહેસાણા, થરા, શિહોરી, ચાણસ્મા, સિદ્ધપુર, હારીજ, પાટણ, સમી, નડિયાદ, ભાભર, દિયોદર, થરાદ, ડીસા, પાલનપુર, ભીલડી, ખીમાણા, ગાંધીનગર, અમદાવાદ, કડી, કલોલ, વડોદરા, મુંબઈ, સુરત, નવસારી, આણંદ, સાણંદ, સાબરકાંઠા, ઉણ, પાંથાવાડા, દાંતીવાડા, વિરમગામ, મહેસાણા જિલ્લો, સમગ્ર ઉત્તર ગુજરાત અને ગુજરાતમાંથી કથારસિકો, જલારામપ્રેમીઓ અને મહેસાણા સાથે સંકળાયેલા સ્નેહીજનોએ ખાસ પધારીને કથા શ્રવણ કરી ધન્યતા અનુભવી હતી.

મહેસાણા રઘુવંશી લોહાણા સમાજના આગેવાન આર.જે.ટી.પરિવારે મુખ્ય યજમાનનો લાભ લીધા પછી અનેક દાતાઓએ પોતપોતાની ઈચ્છા અને શક્તિ મુજબ દાન લખાવી ખુબ જ પ્રેમથી સહકાર આપ્યો હતો. પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજને સાંભળવા એ જીવનનો એક મહામૂલ્ય લ્હાવો છે. મહેસાણા જલારામ મંદિર સાથે સંકળાયેલા અનેક વડીલો, યુવાનો અને મહિલાઓએ પણ સૌની ખરા દિલથી મહેમાનગતિ કરી કોઈને કોઈ પણ પ્રકારની અગવડ ના પડે તેનો ખ્યાલ રાખ્યો હતો.

પ્રથમ દિવસે આયુષી ઠક્કરના ભારતનાટયમ અને શ્રીમતી ઉર્વશીબેનના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ ગણેશ વંદના, કેયા ઠક્કર, સાનીયા ઠક્કર, દિયા ઠક્કર, પ્રાચી ઠક્કર, નીધિ ઠક્કર, દેવાંશી ઠક્કર, જીયા ઠક્કર, વેદાંત ઠક્કર, બ્રિજેશ ઠક્કર અને શ્લોક ઠક્કરે રજુ કરીને સૌને પ્રભાવિત કર્યા હતા. સમગ્ર કથાનું સંચાલન નંદુભાઈ બારોટ, રામાયણ પ્રેમી માણેકભાઈ ઠક્કર અને ભગવાનભાઈ બંધુએ કર્યું હતું. કથા દરમ્યાન અનેક ભાઈ-બહેનોએ ભગવાન રામના નામે ખરા દિલથી નાચીને પોતાની જાતને ધન્ય બનાવી હતી. કથા દરમ્યાન આનંદ સત્સંગ પરિવારના જયંતિભાઈ ઓઢાવાળા, પ્રશાંતમૂર્તિજી મહારાજ, સિદ્ધમુર્તિજી મહારાજ, બાળનાથજી મહારાજ, રમેશભાઈ ભુદરા, ચંદુભાઈ ખલાસી અને મુકેશભાઈ ચૌહાણનું પણ માર્ગદર્શન મળ્યું હતું. સાજીંદા ગ્રુપના પ્રવિણભાઈ, મિતેષભાઈ, સિક્કાભાઈ, હેમંતભાઈ, ચંદ્રકાંતભાઈ અને મનીષભાઈની સેવા પણ અદ્ભુત હતી. રાધેશ્યામ સાઉન્ડના રામભાઈ અને તેમની ટીમ તેમજ રાધેશ્યામ મંડપ થરાના હરિભાઈ અને દિનેશભાઈની સેવા પણ પ્રેરણાદાયી હતી.કથા દરમ્યાન અનેક સંતો અને મહાનુભાવોએ પોતપોતાના વિચારો પ્રગટ કર્યા હતા. છેલ્લા દિવસે ખુબ જ જાણીતા સાહિત્યકાર અને જયોત સે જયોત જગાવોના સંપાદક કનુભાઈ આચાર્યે પોતાના પ્રતીભાવમાં પૂજ્ય ગુરૂદેવ આનંદમૂર્તીજી મહારાજનો ખુબ જ ઉંડાણપૂર્વક પરિચય આપી મહેસાણા જલારામ મંદિરની ટીમને અઢળક અભિનંદન આપ્યા હતા. શ્રી જલારામ મંદિર મહેસાણાથી ૫ કી.મી. દુર હોવા છતાં પણ સૌએ કથાને ભરપુર સાંભળી અને માણી હતી. સત્ય સાંઈબાબાની મુર્તિ પ્રતિષ્ઠા, જલારામ જન્મજયંતિ મહોત્સવ અને રામકથા એમ પ્રેરણાદાયી ત્રિવેણી મહોત્સવથી માહોલ ધર્મમય બન્યો હતો. કથા દરમ્યાન પૂજય ગુરૂદેવનાં માતૃશ્રી પૂજય નંદુબાની હાજરીથી પણ સૌએ રાજીપો વ્યકત કર્યો હતો. કોઈ પણ પ્રકારના વિઘ્ન સિવાય પુર્ણ થયેલી મહેસાણા જલારામ મંદિરની રામકથાથી નવા વર્ષે સૌની આધ્યાત્મિક શક્તિમાં ઉમેરણ થયું, સૌ ખુબ રાજી થયા અને

અનુસંધાન પાના નં.૬ ઉપર

## સત્યાનૃતા ચ પરૂષા પ્રિયવાદિની ચ હિંસા દયાલુરપિ ચાર્થપરા વદાન્યા ।
## નિત્યવ્યયા પ્રચુરનિત્યધનાગમા ચ વેશ્યાડગનેવ નૃપની તિરને કરૂપા !!

**ચિંતન** યશપાલસીહ ટી.વાઘેલા

શિક્ષક કભી સાધારણ નહીં હોતા હૈ, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદ મેં પલતા હૈ, ચાણકયનું આ વાકય સૌ કોઈ જાણે છે.સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમધમ એ અત્યાચારનું સ્વરૂપ બન્યું છે ને આજે શિક્ષણની ઘોર ખોદાઈ રહી છે. શિક્ષણ એ શિક્ષણ નહીં વ્યાપાર બન્યો છે. એટલે શિક્ષણનું વ્યાપારીકરણ થયું તેના માટે સરકારની અણઆવડત કે તેમાં બેઠેલા જે તે પરીસ્થિતિને સમજ્યા વગર આડેધડ જે નિર્ણય કરી બેસે છે. આજે શિક્ષકની ભૂમિકા શું ? શું ખરેખર શાળા કોલેજોમાં ભુલકાંઓને સાચું શિક્ષણ વર્ગખંડોમાં નિર્ધારીત સમયમાં મળે છે ખરૂં ?પહેલાં કરતાં અનેક ગણી શાળા કોલેજો વધી તેમાં ફી ઉઘરાણા સિવાય કંઈ વિશેષ છે ? શાળા કોલેજોમાં જઈને જુઓ તો કે જે ફી લેવાય છે તે કયા આધારે લેવાય છે અને તેનો ઉપયોગ કયાં થાય છે ? પ્રાથમિક શાળામાં એચ.ટાટ,આચાર્ય, સી.આર.સી. એસ.એમ.સી. ઉપરાંત બી.આર.સી.બીટ કેળવણી નિરીક્ષક, તાલુકા કેળવણી નિરીક્ષકની ટીમો મુકવામાં આવી છતાં શિક્ષણનું સ્તર સુધરતું જ નથી.પહેલાં આટલી શાળાઓ મોનીટરીંગ ટીમ નહોતી, ખર્ચાઓ નહોતા છતાં શિક્ષણ ઉમદા મળતું હતું. હવે શું થયું છે કે શિક્ષણ સતત કથળી રહ્યું છે.શિક્ષણના નિષ્ણાંતો શિક્ષણ વગર શિક્ષણના આવે છે.તેમને ફકત મીટીંગોને આંગળી ઉંચી કરીને ભાડા ભથ્થાંમાં જ રસ છે.નિર્ણય કોઈ ત્રણ ચાર પાસવાળા જ કરે છે. ને સાચી તપાસ કરો કે આવું કંઈક જ છે.શિક્ષણની અધોગતિ પાછળ કોનો મહત્વનો હાથ છે તે તપાસ કે ચર્ચા ચુંટણી કાર્ડ કે આધારકાર્ડ સાથે જોઈન્ટ કરવા જેમ થતી નથી.બધા જ તાળીઓ પાડીને વાહ વાહ કરે છે. વાહતાજ બોલવાની પણ મનાઈ થઈ ગઈ છે. ભારતીય લોકતંત્રની આવી અધોગતિ કરવાવાળું માઈન્ડ પણ હશે કે 'શિક્ષણ' ની અજ્ઞાનતા રાખો એટલે પ્રજાને યેનકેન વશમાં રહે.આજે ઠોઠ નિશાળીયો ગમે તેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પાસ થઈ જાય છે ને હોંશિયાર ? શિક્ષણ બાબતે સાચું લખવા જાઓ તો એક થીસીસ થાય ને લખનારને પીએચડીની પદવી પણ મળી જાય, સોરી પીએચડીની પદવી તો તૈયાર ભોજનથાળ જેવી પણ બન્યાનું સત્યવાદીઓ કહે છે એટલે તેનો વિશેષ ક્ષોભ નથી. પૈસા ખર્ચવાની તૈયારી જોઈએ. લક્ષ્મીજીની કૃપાથી સરસ્વતી દેવીને 'પ્રમાણપત્ર' થી રીઝવી શકાય પછી ભલે ને તે બાબતનું કંઈ ના હોય. કોણ પુછે છે ? અહીંયા સાધુ સંતો મહંતો જેવુ છે. સાચા છે તેમનો કોઈ લાભ લેતું નથી ને બનાવટી આજે સર્વત્ર પૂજાય છે ને જ્યારે સંત આશારામ કેશવાનંદ, બાબા રામરહીમ પ્રકાશમાં આવે ત્યારે લોકો હોહા કરી મુકે છે. શું પહેલાં અજાણ હતા ? ના આ લોકોનું એવું મજબુત જુથ હોય છે કે એકલ દોકલ કોઈ બોલી વિરોધ કરીજ ન શકે. આવા બાબા સંતો મહંતોના પગે નેતા, અભિનેતા ને ઉચ્ચ અધિકારીઓ પડતા હોય એટલે બિચારી આમ પ્રજા તો કયાંથી બોલી શકે ? સુપ્રીમ કોર્ટ ચૂંટણી પંચ પ્રત્યે હજુ લોકોના હૃદયમાં વિશ્વાસની લાગણી છે પરંતુ ઈવીએમની વિશ્વાસનીયતા સામે શંકા જતાં ચૂંટણીપંચ વીવી પેટ ઈલેકટ્રોનિક મશીન લાવ્યું છે ને ગુજરાતમાં ચૂંટણીજાહેરાત ટાણે જ વીવીપેટ સુરેન્દ્ર નગરમાં ક્ષતિગ્રસ્ત જણાયા તો કુલ ૭ ટકા વીવી પેટ ગુજરાતમાં ક્ષતિગ્રસ્ત હોવાનું અખબારી માધ્યમ દ્વારા જાણવા મળ્યું.આ બધા વચ્ચે ગુજરાત અને હિમાચલની ચૂંટણી ટાણે જ સુપ્રિમ કોર્ટ દ્વારા આક્રમક વલણ દ્વારા એવું કહ્યું કે ગુનામાં સંડોવાયેલા નેતાઓ સામે પગલાં લેવા તાકીદ કરતાં જણાવ્યું કે દાગી નેતાઓના કેસની સુનાવણી માટે વિશેષ અદાલતોની રચના કરવી જોઈએ. આ કોર્ટ બનાવવા માટે કેટલો સમય લાગશે કેટલા ભંડોળની જરૂર પડશે તે અંગે કેન્દ્ર સરકાર છ અઠવાડીયામાં જણાવે. જ્યારે કેન્દ્ર સરકારે માથેથી ખભે કર્યું હોય તેમ આ રાજય સરકારનો મુદ્દો છે તેથી તેમણે આ અંગે વિચારવું જોઈએ. સુપ્રીમ કોર્ટ આ જવાબથી નારાજ થઈ કેન્દ્રની ઝાટકણી કાઢી પણ છેવટે શું ? નોટબંધી, જીએસટીથી પ્રજાને ફાયદો થશે ? મોંઘવારી ઘટશે, કાળા નાણાં બહાર આવશે. રૂા.૫૦૦ અને રૂા. ૧૦૦૦ ની નોટ મોટી છે. નાનું ચલણ હોય તો ડુપ્લીકેશન ઓછું કે ન થાય વિગેરે સવાલો ઉભા કરી વડાપ્રધાનને તમામ મર્યાદા તોડીને તેમના મુખેથી નોટબંધીની જાહેરાત કરી તે વિશે અનેક ટીકા ટીપ્પણો થઈ પણ રાજકારણીઓને ટીકા ટિપ્પણીની કંઈ જ અસર થતી નથી. તેઓ માટે ગૌરવની વાત હોય છે. ગુનાહીત ઈતિહાસ ધરાવતા લોકસેવકો જ લોકોની સેવા કરી શકે ને ?કારણ કે તેમનો દબદબો પ્રભાવપ્રજા પર

અનુસંધાન પાના નં.૬ ઉપર

## શઠે શાઠયં સમાચરેત્

**શ્રદ્ધા અને સંસ્કાર**

ચોરી ન કરવી જોઈએ એ વાત એકદમ સાચી છે કારણ કે ચોરી કરવાથી પાપ બંધાય છે, આ લોક પણ બગડે છે, અને પરલોક પણ બગડે છે. પણ બુધ્ધિશાળી કેટલાક માણસો ચોરી કરીનેપણ પુણ્યનું ઉપાર્જન કરે છે.કારણ કે ચોરી કરવા પાછળનો આશય માત્ર પેટપુર્તિનો નથી હોતો પણ બીજો જ કોઈ સારો આશય હોય છે. જેનાથી તેઓ તો કીર્તિ મેળવે જ છે સાથે બીજાનું જીવન પણ પરિવર્તન કરાવે છે. જોઈએ રામગુપ્તે ચોરી કરીને પણ કેવી રીતે પુણ્યનું ઉપાર્જન કર્યું ? લક્ષ્મીપુર નામના નગરમાં ઘણા ખરા ધનાઢયો રહેતા હતા. ધનાઢયોની પ્રથમ હરોળમાં આવવાવાળા રામગુપ્ત શ્રેષ્ઠી નામના એક વણિક હતા. વણિક જાતિ એટલે હોંશિયાર તો હોય છે તેમને બે પુત્રો હતા. તે બંને પણ ભિન્ન ભિન્ન વ્યાપાર કરીને સારી રીતે જીવન નીર્વાહ કરતા.

શ્રેષ્ઠી રામગુપ્તને ગામના ઘણા લોકો રામભાઈ કહીને પણ બોલાવતા હતા. રામભાઈ તેમના બંનેય છોકરાઓની સાથે મસ્તીથી જીવન પસાર કરતા હતા. મસ્તીથી જીવવાની દરેક જીવની ઈચ્છા હોય પણ કયાં બધાની હોવી જોઈએ ને ? ભાગ્યની ઈચ્છા ન હોય તો કોની ઈચ્છા પરિપુર્ણ થવાની હતી ? તન્નાડન્યથા ભવતિ યલ્લિખિતં લલાટે લલાટે લખેલા લેખ ઉપર મેખ લગાવવાની કોની શક્તિ હોય છે ? રામગુપ્તના લલાટે પણ બસ આવા જ કંઈક લેખ લખેલા હશે. જો કે સાવ ભિક્ષુક થવાનો તો તેમનો વારો નથી આવ્યો પણ વ્યાપારમાં તેમને ખુબ જ નુકશાન થઈ ગયું. આપત્તિઓની હારમાળા સર્જાઈ. ત્રણ ગામમાં તેમના ઘાસના ગોડાઉન હતા. અચાનક ઘાસના ભાવ ઘટી ગયા.બીજા ગામમાં પુર આવ્યું એટલે બધું ઘાસ પાણીમાં તણાઈ ગયું અને બીજી જગ્યાએ ગોડાઉનમાં આગ લાગી એટલે ત્યાં બધું ઘાસ બળી ગયું. સુખમાં રાચતા રામગુપ્તને આજે રડવાનો વારોઆવ્યો. તેમની જે બાપ દાદાની જમીનહતી તેઅને હીરા ઝવેરાતો વેચીને દેવું પુર્ણ કર્યુ. હવે તો રામગુપ્તને માત્ર ઘર જ વેચવાનું બાકી હતું તો પણતેઓ મનના મજબુત હતા કે ભુતકાળની જેમ ભવિષ્યમાં મારૂં ભાગ્યરૂપી ગુલાબ ખીલશે બસ આ જ આશાથી તેઓ નાનો મોટો વ્યાપાર કરીને જીવન ચલાવતા.

લક્ષ્મીપુર નગરમાં ચોરોનું અને લુંટારાઓનું આક્રમણ પણ કયારેક કયારેક થતું. જ્યારે નગરવાસીઓને ખ્યાલ આવતો કે હવે થોડા દિવસમાં લુંટારાઓ આપણા નગરને લુંટવા આવવાના છે ત્યારે તેઓ પોતાની ધન સંપત્તી કયાંક છુપાવીને બીજા નગરમાં જતા રહેતા. લુંટારાઓ જતા રહે એટલે પાછા આવીને રહેતા. પોતાનું શું શું લુંટાયું છે તેની તપાસ કરતા.

બસ હવે કાલે લુંટારાઓ આપણા લક્ષ્મીપુર નગરને લુંટવા આવવાના જ છે. એવા સમાચાર સાંભળીને ગામના લોકો બીજા ગામ જતા રહ્યો

અનુસંધાન પાના નં.૬ ઉપર

## સમયની લગામને પકડી રાખો..

**સૌરભ** બી.કે.નીતાબેન

''વક્ત કા કોઈ દોષ નહી, હમ હી ન ચલે અપને સાથ''

(સમય જીવન છે સમયને વ્યર્થ ગુમાવવો જીવન વ્યર્થ છે.)

જો આપ સમયની સંભાળ રાખશો તો સમય પણ આપની સંભાળ કરશે.પરંતુ સમયને ન સંભાળનાર ને `સમય પણ સંભાળતો નથી.

(૧)સમય મહાન શિક્ષક છે.લેખકોનો મહાલેખક આપણ` તેને સૃષ્ટ કહીએ છીએ પણ તે દૃષ્ટા છે.

(૨)સમય આપણને શાણો બનાવે તે પહેલા જ સમયસર આપણે શાણા બની જવું એ ડહાપણ છે.

(૩) તમામ અત્યાચારીઓમાં વધુ નિર્દય સમય છે.

(૪)સમય એ જીંદગીની માઈલેજ કાપતો એકમ છે.

(૫)કાયદો જેને દંડી ન શકાય એવો લુંટારો સમય છે. માણસની મોંઘામા મોંઘી મૂડી ચોરી જાય છે.-નેપોલિયન

અમૃતા પ્રિતમે કહ્યું છે કે સમય પર એજ સવારી કરી શકે છે જે સમયની લગામ પકડી શકે છે.કાકસાહેબ ''સનાતન કાળના સાક્ષી''માં પ્રલય કાળમાં પૃથ્વી નાશ પામે છે એવું લખ્યું છે ઘણાને સવાલ ઊઠ્યો કે કવિ એ ક્યાં જોયુ?પુરાણોમાં એવુ લખ્યું છે કે એક એવો બેટ છે ત્યાં પુરાણપુરુષ જેવા ઋષિ રહે છે. તે સાક્ષી છે.નારદ તેમની પાસે જાય છે. યુવાન દેખાતા ઋષિ ઘાસનો પૂળો ફેલાવીને માથા પર મુકુટ કે છાપરાની પેઠે મુક્યો છે. નારદે પુછ્યું આ ઘાસ શા માટે મુક્યું છે?ઋષિએ કહ્યું કે તડકો પડે છે,વરસાદ આવે છે કંઈક રક્ષણ હોય તો સારું.નારદમુનિએ કહ્યું કે સરસ મકાન કેમ નથી બાંધતા?તેમણે કહ્યું કે અરે કેટલું જીવવું છે સ્થાયી રહેવાનું હોત તો મકાન બાંધવાની તરખટમાં પડયા હોત

અનુસંધાન પાના નં.૬ ઉપર

**આજથી ગુજરાત...**

**પાના નં.૧ ચાલુ**

સોમવારના દિવસે બહાર રહ્યા બાદ આવતીકાલે તેઓ ફરી રાજયના ત્રણ દિવસના પ્રવાસમાં આવી રહ્યા છે. આ ગાળા દરમિયાન અમિત શાહ પ્રથમ દિવસે રાજકોટ શહેર જિલ્લા, સુરત મહાનગર , બીજા દિવસે જુનાગઢ શહેર જિલ્લા, પોરંબદર, ગિર સોમનાથ, ભરૂચ, નર્મદા, આણંદ, ખેડા, , મહીસાગર તેમજ ત્રીજા દિવસે ગુરૂવારના દિવસે સુરત જિલ્લા, તાપી, જામનગર શહેર, જામનગર જિલ્લા, દેવભૂમિ દ્વારકા, વડોદરા શહેર, છોટા ઉદયપુર, તેમજ વડોદરા જિલ્લામાં પાર્ટીના સંગઠનના હોદ્દેદારો, નેતાઓને ચૂંટણી જીતના સંબંધમાં માર્ગદર્શન આપનાર છે. અમિત શાહ ગુજરાત ચૂંટણીમાં ૧૫૦થી વધારે સીટ જીતવા માટેનો હેતુ ધરાવે છે. ચૂંટણીને ધ્યાનમાં લઈને અમિત શાહ આક્રમક મુડમાં આવી ચુક્યા છે. ભાજપ અત્યારે જે પ્રકારે પાટ-ીદાર આંદોલન, કોંગ્રેસ, દલિતો સહિતના પરિબળો સામે લડત આપી રહ્યું છે, તેને લઇ પાયાના અને સંનિષ્ઠ કાર્યકરોનો ઉત્સાહ ઓછો ના થાય કે તેઓમાં કોઇ નિરાશાનું વાતાવરણ અસર ના કરે તે હેતુથી ખુદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાતમાં ધામા નાંખી ચુક્યા છે. દક્ષિણ ગુજરાત સહિતના ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર બાદ અમિત શાહ તા.૭મીથી શહેરી વિસ્તારમાં ખાસ કરીને અમદાવાદના તેમના નારણપુરા વિધાનસભા મતક્ષેત્ર સહિતના વિસ્તારોમાં ડોર ટુ ડોર ફરીને મતદારોથી લઇ પાયાના કાર્યકરો, આગેવાનોને રૂબરૂમાં મળી તેમને ભાજપના વિકાસનો ઇતિહાસ સમજાવશે. અમિત શાહનો ખાસ કરીને ભાજપના કાર્યકરો અને આગેવાનોને બુસ્ટ અપ કરી તેમનામાં એક નવી ઉર્જા અને પ્રાણના સંચાર કરવાનો મુખ્ય આશય છે.

**જાહેર વિતરણ...**

**પાના નં.૧ ચાલુ**

નેશનલ ફુડ સીકયોરીટી એકટ લાવવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ આઝાદ ભારતના લોકોને સસ્તા દરે પર્યાપ્ત માત્રામાં ઉત્તમ પ્રકારનું પોષણયુકત ખાધ્યધાન મળી રહે તે હતો. રાજયના અંત્યોદયના ૬.૨૫ લાખ, બીપીએલના ૧૯.૭૫ લાખ અને એપીએલના ૪૫ લાખ કાર્ડધારકોને પંડિત દિનદયાળ ઉપાધ્યાય યોજનાના નામે સસ્તા અનાજની દુકાનોમાં ગ્રાહકોની ખોટા ફીંગર પ્રીન્ટ બતાવીને બધો માલ સગેવગે કરાય છે, જેમાં બે રૂપિયે કિલો મળતા ઘઉં રૂ.૧૮થી ૨૦માં ફલોર મીલ અને બિસ્કીટની ફેકટરીમાં વેચાય છે, તો આ કાળાબજારના પૈસા કોના ખિસ્સામાં જઇ રહ્યા છે તેવો સવાલ ડો.દોશીએ ઉઠાવ્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું કે, ભાજપ સરકાર દ્વારા રાજયની તમામ સસ્તા અનાજની દુકાનોના કોમ્પ્યુટર જપ્ત કરાય અને ઝીણવટભરી તપાસ કરાય તો, ગરીબોના મોંઢામાંથી કોળિયો છીનવીને કરોડો રૂપિયાના ઘઉં, ચોખા, ખાંડ જેવી ચીજવસ્તુઓ સગેવગે કરવાના કૌભાંડનો પર્દાફાશ થાય તેમ છે. રાજયની જાહેર વિતરણ વ્યવસ્થામાં ગંભીર ગેરરીતિઓ પકડાવા છતાં ભાજપ સરકાર તેમાં ભીનુ સંકેલી રહી છે. સસ્તા અનાજની દુકાનોમાં ઓનલાઇન સીસ્ટમ પાછળ રૂ.૩૦૦ કરોડનો ધુમાડો કરાયો છે પરંતુ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને તેનો લાભ મળતો નથી. અન્ન સુરક્ષા અધિકાર કાનૂન હેઠળ ૫૪ ટકા લાભાર્થીઓને એટલે કે, ૨.૩૪ કરોડ લોકોને લાભ આપવાને બદલે દર મહિને રૂ.૩૦૦ કરોડના ઘઉં, ચોખા અને ખાંડ જેવી ચીજવસ્તુઓનો જથ્થો બારોબાર સગેવગે કરવાના કૌભાંડમાં સીબીઆઇ તપાસ આપે અને ભાજપ સરકાર ગુજરાતની જનતાને આ સમગ્ર મામલે જવાબ આપે એમ પણ ડો.દોશીએ ઉમેર્યું હતું.

**કડવા પાટીદાર...**

**પાના નં.૧ ચાલુ**

પાટીદાર સંસ્થાઓનો દૂરપયોગ નહી કરવા પણ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સહિતની સંબંધિત સંસ્થાઓને સાફ શબ્દોમાં ચીમકી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, અનામતની માંગણી એ સમગ્ર પાટ-ીદાર સમાજની માંગણી છે, અને તેમાં કોઇ વિરોધ કે મતભેદ હોવા જોઇએ નહી. પોતાની અંગત અને રાજકીય મહત્વકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે ધાર્મિક સંસ્થાઓને રાજકીય અખાડો બનાવવી જોઇએ નહી. હાર્દિક પટેલ આણિમંડળીનો વિરોધ કરી રહેલી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, યુવા પાટીદાર બ્રિગેડ સહિતના સંસ્થાઓના જાહેરમાં હાર્દિક વિરોધી નિવેદનો અને સમાજની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડતા નિવેદનોને લઇને પણ કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટના આગેવાનોએ ભારે નારાજગી વ્યકત કરી હતી. સંસ્થાના અગ્રણી જગદીશભાઇ પટેલ, કનુભાઇ પટેલ, બેચરભાઇ પટેલ, હર્ષદભાઇ પટેલ સહિતના આગેવાનોએ સ્પષ્ટ કર્યું હતું કે, અનામતની માંગણી એ હાર્દિકની માંગણી નથી એ પાટીદાર સમાજની માંગણી છે, જો હાર્દિક આંદોલનમાંથી ખસી જાય તો પણ નવો હાર્દિક ઉભો થશે પરંતુ પાટીદારોની અનામત લઇને જ જંપીશું. તેમાં કોઇ બાંધછોડ નહી થાય. ઉલ્લેખનીય છે કે, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, સરદાર કલ્પરથ સહિતની સંસ્થાઓના યુવા પાટીદાર આગેવાનોએ પણ એક મંચ પર આવી હાર્દિક પટેલનો વિરોધ કરી તેને સાફ શબ્દોમાં ચીમકી આપી હતી કે, જો હાર્દિક પટેલ કોંગ્રેસની પાટલીમાં બેસી પાટીદાર અનામત આંદોલનને બદલે પર્સનલ આંદોલન ચલાવશે તો, પાટીદાર યુવાઓનું તેને કોઇપણ સંજોગોમાં સમર્થન રહેશે નહી. યુવા પાટીદાર બ્રિગેડે હાર્દિક પટેલને અંગત રાજકીય સ્વાર્થમાં રાજકીય રોટલો શેકવાનો પ્રયાસ કરાશે તો, પાટીદાર યુવાઓ તરફથી હવે જડબાતોડ જવાબ અપાશે એવી ચેતવણી પણ આપી હતી. આમ, પાટીદાર સમાજમાં તેની જ સંસ્થાઓના આગેવાનો દ્વારા એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી સ્પષ્ટ કરી દેવાયું છે કે, સમાજમાં હાલ ભાગલાની અને મતભેદની પરિસ્થિતિ બની ચૂકી છે.

**ચેતજો કોંગ્રેસ-ભાજપ...**

**પાના નં.૧ ચાલુ**

કરવામાં આવી હોવાનું જણાવીને તેમણે કહ્યું કે જનવિકલ્પ એ પ્રજાનો સંકલ્પ છે. પ્રજાનો પક્ષ છે,પ્રજા માટેનો પક્ષ છે. નવા વર્ષમાં પાંચ વર્ષનો સંકલ્પ કરીને મતદાન કરતી વખતે જનવિકલ્પના ઉમેદવારના ચૂંટણી પ્રતિક ટ્રેક્ટર પર બટન દબાવી જન વિકલ્પ પાર્ટીની સરકાર રચવા માટે આગળ આવ્યા વિશાળ જનમેદીને આહ્વાન કર્યું હતું. ભોળી પ્રજાને છેતરીને પ્રજાના મતો લઈ લેવા અને પ્રજાના મતોથી સરકાર બન્યા બાદ પ્રજાના કામો માટે દિલ્હી દરબારમાં પૂછવા જાય તેવી સરકાર ગુજરાતને ખપતી નથી. જનવિકલ્પની સરકાર પ્રજાને પૂછીને પ્રજાલક્ષી નિર્ણયો લેશે કેમ કે છેવટે તો કોઈ પણ સરકારનો હેતુ પ્રજાની સેવાનો હોવો જોઈએ. તેમણે લોકોને ચેતવતાં કહ્યું કે ભાજપ-કોંગ્રેસવાળા ગરજના માર્યા તમને બાપા કહેશે,મત માટે આજીજી કરશે અને મતદાન પૂરું થયા બાદ ગરજ મટી વૈદ્ય વેરીને જેમ તેઓ તમારી સાર સંભાળ નહીં લે. મત કાંઈ ગયા પછી તેઓ પારકા થઈ જશે પણ જનવિકલ્પની સરકાર એવું નહીં કરે કેમ કે અમારા માટે પ્રજા જ અમારી હાઈકમાન્ડ છે.

તેમણે જનવિકલ્પ પાર્ટીની સરકાર બન્યા બાદ પ્રજા કલ્યાણના કામો અંગે કહ્યું કે અમારી સરકાર તમામ નાના મોટા નાગરિકોના મેડિકલ વીમા ઉતરાવી ખાનગી હોસ્પિટલમાં પણ મફત સારવાર મળે,મોટા ઑપરેશનના બિલ પણ સરકાર ચૂકવે તેવી વ્યવસ્થા થશે. શિક્ષણમાં ફીમાં ૨૫ ટકા રાહત અપાશે. વીજ બિલમાં ૩૦ ટકાની રાહત તમામ વીજ ગ્રાહકોને અપાશે. ખેડૂતોને વીજબિલમાં ૫૦ ટકા અને વેપારીઓને પણ વિજ-બિલમાં ૩૦ ટકાની રાહત અપાશે. વેપારીઓના હિતમાં જીએસટીનોઅમલ એક વર્ષ મોકૂફ રખાશે. બેકારોને લઘુત્તમ ૩ હજારથી લઈને મહત્તમ ૪૫૦૦ રૂપિયાનું બેકારી ભથ્થુ અપાશે. મોંઘવારી ઘટાડવા પેટ્રોલ-ડિઝલના વેટમાં ૧૫ ટકાનો ઘટાડો કરી લાભો વપરાશકારોના કરોડો રૂપિયા સરકાર બચાવશે. ૧૦ લાખ બેરોજગારોને ૧૨ મહિનામાં રોજગારી અપાશે. વિધવા,વૃધ્ધોને મહિને ૫ હજારનું પેન્શન આપીને તેઓ સમાજમાં-પરિવારમાં સ્વમાનભેર જીવી શકે તેવું વાતાવરણ બનાવવામાં આવશે. ભાજપના ગઢમાં શંકરસિંહ વાઘેલાએ વિશાળ જનસભા યોજીને પોતાની રાજકીય સ્થિતિ મજબૂત બનાવી છે.

**ગુજરાત ચૂંટણી...**

**પાના નં.૧ ચાલુ**

વર્તમાન સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. સોમવારના દિવસે પણ મનમોહનસિંહે કોંગ્રેસ હેડક્વાર્ટર ખાતે યોજાયેલી બેઠકમાં જીએસટીને લઇને ચિંતા વ્યક્ત કરી હતી. સિંહ કહી ચુક્યા છે કે, મોદી સરકાર દ્વારા જીએસટી વ્યવસ્થાને લાગૂ કરવાને લઇને ભુલો કરવામાં આવી છે જેના લીધે રોજગારને ફટકો પડ્યા છે. બેઠકમાં મનમોહનસિંહે જીએસટીને ખોટીરીતે લાગૂ કરવાના કારણે અર્થવ્યવસ્થા અને ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો પર પડનાર પ્રભાવનો ઉલ્લેખ કર્યો હતો. મનમોહનસિંહ પહોચે તે પહેલા જીએસટીને લઇને રાહુલ ગાંધી આક્રમક મૂડમાં રહ્યા છે. ગુજરાતમાં પાર્ટીના ઉપપ્રમુખ રાહુલ ગાંધી પણ આક્રમકરીતે પ્રચારના મુડમાં દેખાઈ રહ્યા છે. મનમોહનસિંહના જાહેર કાર્યક્રમ અને પત્રકાર પરિષદ વેળા નોટબંધી પર જ મુખ્યરીતે ચર્ચા છવાશે. મનમોહનસિંહ બાદ પાર્ટીના ઉપપ્રમુખ રાહુલ ગાંધી ૧૦મી નવેમ્બરના દિવસે ઉત્તર ગુ-જરાત માં ઝંઝાવતી પ્રચાર કરનાર છે. રાહુલ ગાંધી હાલના ગુજરાતના પ્રચાર દરમિયાન મોટા ભાગે જીએસટી અને નોટબંધીના મુદ્દાને ઉઠાવીને મોદી સરકાર પર પ્રહારો કરી રહ્યા છે. તેમના કહેવા મુજબ જીએસટીના કારણે કારોબારીઓ અને મધ્યમ તેમજ નાના ઉદ્યોગસાહસિકો ભારે નાખુશ છે. મનમોહનસિંહ જીએસટીમાં રહેલી ખામીઓપર ચર્ચા કરનાર છે. સિંહ અમદાવાદમાં કોંગ્રેસની ઓફિસ પર પ્રેસ કોન્ફરન્સ કરનાર છે. સિંહ કોઇની સલાહ લીધા વગર નોટબંધીને અમલી કરવાના મુદ્દે સરકારનો વિરોધ કરનાર છે. મનમોહનસિંહનો આ પ્રવાસ દેશભરમાં બ્લેક ડે મનાવવાના એક દિવસ પહેલા થનાર છે. કોંગ્રેસ પાર્ટી અને અન્યો આઠમીએ કાળો દિવસ મનાવનાર છે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. નવમી ડિસેમ્બર અને ૧૪મી ડિસેમ્બરના દિવસે બે તબક્કામાં ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી કાર્યક્રમ જાહેર થયા બાદથી જ ટોચના નેતાઓ ઝંઝાવાતી પ્રચાર કરી રહ્યા છે.

**પનામા બાદ ...**

**પાના નં.૧ ચાલુ**

જે લોકોના નામ પેરાડાઇઝ પેપર્સમાં સપાટી ઉપર આવ્યા છે તેમની સામે કાર્યવાહી થઇ શકે છે. ટેક્સ રિટર્નની તપાસ કરવામાં આવ્યા બાદ વધુ કાર્યવાહી થશે. આ કાર્યવાહી દરેક કેસમાં જુદી જુદીરીતે હોઈ શકે છે. સિનિયર અધિકારીએ કહ્યું છે કે, સ્વાભાવિક છે કે, કોઇ સંસ્થા અથવા તો વ્યક્તિની સંડોવણીની ખાતરી થયા બાદ જ નોટિસ જારી કરવામાં આવશે. પેરાડાઇઝ પેપર્સમાં ૧.૩૪ કરોડ દસ્તાવેજો છે.

આ ખુલાસા મારફતે એવી કંપનીઓ અને બનાવટી કંપનીઓના સંદર્ભમાં કહેવામાં આવ્યું છે જે દુનિયાભરમાં અમીર અને તાકાતવર લોકોના પૈસા વિદેશમાં મોકલવામાં મદદ કરે છે. પેરાડાઇઝ પેપર્સ લીકમાં પનામાની જેમ જ કેટલીક ભારતીય હસ્તીઓના નામનો ઉલ્લેખ છે. આ લિસ્ટમાં ૧૮૦ દેશોના નામ છે જેમાં ભારત ૧૯માં ક્રમે છે. જે દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી છે તેમાં મોટાભાગની બરમૂડાની લો ફર્મ એપલબોયના છે. આ યાદીમાં કેટલાક ટોપના લોકોના નામ પણ ખુલ્યા છે. પેરાડાઇઝ પેપર્સમાં વર્તમાનમાં કેન્દ્ર સરકારના ઉડ્ડયનમંત્રી જયંત સિંહા અને બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચનના નામનો ઉલ્લેખ છે. આ યાદીમાં અમિતાભ બચ્ચનના બરમુડામાં એક કંપનીના શેર હોવાની વાત કરવામાં આવી છે. જયંત સિંહાનું નામ રાજનીતિમાં આવતા પહેલા ઓમિડયાર નેટવર્કમાં ભાગીદારીને લઈને આવ્યું છે.

## ડીસા નગરમાં...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

કનુભાઈ પ્રજાપતિ, પ્રવિણભાઈ દવે, રમેશભાઈ પ્રજાપતિ, રમેશભાઈ પંચાલ, ધર્માજી વ્યાસ, ભગીરથભાઈ સુથાર, હર્ષદભાઈ સેવક, કલ્પેશભાઈ મોદી સહિત સૌ નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહેલ છે.

પ્રથમ દિવસે બહેનોએ કળશયાત્રામાં હાજરી આપી હતી. જ્યારે દીપ પ્રાગટ્ય વિધિ ડીસાના જાણીતા અગ્રણી ભગવાનભાઈ બંધુ અને સુરેશભાઈ દેવવાળાએ કરી હતી. ભાગવત કથાના માધ્યમથી ડીસાની ધર્મપ્રેમી પ્રજાને દિવ્ય વાણીનો પૂરતો લાભ મળે તે માટે આયોજકોએ સગવડતાપૂર્ણ મંડપ વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, સાઉન્ડ વ્યવસ્થા તેમજ પીવાના શુધ્ધ પાણીની પણ વ્યવસ્થા કરેલ છે. પ્રથમ દિવસે કથાના પ્રારંભે સોસાયટીના સૌ રહીશોને સંબોધન કરતાં ભગવાનભાઈ બંધુએ કથા શ્રવણથી થતા લાભ દર્શાવ્યા હતા. અને સુખ તેમજ શાંતિ માટે પણ કથામાં હાજરી આપવા સૌને જણાવ્યું હતું. સોસાયટીના રહીશોના સુંદર સહકારથી પણ આનંદ વ્યક્ત કર્યો હતો.

## પ્રજાપતિ કેળવણી...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પરિવારના મંત્રી જીતેન્દ્રભાઈ, ડૉ.એસ.એસ.પ્રજાપતિ, ડૉ.ધર્મેશભાઈ પ્રજાપતિ, ડૉ.બાબુલાલ ગુર્જર, સમાજના પ્રતિ-ષ્ઠત મહેમાનો, સમાજના કારોબારી સભ્યો, કેળવણી મંડળ પરિવારના સભ્યો, સમાજના વડીલો, ભાઈઓ, બહેનો, બાળકો, વિદ્યાર્થીઓ તેમજ વિશાળ સંખ્યામાં હાજર રહી સફળતાપૂર્વક કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં વિધાનસભા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અપીલ થશે ત્યારે પ્રજા માનશે તેમ માનવુ હાલ મુશ્કેલ લાગી રહ્યુ છે. જ્યારે પહેલા તો નરેન્દ્ર મોદીની સભાઓમાં માનવ મહેરામણનું કીડીયારૂ ઉભરાતું જોવા મળતું હતુ. પણ હવે સ્થિતિ પલટાઈ છે. હવે મોદી અને અમીત શાહના કાર્યક્રમોમાં બસો ભાડે કરી લાવવા પડે છે જેમાં આવનાર વ્યક્તિને તમામ સુવિધાઓથી ફરજીયાત લાવવા પડે છે એટલે કે, વર્ષો પહેલા કોંગ્રેસ જે કરતું હતું તે હવે ભાજપે કરવું પડે છે જ્યારે ભાજપને નહી માનવાવાળો વર્ગ માત્ર મોદીને માને છે (ચાહે છે) અને માત્ર મોદી ને જ જીત આપે છે.

તો બીજી તરફ ગ્રામ્ય કક્ષાએ હજુપણ જીએસટી અને નોટબંધીની અસર અકબંધ રહી છે ત્યારે આવનાર દિવસોમાં જીએસટી ઘટાડાની જાહેરાત અને પ્રજાલક્ષી વિકાસ લક્ષી ની જાહેરાતો જ્યારે નરેન્દ્ર મોદી કરશે અને ત્યાર પછી કેવું ચિત્ર બનશે તે તો પરિણામો જ બતાવશે.

## રાહુલ ગાંધી...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

સમાજની માંગણીઓ પરત્વે હાલની સરકારે કરેલ જાહેરાત સ્પષ્ટ હોવા છતાં હમણાં પાસની ટીમે કોંગ્રેસની નેતાગીરી સાથે જે પત્રકાર મીટીંગ કરી તેમાં માત્રને માત્ર સમાજને ગુમરાહ કરવાનો જ પ્રયત્ન થયો છે કારણ કે કોંગ્રેસ પાટીદારોને ઓબીસી માં અનામત આપશે કે કેમ તેની કોઈ સ્પષ્ટતા કરતી નથી.આજે પણ પાટીદાર સમાજને ઓબીસીમાં સમાવેશ કરવાની ખાતરી આપે તે પક્ષને યુવા સંગઠનો સમર્થન આપવા તૈયાર છે.કોઈપણ રાજકીય પક્ષ એક વિચારધારા ધરાવતો હોય છે. આ કેસમાં પાટીદાર સમાજનો કોઈપણ ભોગે ઓબીસીમાં સમાવેશ કરવા દઈશું નહી એવી વિચારધારા ધરાવતા ઠાકોર સેનાના આગેવાનોને કોંગ્રેસ પક્ષમાં સામેલ કરી દીધા છે. જે બાબત કોંગ્રેસ પક્ષની બે ધારી નિતિ સ્પષ્ટ કરે છે. ઓબીસીમાં જ અનામત જોઈએ એવી સમાજની માંગણી છે જ્યારે આંદોલન કારીઓએ ઓબીસી માં અનામતનો મુદો છોડીને ઈબીસી અનામતના મુદે સહમત થઈ ગયા છે. કોંગ્રેસ અનામત આપે કે ન આપે તો પણ ભાજપને પાડી દેવો છે તેવી વાત રાજકીય ઈરાદો દર્શાવે છે.

સમગ્ર પાટીદાર સમાજે ઓબીસીમાં અનામત મળે તે માટે આંદોલન કર્યું અને હવે ઓબીસીમાં અનામત નહી મળે તો ચાલશે પરંતુ ભાજપને હરાવીશું એવું નિવેદન કરીને હાર્દિક પટેલની ટીમે સમગ્ર સમાજને આંચકો આપ્યો છે. જો આજ કરવું હતું તો આંદોલન શા માટે કર્યુ? શું ભાજપને હરાવવા ૧૪ યુવાનોને શહીદ કર્યા ? આ માટે જવાબદાર કોણ છે ? રાજકીય પાટ-ીમાં જોડાઈને અંગત હિત સાધવાનું કામ કરતા તકવાદી આંદોલનકારી નેતાઓને પાટીદાર સમાજ હવે સારી રીતે ઓળખી ગયો છે. પાટ-ીદાર સમાજના નામે અંગત સ્વાર્થ સાધવાના થતા પ્રયત્ન પાટીદાર સમાજને સ્વીકાર્ય નથી.

રાજકીય પક્ષની ખેંચાખેંચીથી પાટીદાર સમાજ હંમેશા પર રહ્યો છે.આ સમાજે હંમેશા અન્ય સમાજોની સાથે રહીને ભાઈચારાની નિતિ અપનાવી છે. તેને કોઈપણ તત્વો તોડી શકશે નહી. અગાઉની કોંગ્રેસ સરકાર અને હાલની સરકાર બંન્નેના સમયમાં પાટીદાર સમાજની સલામતી કયા છે તે સમાજ સારી રીતે સમજે છે અને આવનાર સમયમાં પોતાની બુધ્ધિ શક્તિનો પરિચય કરાવશે. પાટીદાર સમાજ પોતાનું હિત ક્યાં છે તે જાતે નક્કી કરી આજ સુધી ચૂંટણીમાં વોટીંગ કરતો આવ્યો છે તેથી તેને કોઈની શિખામણની જરૂર નથી.વધુમાં ઓબીસી યુવા નેતા અલ્પેશ ઠાકોર અને કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પાટીદાર સમાજને લેખિત ખાત્રી આપે કે અમો પાટીદાર સમાજને ઓબીસીમાં સમાવીશુ તેમજ તે બાબતે આવનાર શિયાળુ સત્રમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી લોકસભામાં બીલ રજુ કરશે તો પાટીદાર યુવા સંગઠનો કોંગ્રેસને સમર્થન આપવા વાટાઘાટો કરવા તૈયાર છે.

## ડીસામાંથી સગીર...

**પાના નં.૮ ચાલુ**

દિલ્હી નજીક એક ગામમાં પહોચતા યુવકે એક રૂમ ભાડે રાખી રહેતા હતા.ત્યારબાદ દીનેશે તેને લગ્નની લાલચ આપી તેની મરજીથી શરીર સંબંધ બાંધ્યો હતો. દિનેશ દરરોજ કડિયા કામે જતો અને સાંજે પરત આવતો હતો. છેલ્લા ચાર માસથી તેણીએ તેણે યુવતીને ત્યાં રાખી દરરોજ તેણીની મરજી થી કે ધાક-ધમકી આપી શારીરિક સંબંધ બાંધતો હતો. યુવતીએ અનેક વખત તેને લગ્ન કરવાનું જણાવતા તે કંઈ જવાબ આપતો ન હતો.

ત્યારબાદ એક દિવસ ડીસાથી દિનેશના કાકા રમેશભાઈ નભાણીનો ફોન આવેલ અને જણાવ્યું હતું કે,તમે અહીં પરત આવી જાવ તમને હવે કોઈ હેરાન કરશે નહી. જેથી બંને જણા ટ્રેન મારફતે પાલનપુર આવ્યા હતા. પાલનપુર આવ્યા બાદ દિનેશે સગીરાને બેસાડી હું બાથરૂમ જઈને આવું છું તેમ કહી નીકળી ગયો હતો. ખાસ્સી રાહ જોવા છતાં દિનેશ પરત ન આવતાં યુવતી પણ ટ્રેનમાંથી ઉતરી ગઈ હતી અને ત્યારબાદ પાલનપુરથી જીપ મારફતે તેના ગામ સામઢી પહોંચી હતી.ત્યાં જઈ તેના દાદાને વાત કરતા ડીસાથી તેના પિતાને બોલાવાયા હતા અને સગીરાએ સઘળી હકીકત જણાવતા તેના પિતા સોમવારે તેણીને લઈ ડીસા દક્ષિણ પોલીસ મથકે આવ્યા હતા.

પોલીસે તેની સમગ્ર હકીકત સાંભળ્યા બાદ તેને ભગાડી જનાર યુવક દિનેશ બાબુભાઈ નાભાણી સામે અપરણ બળાત્કાર તેમજ પોક્સો એક્ટ અને એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ ડીવાયએસપી ૨.ા. વાઘેલા ચલાવી રહ્યા છે.

## બે ટ્રકોને ...

**પાના નં.૮ ચાલુ**

રીતે ધમધમી રહી છે. જેમાંથી બેરોકટોક રીતે હજારો ટન રેતી ખનીજ ની રોયલ્ટી ભર્યા વગર બારોબાર નીકળતી હોઇ સરકારને કરોડો રૂપિયાની રોયલ્ટી ની આવક ગુમાવવી પડી રહી છે. બનાસ નદીમાં ડીસા, રાણપુર, ભડથ, મહાદેવિયા, આખોલ, માલગઢ ,જુનાડીસા, કૂંપટ વગેરે જગ્યાએથી દરરોજ આશરે ૨૫૦૦ થી વધુ ટ્રકો અને ડમ્પરો મારફત રેતીનું વહન થાય છે. જેમાં લીઝ હોલ્ડરો દ્વારા મોટાપાયે ગેરકાયદેસર રીતે લીઝના ક્ષેત્રફળ કરતાં વધુ ખોદકામ કરી સુવ્યવસ્થિત કૌભાંડ ચલાવી સરકારને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડવામાં આવે છે. આ અંગે ભૂસ્તર વિભાગને અનેક ફરિયાદ કરવા છતાં તેમની સામે પગલા લેવાની જગ્યાએ તેમને છાવરવામાં આવતા હોય તેવું તાજેતર નાં દાખલા પરથી જણાઈ આવે છે.

તાજેતરમાં ગત અઠવાડિયે ડીસામાં પોલીસ દ્વારા ઓવરલોડ રેતી ભરીને જતા ડમ્પરને ઝડપી લેવામાં આવ્યા હતા. જેની સામે ડમ્પર ચાલકોએ પોલીસ દાદાગીરી કરે છે તેમ કહી હડતાલ પર ઉતર્યા હતા. ખરેખર પોલીસે ઝડપેલા ડમ્પર નં.જી.જે.૮ ઝેડ ૪૨૧૦ અને આર.જે.૪૬ જી એ ૧૦૪૬ બંને પાસે રોયલ્ટીની પાવતી ન હોય ભૂસ્તર વિભાગે બંનેને રૂ. ૭૨ હજાર જેટલો દંડ ફટકાર્યો હતો. જ્યારે બંને ડમ્પર ઓવરલોડ હોય આરટીઓ દ્વારા પણ ૮-૮હજાર દંડ અપાયો હતો. જોકે પોલીસ દ્વારા સાચી રીતે ડમ્પર ઝડપી હોવા છતાં અને રીતસરની ખનીજ ચોરી સામે આવી હોવા છતાં ભૂસ્તર વિભાગે માત્ર ને માત્ર ડમ્પર ચાલકોને દંડ કરી સંતોષ માન્યો છે .ખરેખર બંને ડમ્પરમાં રેતી કયાંથી ભરાઈ? જ્યાંથી ભરાઈ તે લીઝ હોલ્ડર દ્વારા દરરોજ કેટલી ટ્રકો બારોબાર કઢાય છે? તેની પાસે લીઝ પરમીટ છે કે કેમ? કેટલા ક્ષેત્રફળ ની પરમીટ છે અને કેટલું ખોદ કામ થયું? તે અંગે તપાસ તેમજ માપણી થવી જોઈતી હતી પરંતુ ભૂસ્તર વિભાગે કોઇ કાર્યવાહી ન કરી લીઝધારકો સાથે તેમનું સેટિંગ હોય તેવી શંકાઓને પ્રબળ બનાવી છે .

આ અંગે બનાસકાંઠાના ભૂસ્તર અધિકારી એ.બી.ઓઝાને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, 'ડમ્પર ચાલક ક્યાંથી રેતી ભરીને આવ્યા તે જણાવતા નથી. જેથી ડમ્પરચાલકો સાચું બોલે તો આગળની કાર્યવાહી થઈ શકે.'

અત્રે ઉલ્લેખનિય છે કે, ગેરકાયદેસર ખનીજ ચોરી મામલે ભૂસ્તર વિભાગ દ્વારા સાચી કાર્યવાહી થાય તો અનેક ગેરકાયદેસર લીઝો બંધ થાય અને સરકારને કરોડો રૂપિયાની રોયલ્ટી આવક થઈ શકે તેમ છે જેથી કલેકટર દ્વારા આ બાબતે તપાસ થાય તે પણ અગત્યનું છે .

## ભાભરમાંથી વિદેશી...

**પાના નં.૮ ચાલુ**

પોલીસે પીછો કરીને પકડી પાડેલ હતી. જેમાં બે આરોપી સુરેશ ધન્નારામ વિશ્નોઈ તથા શ્રીરામ મોહન વિશ્નોઈ બન્ને રહે.જાલોર રાજસ્થાન વાળાઓની અટકાયત કરી હતી. કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની પેટીઓ ૧૮ કુલ બોટલો નંગ.૧ ૮૬૪ કિં.રૂા. ૮૬૪૦૦ તેમજ મોબાઈલ નંગ.૧ કિં.રૂા.૧૦૦૦ તથા ગાડીની કિં.રૂા. ૪૦૦,૦૦૦ મળી કુલ રૂા.૪,૮૭ લાખનો મુદામાલ પોલીસે જપ્ત કરીને બન્ને ઈસમો સામે ભાભર પોલીસ મથકે ગુનો નોંધયેલ છે.

## જિલ્લાના શૈક્ષણિક...

**પાના નં.૮ ચાલુ**

પ્રથમ દિવસે શાળામાં જતા નથી જેના પગલે શાળાઓમાં શરૂઆતના એક બે દિવસ ખુબ જ પાંખી હાજરી જોવા મળતી હોય છે વેકેશન પૂર્ણ થતાં વિદ્યાર્થીઓનું મન ધીરેધીરે અભ્યાસમાં પરોવાય પણ અત્યારે દિવાળીની રજાઓમાં અભ્યાસની ચિંતા છોડી. મામા, માસી, ફોઈના ઘરે જઈ મોજમસ્તીમાં રહેલા બાળકો એકબીજાના સહ અધ્યાયીઓને વેકેશનની વાતોને વાગોળશે.અને નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે દિવાળી તથા નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

દિવાળીના ૨૧ દિવસનું વેકેશન પૂર્ણ થતાં જિલ્લાની તમામ શાળા કોલેજોની શરૂઆત થઈ જતાં વતનમાં ગયેલા શિક્ષકો પણ પોતાની કર્મભૂમિ પર આવી પહોંચતા પ્રથમ દિવસે જ શાળામાં જઈ શૈક્ષણિક સત્રનો પ્રારંભ કર્યો હતો તો વળી બાળકો પણ પોતાના ઘરે આવી શાળામાં અભ્યાસ કરવા પહોચી ગયા હતા નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતા સ્ટેશનરીની દુકાનો પર પણ વિદ્યાર્થીઓ દ્વારા પાઠય પુસ્તકોની ખરીદી કરવામાં આવી રહી છે. ત્યારે ૬ નવેમ્બરને સોમવારથી શાળાઓમાં બીજા શૈક્ષણિક સત્રનો વિધિહત રીતે શુભારંભ થઈ ચૂક્યો છે.

## ભીલડી રેફરલ...

**પાના નં.૮ ચાલુ**

હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. છેલ્લા અઠવાડિયાથી ગુજરાત સરકાર દ્વારા અપાતી ખિલખિલાટ વાનને બંધ કરી દેવાતા પ્રસુતા મહિલાઓને હાલાકી ભોગવવી પડે છે. સરકાર દ્વારા 'ડ્રોપ આઉટ' સેવાને બંધ કરાતા ગરીબ ગામડાની મહિલાઓને ભોગવવાનો વારો આવે છે અને અપુરતી સેવાથી ભીલડી રેફરલ હોસ્પિટલ શોભાના ગાંઠીયાની જેમ ભાસે છે. ત્યારે ડ્રોપઆઉટ સેવા તાકીદે શરૂ કરવામાં આવે તેવી ભીલડી પંથકની જનતાની પ્રખર માંગ છે.

## ડીસા સહિત...

**પાના નં.૮ ચાલુ**

વ્યાપક નુકશાન થવા પામ્યું હતું. ત્યારે રવિ સીઝનના વાવેતર પર જગતના તાતને મોટો દામોદાર રહેતો છે. જેથી સારા ઉત્પાદન અને પોષણક્ષમ ભાવો મળી રહે તેવી આશા સાથે રવિપાકોની વાવણીનો પ્રારંભ કર્યો છે.

જિલ્લાના હવામાનમાં થતા ફેરફારને ધ્યાનમાં રાખી જગતનો તાત રવિપાકની વાવણી કરવા લાગ્યો છે. દસ વર્ષ કરતાં ચાલુ સિઝનમાં રવિપાકોનું વાવેતર વિલંબથી ચાલુ થયુ છે. કારણ કે દિવાળી બાદ પણ જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાયેલો રહેતા ખેડુતવર્ગ દ્વારા રવિપાકનું વાવેતર વિલંબથી શરૂ કર્યું છે. તેમ છતાં છેલ્લા એક સપ્તાહમાં જિલ્લામાં અલગ અલગ રવિપાકોનું ૬૮ હજાર હેક્ટરમાં વાવેતર પૂર્ણ થયું છે.

## દાંતામાં આગ ઓંકતા ...

**પાના નં.૮ ચાલુ**

ચાલતા ઈંટવાડા ઉદ્યોગ પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય માટે ખતર રૂપ બની રહ્યા છે. આ અંગે એવી ચોંકાવનારી હકીકત પ્રકાશમાં આવી છે કે ગરીબ ખેડુતોની મહામુલી ખેતીની જમીન મીઠાના ભાવે ખરીદી લઈ સર્વોચ્ચ અદાલતના હુકમને પણ કોરાણે મુકી દઈ ઈંટ માફિયાઓ રેતીની ચોરીથી માંડી સિંચાઈના વીજ કનેક્શનનો ઉપર કોમર્શિયલ ઉપયોગ કરી રહ્યા છે. સાથોસાથ અહી બે નંબર કોલસી અને લાખો ટન રેતીની ચોરી પણ થઈ રહ્યાની રાવ છે. જેમાં કયાંય ટીન નંબર કે સેલ ટેક્સ નંબર પણ ન હોવાનું બહાર આવેલ છે. ત્યારે વહીવટી તંત્રની તમામ પાંખોના અધિકારીઓ જાણે આ અંગે તંત્રએ મૌન ધારણ કરી લીધી છે. જે ભારે આશંકાઓ ઉપજાવી રહી છે. જેનાથી સરકારી તિજોરીમાં વર્ષે દહાડે કરોડો રૂપિયાની ખોટ વર્તાઈ રહી છે. ત્યારે આ ઈંટ માફિયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી આજુબાજુના ગામડાના લોકોની જનમાંગ ઉઠવા પામી છે. દાંતા પંથકમાં ધમધમી રહેલા ઈંટવાડામાં રોજ હજારો કિલો કોલસા ઠલવાઈ રહ્યો છે. જેના ઉપયોગથી પર્યાવરણને ભારે નુકશાન થઈ રહ્યું છે. સાથોસાથ આ કોલસો બે નંબરથી અહી ઠલવાતો હોવાથી ટેક્સ ચોરીની મોટી ગેરરીતિ બહાર આવે તેવી શક્યતાઓ છે. આ અંગે દાંતા ગ્રામ પંચાયતના ભૂતપૂર્વ સરપંચ અમરતભાઈ માજીરાણાએ જણાવેલ કે આખા દાંતા તાલુકામાં એક પણ ઈંટવાડાવાળા ગ્રામ પંચાયતોની મંજુરી લેતા નથી. એનો મતલબ કે ગ્રામ પંચાયતોના સત્તાધિકારોની કોઈ સાંઠગાંઠ છે કે શું તે પણ એ તપાસનો વિષય છે. વધુમાં જણાવેલ કે ઈંટવાડાથી પ્રદુષણને નુકશાન થાય છે. અને આજુબાજુના ખેતરના ખેડુતોને પાકમાં વ્યાપક પ્રમાણમાં નુકશાન થાય છે અને વધુમાં આગ દેખીને મુંગા પશુપંખી અન્ય વન્ય પ્રાણીઓને પણ જીવનના જોખમ હેઠળ તોળાવવું પડે છે. રીંછ જેવા અન્ય પ્રાણીઓને આગ દેખી ડુંગરો પરથી નીચે ઉતરી શકતા નથી. એના કારણે તેઓ પાણી પણ પી શકતા નથી અને તેના લીધે જંગલી પ્રાણીઓને મોતનો સામનો કરવો પડે છે અને ભુખના કારણે અકળાયેલા તરસ્યા પ્રાણી આગ દેખી ભાગદોડ કરી આજુબાજુના ગામડાઓમાં પ્રવેશ કરી લે છે અને મનુષ્યો પર ઘાતક હુમલા કરી મોતના મુખમાં ધકેલે છે તો અમુક લોકોને ઈજાઓ પહોંચાડે છે ત્યારે તંત્રએ આ ગેરકાયદેસર ઈંટવાડા બંધ કરાવવા જોઈએ. વધુમાં અમરતભાઈએ આક્ષેપ કર્યો હતો કે આ ઈંટવાડાવાળા મોટા રાજકીય વર્ગ ધરાવતા હોવાના લીધે તેઓ બેફામ રીતે ભય વગર ગેરકાયદેસર ઈંટવાળા બનાવી કાળો કારોબાર ચલાવે છે.

## શ્રધ્ધા અને સંસ્કાર...

**અનુસંધાન ૫ નું ચાલુ**

આ બાજુ રામગુપ્તના બંને છોકરાઓએ પણ બીજે ગામ જવાની તૈયારી કરી પણ રામગુપ્તે આવવાની ના કહી. તેણે કહ્યું, 'પુત્રો ! તમે જાઓ. હું તો અહીં જ રહીશ. મારે તમારી સાથે બીજા ગામ આવવું નથી.

બંને છોકરાએ કહ્યું : પિતાજી ! આપ અહીં કયાં રોકાશો ? લુંટારાઓ તો ઘરનાં તાળાં તોડીને ઘરમાં ઘુસી જાય છે. મળે તેટલા ધનની ચોરી કરીને પાછા જતા રહે છે. જો આપણા ઘરમાં તમને જોશે તો તમને મારી જ નાખશે અને તમે પણ અહીં એકલા જ છો. એ લોકો તો ઘણા હશે પિતાજી ! આપ જાણી જોઈને જોખમની ઝોળી શા માટે ઉપાડો છો ? અમારી સાથે ચાલો. .અહીં ન રહેવાય..તમારી વાત બરાબર છે અને હું કહું છું તે પણ બરાબર જ છે. હમણાં હું બે દિવસ ઘરમાં રહીશ નહીં. આપણા ઘરની સામે જે મોટો ઘાસનો ઢગલો છે તેમાં હું સંતાઈ જઈશ.

**મુનિ રાજસુંદર વિજય**

## સૌરભ...

**અનુસંધાન ૫ નું ચાલું**

કહેવાનો ભાવ એ હતો કે માણસ માટે બધુ સુનિશ્ચિત છે એમ માનીને ચાલવાની ટેવ છે અને સમયને બધુંજ અસ્થાયી છે એમ માની ચાલવાની ટેવ છે.

સમયને ઓળખી ન શકાય તો એની ઝાપટ વાગી વાગીને આપણે તુટી જઈએ છીએ. સમયને મુઠ્ઠી માં કેદ કરવાનો દાવો કરનારા માણસો એક દિવસ ખતમ થઈ જતા હોય છે.અને સમય ધીરેધીરે હાથમાંથી સરકીને ખડખડાટ બિહામણું હાસ્ય હસતો ચાલ્યો જાય છે.

''જો મૌકા પા કે ખોયેગા વો અશ્કો સે મુંહ ધોયેગા''

''ગયું ધન તે સોપડે,ગયા વળે છે વહાણ,ગત અવસર આવે નહી, ગયા ન આવે પ્રાણ''

A stitch time saves the nine.

સમયસર લેવાયેલ ટાંકો કપડાને નવ જગ્યાએથી ફાટતુ અટકાવે છે. સમયસર લીધેલો નિર્ણય કે કામ ઘણી તકલીફોમાંથી ઊગારે છે.

**બી.કે. નીતાબેન**

## આરાધના

**અનુસંધાન ૫ નું ચાલુ**

ગરમી ન લાગે તેથી કયાંક પંખા મુકીએ છીએ કયાંક ઠંડક માટે એસી ગોઠવીને ભગવાનની મૂર્તિમાં તાદાત્મ્ય કેળવીએ છીએ.

મનની મુંઝવણ, મુશ્કેલી કે દુ:ખદ પ્રસંગે તે મૂર્તિની સામે બેસીને બે હાથ જોડીને કરગરીએ છીએ અને કશુંક માગીએ છીએ આનાથી બીજું મોટું આશ્ચર્ય શું હોઈ શકે ?ભગવાને બનાવેલું આપણું શરીર એક પુતળું જ છે, મુર્તિ સ્વરૂપ જ છે. આપણી પાસે અન્ય માણસ કાંઈક માંગવા કે મદદ મેળવવા માર્ગદર્શન મેળવવા આવે ત્યારે જો આપણે મોંઢુ ફેરવી નાંખશું તો પછી આપણે બનાવેલા પેલા મૂર્તિ સ્વરૂપના ભગવાન પણ આપણાથી મોંઢુ ફેરવી લેશે માટે અન્યને મદદ કરવાની વૃત્તિ કેળવીએ તો આપણને પણ કોઈક મદદ કરશે. **નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## ચિંતન...

**અનુસંધાન ૫ નું ચાલું**

આશીર્વાદના આતંક રૂપે હોય જ છે ને આ બાબતથી આપ સૌ માહિતગાર છો. એટલે બહુ ચર્ચા કરવાની જરૂર નથી. હું તમારા હૃદય મનની લાગણી સમજી શકું છું કે આ બાબતે કંઈક હજુ ખુલીને લખું પરંતુ કયાંક આપણે પણ ? શિક્ષણ, ધર્મ, રાજકારણ, સમાજ, સંપ્રદાય, પરિવાર, કુટુંબ વિગેરે વિશે વિચારશે તો ઘણું બધું જાણવા મળશે. રાજકારણીઓ કારણ વગરના રાજકારણમાં તેમના સિવાયના મુદાઓને સાંકળીને લોકોમાં વાદ વિવાદનું વાવાઝોડું ફુંકે છે. જેનાથી ધર્મ સમાજ, પરિવાર, કુટુંબમાં તો વેરઝેરની ભાવના પ્રગટે છે તે શિક્ષણની ઘોર ખોદાય છે. જે તમે બહુ સારી રીતે જોઈ રહ્યા છો. કેટલાક હૃદય સ્પર્શી વાચકો પાંચ દાયકાની સફર વટાવી ચુકેલા છે તો કેટલાક બે દાયકાવાળા છે. તમામની ભાવના સમજી શકું છું એટલે જ તમારો અનહદ પ્રેમ મને આ કોલમને વધુ ચિંતનાત્મક બનાવતા પ્રેરે છે ને ? આપણે કોઈ ગ્રંથ બ્રંથની વાતો દંતકથા નહીં પણ આપણા હૃદય મનની જ વાતોને વાગોળવાની છે ને તેના થકી નાની ચિંતન ચિનગારી પ્રગટાવી દિવ્ય જયોત પ્રગટાવવી બહુ કઠીન કાર્ય છે છતાં તમારા બધાની લાગણી ભાવનાઓ સંકલ્પ સન્માનની આશા કયારેય રાખતા નથી ને આવું લખવા બોલવાવાળાઓને કયાંય એવોર્ડ, સન્માન મળતા નથી. લોક કાર્ય કરતા લોકોને એવોર્ડ સન્માનની બહુ જ અપેક્ષાઓ હોતી નથી. પ્રસન્ન થાઓ એનાથી જ સુખ શાંતિ એવોર્ડ સન્માન મળ્યો તેવી લાગણી અનુભવું છું. અચાનક તમારા પૈકીના કોઈનો ફોન આવે ત્યારે એવોર્ડ સન્માન મળ્યો છે તેવો આનંદ વ્યકત કરૂં છું ને કહું છું ફકત એ વખાણ સન્માન રૂપ નહીં હું પણ માનવી છું કયાંક ભુલચુક ચોક્કસ થતી હોય તો તે જણાવશો તો પણ આનંદ થશે. એટલે ખુલ્લા દિલથી મારા લેખના વખાણ કરો તેવા જ ખુલ્લા દિલથી મારી ભુલ કોઈ હોય તો પણ બતાવશો. બસ આજે આટલું જ અસ્તુ..

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## જીવનદર્શન..

**અનુસંધાન ૫ નું ચાલું**

નવા વર્ષે નવા સંબંધો કેળવી હસતાં હસતાં અને આનંદ વ્યકત કરતાં કરતાં સૌ છુટા પડયા. મહેસાણા જલારામ મંદિરની રામકથા ખુબ જ ઉત્સાહી અને પ્રેરણાદાયી માહોલમાં સંપન્ન થતાં સૌએ પૂજય જલારામ બાપા, જગતપિતા રામચંદ્રજી ભગવાન અને સૌ આયોજકો પ્રત્યે પણ આભારની લાગણી વ્યકત કરી.

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

---

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

## હેપ્પી બર્થ-ડે નિલેશ



પિતા : હસમુખભાઈ ચૌધરી
માતા : અતિયાબેન ચૌધરી
દાદા : ગીરધરભાઈ ચૌધરી
દાદી : અમથુબેન ચૌધરી
ભાઈ : ભરતભાઈ, ભાવેશભાઈ અને શામળભાઈ
મામા : પિયુષભાઈ ચૌધરી
ભાઈ - બહેન : વિકાસ, ક્રિશ, પ્રિન્સ, દિપ્તી
જન્મ તા: ૦૭/૧૧/૨૦૧૧ (ઉ.વ.૬)
ગામ : મકડાલા, તા.દિયોદર, જિ.બ.કાં.

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

## જન્મદિન મુબારક

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ...............ઉ.વ.
પરિચય: ......................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ..........................................

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## રાધનપુરમાં રામજી મંદિર ખાતે તુલસી-વિવાહ યોજાયા




રાધનપુર

રાધનપુરમાં દેવદિવાળી નિમિત્તે ખાખચોકસ્થિત રામજીમંદિરમાં તુલસીવિવાહ યોજાયા હતા,જેમાં તુલસી માતાજીનો ચઢાવાનો લાભ બિપીનભાઈ ઠક્કર પરિવારે લીધો હતો,આ પ્રસંગે ધર્મપ્રેમી શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો,જયારે શાસ્ત્રી પ્રકાશચંદ્ર શર્માએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તુલસી-વિવાહ સંપન્ન કરાવ્યા હતા.

## રાધનપુર તાલુકાના દેવમાં હિમજા માતાજીનો અન્ન-કૂટ ભરાયો




રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામમાં આવેલા ઐતિહાસિક હિમજા માતાજીના મંદિરમાં દેવ-દિવાળી પ્રસંગે માતાજીને અન્ન-કૂટ ધરાવવામાં આવ્યો હતો, આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહીને અન્ન-કૂટ અને માતાજીના દર્શનનો લાભ લીધો હતો,મંદિરના પૂજારી મૌલિકભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ માતાજીને દેવ-દિવાળીના પાવન અવસરે અન્ન-કૂટ ધરાવીને વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી, જેમાં ભાવિકજનોએ ઉલ્લાસભેર જોડાયા હતા.

## પાટણના અંબાજી મંદિરમાં સત્સંગ કાર્યક્રમ યોજાયો

પાટણ

પાટણમાં છીંડીયા દરવાજા પાસે આવેલા જુના અંબાજી માતાના મંદિરમાં ગત પુનમે સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો. શહેરના ભૂદેવો દ્વારા દર વર્ષે આ રીતનો કાર્યક્રમ યોજાય છે. જેમાં માતાજીનો સુંદર શણગાર કરી ૧૦૫ દિવાની આરતી કરવામાં આવે છે. મંદિરનો મુખ્ય દરવાજો સાંકડો પડતો હોઈ પાછળનો દરવાજો આ વખતે ખોલી નાંખવામાં આવતા દર્શનાર્થીઓને રાહત થઈ હતી. ભૂદેવો દ્વારા માતાજીની સ્તુતિ કર્યા બાદ પૂજા- અર્ચના કરવામાં આવી હતી.

## વિવિધ બજાર ભાવ

| | |
|---|---|
| **ડીસા** | |
| એરંડા | ૮૬૦-૮૬૨ |
| રાયડો | ૬૪૫-૬૬૩ |
| બાજરી | ૨૪૫-૨૯૪ |
| તલ | ૧૨૫૧-૧૩૦૦ |
| મગફળી | ૬૫૧-૮૨૧ |
| ઘઉં | ૩૧૫-૩૬૬ |
| તલ | ૧૨૬૧-૧૩૧૯ |
| મગ | ૭૧૧-૮૧૧ |
| અડદ | ૬૦૦-૮૦૦ |
| **પાલનપુર** | |
| એરંડા | ૮૩૦-૮૬૫ |
| રાયડો | ૬૪૧-૬૫૯ |
| ઘઉં | ૩૦૫-૩૫૭ |
| બાજરી | ૨૦૫-૨૪૭ |
| મગફળી | ૬૫૦-૮૨૫ |
| અડદ | ૬૮૦-૭૧૫ |
| મકાઈ | ૨૪૨-૨૫૧ |
| રાયડો | ૬૪૫-૬૭૫ |
| રાજગરો | ૭૭૫-૮૧૫ |
| **લાખણી** | |
| એરંડા | ૮૫૦-૮૬૫ |
| રાયડો | ૬૩૧-૬૬૭ |
| બાજરી | ૨૬૫-૨૭૧ |
| ર.બાજરી | ૨૭૫-૩૩૬ |
| ચીકુડી | ૬૫૧-૮૫૦ |
| ગવાર | ૬૬૦-૬૮૯ |
| રજકો | ૨૦૦૦-૨૩૫૦ |
| ચોળા | ૬૫૦ |
| તલ | ૧૩૦૦-૧૩૩૧ |
| કપાસ | ૮૮૫-૮૯૧ |
| **વાવ** | |
| રાયડો | ૬૭૧-૬૮૦ |
| જીરૂ | ૩૨૦૦-૩૪૭૬ |
| એરંડા | ૮૫૯-૮૬૨ |
| મગ | ૭૧૨-૮૫૦ |
| અડદ | ૭૫૦-૭૬૦ |
| ગવાર | ૬૭૫-૬૮૦ |
| તલ | ૧૧૫૦-૧૪૦૦ |
| અજમો | ૬૦૧-૧૦૨૫ |
| **થરાદ** | |
| રાયડો | ૬૭૦-૭૦૩ |
| એરંડા | ૮૫૪-૮૬૮ |
| મેથી | ૫૦૦-૬૨૫ |
| વરી. | ૧૧૨૦-૧૩૭૫ |
| ગવાર | ૬૮૫-૭૦૭ |
| મગ | ૬૦૦-૯૧૧ |
| બાજરી | ૨૫૪-૨૮૫ |
| ર.બાજરી | ૩૦૦-૩૪૦ |
| ઈસ. | ૧૭૦૦-૨૧૪૨ |
| જીરૂ | ૨૫૦૦-૩૫૯૧ |
| ચીકુડી | ૭૧૧-૮૨૧ |
| મઠ | ૫૫૯-૬૩૧ |
| મગફળી | ૬૫૦-૮૪૬ |
| **રાહ** | |
| રાયડો | ૬૫૦-૬૭૦ |
| એરંડા | ૮૪૫-૮૫૫ |
| ર.બાજરી | ૩૦૦-૩૩૦ |

| | |
|---|---|
| ચીકુડી | ૭૯૦-૮૧૫ |
| **સિદ્ધપુર** | |
| રાયડો | ૬૪૦-૬૭૩ |
| એરંડા | ૮૫૨-૮૭૭ |
| મગ | ૬૦૦-૭૦૦ |
| અડદ | ૬૫૦-૮૪૭ |
| ગવાર | ૬૫૦-૬૫૬ |
| ચોળા | ૪૨૧ |
| ઘઉં | ૩૧૮-૪૦૬ |
| બાજરી | ૨૦૭-૨૭૬ |
| કપાસ | ૮૦૦-૯૪૫ |
| **ધાનેરા** | |
| ઘઉં | ૨૯૦-૩૪૨ |
| બાજરી | ૨૨૭-૨૬૬ |
| મગ | ૭૫૬-૯૩૨ |
| ચોળા | ૬૦૦-૮૦૦ |
| ગવાર | ૬૩૧-૬૮૫ |
| બીજડા | ૧૧૬૪-૧૫૪૫ |
| મગફળી | ૫૫૦-૮૨૫ |
| રાયડો | ૬૪૦-૬૭૬ |
| એરંડા | ૮૪૦-૮૫૪ |
| ઈસ. | ૧૯૦૦ |
| જીરૂ | ૩૬૦૦ |
| તલ | ૧૧૫૦-૧૩૩૯ |
| મેથી | ૫૦૦-૫૨૮ |
| સુવા | ૬૯૦-૮૧૯ |
| રાજગરો | ૬૦૦-૭૦૧ |
| મઠ | ૬૬૫-૭૩૧ |
| રજકો | ૧૯૦૦ |
| અન્ય | ૭૭૫-૮૭૩ |
| **થરા** | |
| જીરૂ | ૩૧૦૦-૩૮૬૬ |
| એરંડા | ૮૬૨-૮૬૪ |
| રાયડો | ૬૫૫-૬૬૪ |
| ગવાર | ૬૫૦-૬૯૦ |
| ઘઉં | ૩૦૮-૩૩૦ |
| બાજરી | ૨૪૫-૨૬૧ |
| મગ | ૯૫૧-૯૬૦ |
| અડદ | ૬૬૦-૭૧૦ |
| રજકો | ૨૦૦૦-૨૨૬૦ |
| મગફળી | ૯૦૦ |
| **પાટણ** | |
| જીરૂ | ૨૦૦૦-૩૩૬૫ |
| વરી. | ૭૦૦-૧૨૨૧ |
| મેથી | ૪૦૨-૪૬૬ |
| સુવા | ૭૦૦-૮૩૧ |
| રાયડો | ૬૦૦-૬૮૮ |
| એરંડા | ૮૪૫-૮૭૮ |
| તલ | ૧૧૨૦-૧૩૮૧ |
| મગફળી | ૬૮૦-૭૭૦ |
| ઘઉં | ૩૧૩-૩૬૯ |
| બાજરી | ૨૧૫-૨૫૦ |
| બંટી | ૩૧૦-૩૪૦ |
| મગ | ૬૦૦-૭૭૧ |
| અડદ | ૬૦૦-૮૬૬ |
| ગવાર | ૬૫૦-૬૮૭ |
| કપાસ | ૮૭૦-૯૩૭ |

## હિંમતનગરમાં સાપાવાડા-કૂકડીયા પંથકમાંથી રૂ. ૨.૦૮ લાખનો દારૂ ઝડપાયો

ઇડર

સાબરકાંઠા એલસીબીએ શનિવારે વહેલી સવારે સાપાવાડા - કૂકડીયા પંથકમાં મળેલી બાતમીને આધારે ચાર વાહનો પૈકી બે વાહનો ઝડપી પાડ્યા હતા. બે શખસો બે વાહન અને રૂ.૨.૦૮ લાખનો દારૂ બીયરનો જથ્થો ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. મહેસાણાના બૂટલેગરો રાજસ્થાનથી દારૂ લઈને શનિવારે સવારે ઇડર – સાપાવાડા થઇ મહેસાણા તરફ જવાના છે તેવી બાતમીના આધારે એલસીબી પીઆઇ એમ.વી.પટેલના માર્ગદર્શન હેઠળ સાપાવાડા નજીક શનિવારે વહેલી સવારે એલસીબી પીએસઆઇ પી.પી. વાઘેલા, વિનોદભાઇ, મહેન્દ્ર ભાઇ, સલીમભાઇ, વિષ્ણુસિંહે વાહનો લઇ નાકાબંધી કરી હતી. સવારે આઠેક વાગ્યાના સુમારે ઝાયલો અને ઇકો કાર (નં. જી.જે-૦૨-સી.જી. ૩૮૦૩) આવી પહોંચી હતી પરંતુ પોલીસને જોઇ ભાગવા જતાં ઝાયલો રોડની સાઇડમાં ખાબકી હતી અને ઇકો ફરાર થઇ જતાં તેનો પીછો કર્યો હતો. ઇકો કારના ચાલકે રોડની સાઇડમાં ઉભા રહેલ બાઇક (નં જી.જે-૯-સી.ક્યું. ૮૫૪૨)ને ટક્કર મારી કચ્ચર ઘાણ કાઢી નાખ્યો હતો.

આ બે વાહનો સાથે અન્ય એક ઝાયલો અને સ્વીફ્ટ કાર પણ હતી. તેનો પણ પોલીસે પીછો કરતા ઇલેક્ટ્રીક પોલ પાડી દેતા પોલીસને અટકી જવું પડ્યું હતું.

એલસીબી ટીમે સુંદરલાલ હૂરજી મીણા તથા રવીન્દ્ર મણીલાલ ભગોરાની અટકાયત કરી રૂ.૨.૦૮ લાખનો દારૂ બીયર અને બે વાહનો મળી કુલ ૧૦.૦૮ લખનો મુદ્દામાલ કબ્જે લઇ સુનીલ કાવારામ ડામોર (રહે. ઉખેડા તા.ખેર વાડા) મુકેશ ચંદુભાઇ ખરાડી (રહે. ડાબાયચા રાજસ્થાન), સુરેશભાઇ (મહેસાણા) અને અન્ય એક અજાણ્યો શખસ વિરુદ્ધ ઇડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી.

## રાધનપુરમાં સ્કોર્પિયો ગાડીમાં ભેંસોની ચોરી થતી હોવાની ફરિયાદ

રાધનપુર

રાધનપુરમાં નર્મદા કોલોની પાછળ ગોપાલનગરમાં રહેતા જેસંગભાઈ માલુભાઈ ભરવાડ રવિવારે બપોરે એક વાગ્યાના સુમારે મહેસાણા હાઈવે રોડ ઉપર આવેલા કાનાસરા તળાવમાં પાણી પીવા માટે પોતાની ભેંસોને રાખી જમવા માટે ઘરે ગયેલ એ સમય દરમ્યાન અગાઉ તા.૩૧ ઓક્ટોબરના રોજ આ તળાવ પાસેથી ભરવાડ મઘાભાઈ ગણેશભાઈની એક ભેંસ ચોરાઈ હતી તેમના ભાઈભરવાડ શંકરભાઇ ગણેશભાઈ અને ભરવાડ શૈલેષભાઇ ભેમાભાઈ તેઓની ભેંસ શોધતા શોધતા આ તળાવ પાસે આવ્યા હતા,એ વખતે તેમની નજર એક સ્કોર્પિયો ગાડી ઉપર પડેલ, જે ગાડીમાં જેસંગભાઈની એક ભેંસ ચડાવી દીધી હતી,અને બીજી ભેંસ ચડાવવાની કોશિશ કરતા હતા ત્યાં આ લોકો જોઈ જતા અજાણી સ્કોર્પિયો ગાડીવાળાએ બંને ઉપર ગાડી નાખીને એક ભેંસ ભરેલી મહેસાણા તરફ ભગાવી દીધી હતી,તુરંત જ શૈલેષભાઇ ભરવાડે જેસંગભાઈને ફોન કરીને જાણ કરતા

તેઓ ત્યાં દોડી આવ્યા હતા, અને આવીને જોતા તેમની ભેંસો પૈકી રૂ.૬૦૦૦૦ ની કિંમતની એક ભેંસ ગાડીમાં ભરીને ભાગી ગયેલ હોવાની જાણ થતા શૈલેષભાઈએ સ્કોર્પિયોનો નંબર જી.જે. ૧૨ બી.એફ.૨૧૯૯ આપતા પોલીસમાં અજાણી સ્કોર્પિયો ગાડીના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, અગાઉ તા.૩૧ ઓક્ટોબરના રોજ રૂ.૬૦૦૦૦ ની કિંમતની મઘાભાઈ ભરવાની એક ભેંસ ચોરાઈ હતી એ આ જ ગાડીવાળોલઇ ગયો હોવાની પણ શંકા વ્યક્ત કરવામાં આવી હતી, આ બાબતે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જો કે ભરવાડ સમાજના લોકોએ પ્રાંત અધિકારીને સોમવારે આવેદનપત્ર આપીને પશુપાલકોના પશુઓની વારંવાર ચોરીઓ થતી હોવાથી કડક કાર્યવાહી કરવા રજુઆત કરી હતી,

વારંવાર પશુઓની ચોરી થતી હોવાથી ભરવાડ સમાજનો રોટલો છીનવાતો હોવાનું પણ જણાવ્યું હતું, આ પ્રસંગે ભીખાભાઇ ભરવાડ, નવઘણભાઇ ભરવાડ, જેસંગભાઈ ભરવાડ,શંકરભાઇ ભરવાડ સહીત સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### વિધાનસભા સામાન્ય ચૂંટણી -૨૦૧૭

## ચૂંટણી સંબંધી ફરિયાદ નિવારણ તથા હેલ્પલાઇન માટે ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૯૦૩૯ કાર્યરત

હિંમતનગર

જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નું મતદાન૧૪ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ યોજાનાર છે. વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ જિલ્લામાં મુક્ત અને ન્યાયી વાતાવરણમાં નિષ્પક્ષ થાય તે હેતુસર સમગ્ર ચૂંટણી પક્રિયા દરમિયાન દેખરેખ નિયત્રંટ તથા સંચાલન માટે જિલ્લાકક્ષાએ તેમજ વિધાનસભા મતદાર વિભાગકક્ષાએ નાગરીક/ મતદારો/ રાજકીય પક્ષો/ ઉમેદવારો ધ્વારા મળતી ફરીયાદોનોતવરીત નિકાલ થાય તે હેતુથી સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા મતવિભાગોની મામલતદાર કચેરીઓ તેમજ જિલ્લાકક્ષાએ ચૂંટણી પક્રિયાના નિયંત્રણ તેમજ પ્રત્યાયન માટે કંટ્રેલ રૂમ શરૂ કરવામાં આવેલ છે. જેમાં મતદારોને કોઇપણ જાતની મતદારયાદી/ ચૂંટણી સબંધી ફરીયાદ રજૂઆત હોયતો જિલ્લાકક્ષાનો ફરીયાદ કંટ્રોલરૂમનો ટોલ ફ્રી નંબર-૧૮૦૦-૨૩૩-૯૦૩૯ પર તેમજ રાજકીયપક્ષો/ઉમેદવારોનો ચૂંટણી ખર્ચ અંગે કોઇપણ જાતની રજૂઆત કે ફરીયાદ હોયતો ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયત્રાંણ અંગેના કંટ્રોલરૂમનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૦૮૯૦ છે. જેનો તમામ મતદારોને નોધ લેવા જણાવ્યું છે.

## કાર્તિકી પૂનમના મેળામાં શ્રદ્ધાળુઓનું ઘોડાપુર, નાગધારા કુંડમાં પવિત્ર સ્નાન કર્યું

શામળાજી

યાત્રાધામ શામળાજી ખાતે શુક્રવારથી કારતકી પૂર્ણિમાનાં મેળાનો પ્રારંભ થયો છે. ત્યારે આ મેળાના પ્રથમ દિવસ ચૌદસે ભગવાન શામળાજીના દર્શને માનવ મહેરામણ ઉમટ્યું હતું. હજારો ભક્તોએ નાગધારા કુંડમાં સ્નાન કર્યા બાદ ભગવાન શામળાજીના દર્શન કરી પોતાની માનતાઓ પુરી કરી હતી.

**શામળાજીના દર્શન માટે વહેલી સવારથી ભક્તો ઉમટયા**

યાત્રાધામ શામળાજી ખાતે ભરતા પરંપરાગત કાર્તકી પૂર્ણિમાના મેળાનો પ્રારંભ શુક્રવારથી થયો છે. આ મેળાના પ્રથમ દિવસ ચૌદસે ભગવાન શામળાજીના દર્શન માટે વહેલી સવારથી ભક્તો ઉમટયા હતા. જેના કારણે મંદિર પરિસરમાં વહેલી સવારથીજ ભક્તોની ભીડ જોવા મળી રહી હતી. જયારે આ મેળામાં મેશ્વોડેમની તળેટીમાં આવેલા નાગધરા કુંડમાં સ્નાન કરવાનું અનેરૂ મહત્વ હોવાથી ચૌદસે વહેલી સવારે તેમજ દિવસ દરમિયાન હજારો શ્રધ્ધાળુઓએ આસ્થાની પવિત્ર ડૂબકી મારી હતી.

## રાધનપુર તાલુકાના નાનાપુરામાં ભજન સંધ્યા યોજાઈ

રાધનપુર

રાધનપુર તાલુકાના નાનાપુરા ગામે સ્વ.અમરાભાઈ કાબાભાઈ રબારીની પુણ્યતિથિ નિમિત્તે ભજનસંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું,આ પ્રસંગે સંત-મેળાવડો અને બટુક ભોજન તથા તિથિભોજન રાખવામાં આવ્યું હતું,જેમાં ગોતરકાના સ્વામીજીની જગ્યાના ગાદીપતિ પૂજ્ય સ્વામીજી મહારાજ, સિનાડના નરેન્દ્ર બાપુ તેમજ લોકસાહિત્યકાર ચતુરદાન ગઢવીએ ઉપસ્થિત રહીને ભજનોની રમઝટ જમાવી હતી,ડો.રણછોડભાઈ રબારી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## હિંમતનગરમાંથી ધોરણ-૧૨ સા.પ્રની પરીક્ષા આપતો ડમી વિદ્યાર્થી ઝડપાયો

હિંમતનગર

ધો - ૧૨ સામાન્ય પ્રવાહની ચાલી રહેલી પૂરક પરીક્ષામાં મનોવિજ્ઞાનનું પેપર આપતા એક વિદ્યાર્થી પર સુપરવાઇઝરને શંકા ગયા બાદ સ્થળ સંચાલકને જાણ કરતાં ડમી વિદ્યાર્થીને પરીક્ષા આપતાં ઝડપી પાડવામાં આવ્યો હતો અને ડમી વિદ્યાર્થી પેપર લખીને બહાર આવે તેની રાહ જોઇ રહેલા અસલ વિદ્યાર્થીને પણ પકડી પાડી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે વિદ્યાર્થીની પૂછપરછ કરતાં તબીયત ખરાબ હોવાથી મિત્રને પેપર લાખવા મોકલ્યો હોવાના કહ્યું હતું.

ગત ૨૫મી ઓક્ટોબરથી ધો - ૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા શરૂ થઇ છે.શુક્રવારે ૩ થી ૬ વાગ્યાના સમયે મનોવિજ્ઞાનનું પેપર હતુ. શહેરની ગ્લોરીયસ હાઇસ્કૂલમાં પ્રથમ માળે બ્લોક નં-૨૦માં એક પરીક્ષાર્થીની રીસીપ્ટ ચેક કરતાં સુપરવાઇઝર યશવંતભાઇ ગોવિંદભાઇ પટેલને શંકા જતા તેમણે શાળાના પ્રિન્સીપાલ અને શાળા સંચાલક ભગવાનદાસ રેવાભાઇ પટેલને જાણ કરી હતી.

પરીક્ષાર્થીની રીસીપ્ટ ચેક કરી હતી અને હોલ ટિકીટ – પ્રવેશપત્ર ઉપર પરીક્ષાર્થી તરીકે ગોસ્વામી જીગ્નેશવન અતુલવનનું નામ લખેલ હતુ. અસલ રીસીપ્ટના ફોટાની ઝેરોક્ષમાં ચેહરાનો ભાગ અસ્પષ્ટ જણાયો હતો અને ડમી પરીક્ષાર્થી હોવાનું જણાતા તેનુ નામ પૂછતા ગભરાઇ ગયો હતો અને પોતાનુ નામ ઝાલા ઇન્દ્રવિજયસિંહ જગતસિંહ (રહે.આંતરોલી - દોલજી વાસ તા. તલોદ) હોવાનું જણાવ્યું હતું.

આ અંગે અસલ વિદ્યાર્થી જીગ્નેશવન ગોસ્વામી બાબતે પૂછતાં સ્કૂલ કેમ્પસની બહાર ઉભો રહેલ હોવાનું કહેતા તેને અંદર બોલાવી લઇ પૂછપરછ કરતા તબીયત સારી ન હોઇ મિત્ર ઇન્દ્રવિજયસિંહને મનોવિજ્ઞાનનું પેપર લખવા તૈયાર કર્યો હતો. બંનેની કબૂલાત બાદ ભગવાનદાસ રેવાભાઇ પટેલે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે જીગ્નેશવન ગોસ્વામી અને ઇન્દ્રવિજસિંહ ઝાલા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## પાટણ જિલ્લામાં ચૂંટણી ખર્ચ માટે રાજકીય પક્ષોને માર્ગદર્શિકા પૂરી પડાશે : જિલ્લા ચૂંટણી અધિકારી

પાટણ




વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવનાર ચૂંટણીલક્ષી નિયત ખર્ચ માટેની પક્ષીય પ્રતિનિધિઓની બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આનંદ પટેલે જણાવ્યું હતું કે, ચૂંટણી દરમિયાન ચૂંટણી માટે કરવામાં આવનાર ખર્ચ માટે ચૂંટણી પંચની નિયમાવલી રાજકીય પક્ષોઅને ઉમેદવારોને આપવામાં આવશે. ચૂંટણીમાં ખર્ચ માટેના એજન્ટની નિયુક્તિ રાજકીય પક્ષો કરી શકશે. દરેક ઉમેદવારે ચૂંટણી માટેનું અલગ બેંક ખાતુંખોલાવાનું રહેશે. ચૂંટણી માટેના નિયત રજીસ્ટરમાં ખર્ચની રોજેરોજની નોંધણી કરાવવાની રહેશે. પક્ષો દ્વારા નિભાવવામાં આવેલ રજિસ્ટરઅને ચૂંટણી શાખા દ્વારા ઉભા કરાયેલા ખર્ચ માટે શેડોરજીસ્ટર વચ્ચે તાલમેલ હોવો જરૂરી છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવાર કે તેમના અધિકૃત ખર્ચ એજન્ટે પ્રક્રિયા દરમિયાન કુલ ત્રણ વખત ખર્ચ રજુ કરવાના રહેશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ ઉમેર્યું કે જિલ્લામાં મતદાતા માર્ગદર્શિકા ચાર લાખ પરિવારોને આપવામાં આવનાર છે અને કલેક્ટર કચેરીની વેબસાઈટ પર સુવિધા પેજમાં ચૂંટણીલક્ષી માર્ગદર્શન અપલોડ કરવામાં આવ્યું છે.ચુંટણી ખર્ચ માટેના નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજગુરુએ પણ પક્ષીય પ્રતિનિધિઓને ચૂંટણીલક્ષી ખર્ચ અંગેનું માર્ગદર્શન આપતા જણાવ્યું કે, રૂ. ૨૦ હજારથી વધુની ચુકવણી ચેક મારફતે કરવાની રહેશે. ઉમેદવાર માટે રૂ. ૨૮ લાખની ચૂંટણી ખર્ચ મર્યાદા નિયત કરાઈ છે.

ચૂંટણીલક્ષી ખર્ચનું નિરંતર મોનીટરીંગ કરવામાં આવશે. તેમણે ખર્ચ માટેની નિયત રજીસ્ટરો વિભાગ-વાઇઝ નિભાવવાનું પણ સૂચન કર્યું હતું. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.જે.પટેલ અને જીલ્લા તિજોરી અધિકારી હર્ષદ પરમારે પણ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ચૂંટણી ખર્ચ માટેનું માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં વિવિધ પક્ષોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## મહેસાણા જિલ્લામાં ઉમેદવારોને ચૂંટણી ખર્ચ,આદર્શ આચાર સંહિતા, ફોર્મ ભરવાની પ્રક્રિયા સહિત વીવીપીએટીથી માહિતગાર કરાયા

મહેસાણા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંતર્ગત મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ચૂંટણી પ્રક્રિયા સમજ આપતો સેમીનાર શહેરના ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો હતો.જેમાં ચૂંટણી ખર્ચની સુચનાઓ,આદર્શ આચારસંહિતા ,ફોર્મ ભરવાની પ્રક્રિયા સહિત ચૂંટણી પ્રક્રિયામાં કાયદાકીય જોગવાઓ બાબતે રાજકીયપક્ષોના પ્રતિનિધિઓને માર્ગદર્શીત કર્યા હતા.

આ ઉપરાંત મતદારોને નાણાં અને પ્રલોભન આપવા બાબતે દંડની કાર્યવાહી,ચૂંટણીના હિસાબો નિભાવવા અને નિયત સમયમાં રજુ કરવા,વિધાનસભા બેઠક વાઇઝ રૂ.૨૮ લાખની ખર્ચની મર્યાદા,રૂ.૫૦ હજાર ઉપરાંત નાણાંના કેશમાં અને રૂ.૧૦ હજાર વસ્તુના કેસમાં પકડાયતો શંકાસ્પદ લાગેતો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી, રૂ. ૧૦ લાખના કેસમાં ઇંક્રમટેક્ષને જાણ સહિતની બાબતો પર માર્ગદર્શીત કરવામાં આવ્યા હતા.જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે જિલ્લામાં પાંચ ઇંક્રમટેક્ષ અધિકારીઓની ટીમ બનાવવામાં આવી છે.જે જિલ્લામાં અવૈધિક નાણાંની હેરફેર બાબતે તપાસ કરી અહેવાલ રજુ કરનાર છે.આ ઉપરાંત આદર્શ આચાર સંહિતા બાબતે વિગતે સમજ આપી હતી.જેમાં ૪૮ કલાક પહેલાં કરવાની થતી કાર્યવાહી, વ્યક્તિગત આક્ષેપો કરવા નહી, સમાજમાં વૈમન્ય વાતાવરણ ઉભું કરવું નહી સહિતની બાબતો પર સમજ આપી હતી આ ઉપરાંત ઉમેદવારે નોમીનેશન બાબતે સોગંદનામું , ફોર્મ ભરવા ની પ્રક્રિયા સહિત ની તમામ બાબતો પર સમજઆપવા માં આવી હતી.રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વીવીપી એટીનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતુ જેનો પક્ષોના પ્રતિનિધિઓએ સંતોષ માન્યો હતો.રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે યોજાયેલ સેમીનાર માં જિલ્લા ચૂંટણી અધિકારી એચ.કે.પટેલ,પ્રાન્ત અધિકારી મહેસાણા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારીએ ઉમેદવારોનેચૂંટણી ખર્ચ,આદર્શ આચાર સંહિતા, ફોર્મ ભરવાની પ્રક્રિયા સહિત વીવીપીએટીથી માહિતગાર કરાયા.

## પાટણમાં શીતળા માતાના મંદિર સામેનો રસ્તો પહોળો કરવા લોકમાંગ

પાટણ

પાટણ છીંડીયા દરવાજા બહાર ચાર રસ્તા પર આવેલા શીતળા માતાના મંદિર સામે જે જુનુ નેળીયું હતું અને બંને બાજુ ખેતરો હતા ત્યાં હાલમાં સોસાયટીઓ બની ગઈ છે આ નેળીયાના રસ્તેથી શ્રી સિધ્ધનાથ મહાદેવ અને ભેરવ દાદાના મંદિરે જવાય છે. જ્યાં દિવાળીના દિવસોમાં લોકમેળા ભરાય છે, હાલમાં તો આ બંને મંદિરો તરફના રસ્તા પર જે ખુલ્લી જગ્યા હતી ત્યાં દબાણો થઈ ગયા છે. કાચા પાકા મકાનો બની ગયા છે અને માર્ગો સાંકડા બની ગયા છે. સદર દબાણો થયા બાદ મેળામાં જવા માટેના રસ્તાઓ સાંકડા બની ગયા છે. આ દબાણો અંગે કોઈ તપાસ થઈ નથી. જે કાચા પાકા મકાનો છે તેમાં જીઈબી તરફથી લાઈટના જોડાણ પણ આપી દેવાયા છે. ખરેખર તો દબાણવાળા મકાનોમાં લાઈટ જોડાણ આપવામાં આવતું નથી. તેવો નિયમ હોવા છતાં તે નિયમનો ભંગ થઈ રહ્યો છે. ખાસ કરીને નેળીયાની બંને તરફના દબાણો દૂર કરી રસ્તો પહોળો કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.